શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળા; ગ્રન્થાંક નં. ૧૫

યોગનિષ્ઠ મુનિ મહારાજશ્રી બુદ્ધિસાગરજી કૃત

અધ્યાત્મ ભજન સંગ્રહ.

શેઠ ઝવેરચંદ ઇંદરજીની સહાયથી

પ્રગટ કર્ત્તા,

શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ.

ચંપાગલી—મુંબઇ

વીર સંવત ૨૪૩૭ વીક્રમ સંવત ૧૯૬૭.

કીંમત રૂ. ૦-૬-૦

શ્રી જૈન પ્રીન્ટીંગ વર્ક્સ લીમીટેડમાં શા. જેઠાલાલ
દલસુખરામે છાપ્યું ઠે. ખપાટીયા ચકલા સુરત.

પ્રસ્તાવના.

શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થ માળા પૈકી આ પંદરમો ગ્રન્થ વાંચકો આગળ રજુ થાય છે. આ ગ્રન્થ ભજન સંગ્રહના જુદા જુદા પાંચ ભાગો પૈકી માત્ર બે ભાગમાંથી અધ્યાત્મ પ્રકરણ એટલે અધ્યાત્મ વિષયના ભજનો (પદો) ના સંગ્રહ રૂપ છે. બીજાં બાકી રહેલ અધ્યાત્મિક ભજનો તેમજ વૈરાગ્ય, નીતિ, આદીનાં ભજનોનાં પુસ્તકો હવે પછી સમાજ આગળ રજુ કરવાનો ઈરાદો છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરજી કૃત ભજન સંગ્રહના ચાર ભાગ બાળબોધી લીપીમાં એક ભાગ (પાંચમો) ગુજરાતી લીપીમાં અને અમદાવાદ બોર્ડીંગ તરફથી પ્રથમ ભાગ ગુજરાતી લીપીમાં એમ ભજન પદના ગ્રન્થો બહાર પાડવામાં આવેલા છે જેમાંના ઘણા ભાગોની નકલો ખલાસ થવાથી; તેમજ આ ભજન પદો. માત્ર જનોના અર્થેજ ઉપયોગી નહી પણ હરકોઇ ધર્માનુયાયી મનુષ્ય માત્રને ઉપયોગી હોવાથી આ ગ્રન્થ આ રીતે ખાસ જુદોજ બહાર પાડવામાં આવ્યો છે.

આ ગ્રન્થના પ્રગટાર્થે માંગરોળવાલા શેઠ ઝવેરચંદ ઇંદરજીએ રૂ ૧૦૦)ની સહાય કરી છે. જે માટે તેઓને ધન્યવાદ ઘટે છે કેમકે સર્વોત્તમ માર્ગ જ્ઞાનમાર્ગ છે.

આ ગ્રન્થમાંના ભજનોની ઉત્તમતા, રસીકતા, અને બોધકતા બાબત અત્ર વિવેચન કરવાની આવશ્યકતા એટલા માટે વિચારી નથી કે હાથ કંકણને આરસીની શું જરૂર ?

ગુરૂવર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી રચિત આવા અનેક ગ્રન્થો બહાર પાડવાને દરેક રીતે શક્તિવાન રહીએ એવી શુભેચ્છા પૂર્વક અમે વીરમીએ છીએ.

ચંપાગલી–મુંબઈ
પોસ સુદ ૧ રવી
૨૪૩૭–ઇ. ૧૯૧૧

લી૦
અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ.

શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળા.

પ્રગટ થયેલ પુસ્તકો.

ગ્રન્થાંક ૦	भजन पद संग्रह भा० १ लो.	કી.	૦-૮-૦
,, ૧	અધ્યાત્મ વ્યાખ્યાનમાળા.	,,	૦-૮-૦
,, ૨	भजन पद संग्रह भा. २ जो.	,,	૦-૮-૦
,, ૩	,, ,, भाग ३ जो.	,,	૦-૮-૦
,, ૪	समाधि सतकम्	,,	૦-૮-૦
,, ૫	अनुभव पच्चिशी.	,,	૦-૮-૦
,, ૬	आत्मप्रदीप.	,,	૦-૮-૦
,, ૭	भजन संग्रह भाग. ४ थो	,,	૦-૮-૦
,, ૮	परमात्म दर्शन.	,,	૦-૧૨-૦
,, ૯	परमात्म ज्योति.	,,	૦-૧૨-૦
,, ૧૦	तत्वबिंदु.	,,	૦-૪-૦
૧૧	ગુણાનુરાગ.	,,	૦-૧-૦
૧૨-૧૩	ભજન સંગ્રહ ભા. ૫ મો તથા જ્ઞાનદિપીકા	,,	૦-૬-૦
૧૪	તીર્થ યાત્રાનું વીમાન	,,	૦-૧-૦
૧૫	અધ્યાત્મ ભજન સંગ્રહ.	,,	૦-૬-૦

પ્રગટ થયેલ ગ્રન્થો નીચલા સ્થલે વેચાણ મલશે.

અમદાવાદ-જૈન બોર્ડીંગ-ઠે. નાગોરીસરાહ

મુંબાઇ-પાયધુણી-મેસર્સ-મેઘજી હીરજી કં.

ચંપાગલી (પ્રગટકર્ત્તા શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ.)

યોગનિષ્ઠ મુનિમહારાજ શ્રી બુદ્ધિસાગરજી કૃત.

પદ સંગ્રહ (ભજન સંગ્રહ.)

અધ્યાત્મ પ્રકરણ.

પદ. મનશા માનસિનીએ જુવો ગોરખ—એ રાગ.

૧

નિર્ભય દેશનારે વાસી આતમ, પડે શું માયા જાળમાં,
અસંખ્યપ્રદેશી દેશ તારો, નિરાકાર ગુણવાનજી;
જરા મરણ નહીં દેશમાં તે, નિશ્ચલ સુખનું ઠાણ. નિર્ભય૦ ૧
રોગ શોગ વિયોગ નહી જ્યાં, મમતાને અભિમાનજી;
પ્રતિ પ્રદેશે સુખ અનંતુ, સમતા અમૃત પાન. નિર્ભય૦ ૨
જ્ઞાન ગુણથી દેશમાં નિજ, ભાસે સર્વે પદાર્થજી;
નિત્ય અવિચલ દેશ તારો, શુદ્ધ એ પરમાર્થ. નિર્ભય૦ ૩
જ્યોતિમાંહી જ્યોત પ્રગટે, કરતાં દેશનું ધ્યાનજી;
અનુભવવાશી આળજ્યોતો. આવ્યું નિજપદભાન. નિર્ભય ૪
ભમો શું માયા દેશમાં ભાઇ, નહીં જ્યાં સુખનો લેશજી;
બુદ્ધિસાગર ચેતી લ્યો ભાઈ. પામી અવસર બેશ. નિર્ભય. ૫

શ્રી શાંતિઃ । વિ ।૬૩

॥ પદ. ॥ રાગ ઉપરનો

૨

નિશ્ચય બ્રહ્મરૂપી તું સદા છે. શોધતો કયાં અન્યમાં:
ઉપાદાન કારણ થકી, ન હુ, ભિન્ન તું કો કાલમાં."
શુદ્ધ મારગ ઓળખીને, ઉલટ મારગ મા ચાલ. નિર્ભય. ૧

ઝાંઝવાના પાણી જેવી, જુઠી માયા જાલજી;
ભ્રમણામાં ભુલી વાલમ, ધુળી શિરમા ડાલ. નિર્ભય૦ ૨
સુરજ વાદળ વીંટીયો પણ, કદી નહીં બદલાયજી;
ધ્યાન વાયુ યોગે તારૂ. શુદ્ધ રૂપ પ્રગટાય. નિર્ભય૦ ૩
આપો આપ વિચાર હંસા, સોઽહં સોઽહં ધ્યાનજી;
બુદ્ધિસાગર આતમાસો, શુદ્ધ બુદ્ધ ભગવાન. નિર્ભય૦ ૪
ઇતિ શ્રી શાંતિ: શાંતિ: શાંતિ: વિદ્યાપુર.

પદ.

૩

સાધુભાઈ સમરસ અમૃત પીવો, જન્મ જરા મરણાદિક વારી
સાદિ અનંત સ્થીતિ જીવો. સાધુ૦ ૧
અસ્તિ નાસ્તિ સ્યાદ્વાદ સ્વરૂપી, અનેકાંત મત સમજો,
ગુણપર્યાય સ્વરૂપ વિચારી. આતમ દ્રવ્યે રમજો. સાધુ૦ ૨
પંચ દ્રવ્યથી ભિન્ન વિચારી. પર ઉપયોગ ન દિજે;
પક્ષાષ્ઠક સોઽહં પદ સમરો, અનહદ આનંદ લીજે. સાધુ૦ ૩
ચાર નિક્ષેપે ચરણ વિચારી. નિજ પદ સ્થિરતા કીજે;
ભય ચંચલતા પર આહુકતા, તેથી દુર રહીજે. સાધુ૦ ૪
પંકજ જલથી રહે જેમ ન્યારૂ, તેમ પર પુદ્ગલ ન્યારો;
અંતર દૃષ્ટિ સદા સ્થિરતામાં, સો પરમાતમ પ્યારો. સાધુ૦ ૫
નિર્મલ નિશ્ચય નિત્ય નિયામક, સાતનયે જેહ જાણે;
બુદ્ધિસાગર આતમરાયા, સો ચઢતે ગુણઠાણે. સાધુ૦ ૬
ઇતિશ્રી શાંતિ: વિજાપુર

પદ.

૪

અનુભવ આતમાની વાત કરતાં.લાહેરી સુખની આવશે;
રોગી નહીં તું ભોગી નહીં તું, જાડો નહીં તલભારજી;
દેહમાં વસીયો માયા રસીયો, અનુપયોગે ધાર. અનુભવ૦ ૧

તુજથી સહુ શોધાય વ્હાલા. આદિ નહીં તુજ અંતજી;
માયામાં મસ્તાન થઈ તું. લાખચોરાશી ભમંત. અનુભવ૦ ૨
પરસ્વભાવે ભાન ભુલી, ઠર્યો નહીં એક ઠામજી;
પાદ હેઠળ ઋદ્ધિ પરગટ, દેખે નહીં દુઃખ ધામ. અનુભવ ૩
દેવ સાહિબ રીઝીને તને, આપી નરની દેહજી;
સાધ્ય સિદ્ધિ સાધીલે તું, માગ્યા વરસ્યા મેહ. અનુભવ૦ ૪
સોઽહં સોઽહં ધ્યાન લાગે, જાગે આતમ જ્યોતજી;
બુદ્ધિસાગર ભાનુ પ્રગટે, થાય ભુવન ઉદ્યોત. અનુભવ. ૫

વિજાપુર

પદ.

૫

અલખ દેશમેં વાસ હમારા. માયાસે હમ્હે ન્યારા;
નિર્મલ જ્યોતિ નિરાકાર હમ. હરદમ હમ પ્રવકા તારા. અ૦ ૧
સુરતા સંગે ક્ષણ. ક્ષણ રહેણા, દુનીયાદારી દૂર કરણી;
સોઽહંજાપકા ધ્યાન લગાના, મોક્ષ મહાલકી નિસ્સરણી અ૦ ૨
પઢના ગણના સબહી જુઠા, જબ નહીં આતમ પિછાના;
વરવિના કયા જાન તમાસા, લુણબિન ભોજનકું ખાના અ૦ ૩
આતમજ્ઞાન વિના જન જાણો, જગમાં સઘળે અંધિઆરા;
સદ્ગુરૂસંગે આતમધ્યાને, ઘટ ભિંતરમે ઉજીઆરા. અલખ૦ ૪
સબસે ન્યારા સબ હમમાંહિ, જ્ઞાતા જ્ઞેયપણા ધારે;
બુદ્ધિસાગર ધન ધન જગમે, આપ તરે પરકું તારે. અલખ૦ ૫
ઇતિ શ્રી શાન્તિ: શાન્તિ: શાન્તિ: ॥ વિ ॥

પદ. દેખોભાઇ મહાવિકલ સંસારી—એ રાગ.

૬

અનુભવ આતમ વાતો કરીએ, સદ્ગુરૂ સંગે જ્ઞાન વિચારી;
પરપરિણતિ પરિહરીએ. અનુભવ૦ ૧

મારૂં તારૂં પરમાં માની, ભવ જલધિ કેમ તરીએ;
પ્રતિ પ્રદેશે કર્મ વર્ગણા. વાર અનંતિ વરીએ. અનુભવ૦ ૨
આચ્છાદિત આતમની ઋદ્ધિ, ભુંયો ભવજલ ફરીએ;
ઉત્પત્તિ સ્થિતિ વ્યયને વિચારી. અંતર દૃષ્ટિ ધરીએ. અનુભવ૦ ૩
નયનિક્ષેપે આતમ જાણી. કઠિન કર્મ નિર્જરીએ.
બુદ્ધિસાગર અચળ મહોદય. શાશ્વત શિવપદ વરીએ. અનુભવ૦ ૪

ઇતિ શ્રી શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥ વિ ॥

બોધપત્રમ્.

૭

નિર્મલ ક્ષાયિક ચેતના. ચિદાનન્દ ગુણધામ.
આતમસો પરમાતમા. અનન્ત ગુણ વિશ્રામ. ૧
સમય સમય નિજ રૂપમેં, શક્તિ અનન્ત સહાય,
વિણશે નહિ કો કાળમાં, ચિદ્દઘન ચેતન રાય. ૨
જ્ઞેય ત્રિકાલિક વસ્તુનુ, ભાસન નિજમાં થાય.
ઉત્પતિ સ્થિતિ વ્યય તણી. સત્તા નિજ વરતાય. ૩
શોધકે શોધે અન્યકાં, અસત્ ન ઉપજે ભાઈ,
ઉપાદાન પર કારકો, ઘટ ઘટમાં વર્તાઈ. ૪
ચિત્ત સ્થિર ઉપયોગતા, લાગે નિજપદ માંહ્ય.
અવર કોય ભાસે નહિ, નિશ્ચય ચરણ તે ત્યાંય. ૫
જ્ઞેયરૂપ ભાસે સહુ, જ્ઞાન ગુણનુ કાજ,
દર્પણમાં અવભાસતા, ઉદાસીનતા રાજ. ૬
ખાવે પીવે સહુ કરે, પણ તદ્રૂપ ન થાય,
ઉદયિક ભાવે ભોગ પણ, ભિન્નપણું વર્તાય. ૭
વિઘટે શ્રેણી વિકલ્પની, અથવા જો વર્તાય,
તોપણ તેથી ભિન્ન તે, ભેદ જ્ઞાન ત્યાં પાય. ૮
કરો કલ્પના કોટિ પણ, અગમ્ય નહિ કલ્પાય,
સોઽહં સોઽહં ધ્યાનથી, ભેદ ભાવ મીટ જાય. ૯
શાસ્ત્રો પણ સાક્ષી ભરે, જ્યાંથી પ્રગટ્યાં એહ,
સિદ્ધાચલ સમરો સદા, નિશ્ચય ગુણ ગણગેહ. ૧૦

અસંખ્ય પ્રદેશી આતમા, ધ્યાવો ગાવો ભાઇ,
અનુભવિએ ભોગવ્યું, એ પદ સ્થિરતા લાઇ. ૧૧
ક્ષણુ ક્ષણુ માંહિ સમરીએ, આત્મ સદાસુખદાય,
આતમરામે મન રમે, ઋદ્ધિ સબ પ્રગટાય. ૧૨
સદ્‌ગુરૂ સંગત હીનતા, બાહ્યાચાર પ્રધાન,
અન્તર દૃષ્ટિ શૂન્યતા, બહિરાતમ પદ સ્થાન. ૧૩
જેની જેવી યોગ્યતા, જાણે તેવું જીવ,
સમજી સત્ય સ્વરૂપમાં, રમજો ભવિ સદૈવ. ૧૪

શ્રી શાન્તિઃ ૩.

બોધપત્રમ્.

૮

બગડે તે સુધરે નહીં, સુધરે નહિ તે બગડે;
આપોઆપ સ્વભાવમાં, મૂરખ મનતો ઝગડે. ૧
શુદ્ધ સ્વરૂપી ચેતના, નિશ્ચય ભાવે ભળે,
આપોઆપ સ્વભાવમાં પરમાતમ પદ મળે. ૨
જેનું હશે તે ભોગવે સ્થિરતા એહવી જડે,
આપોઆપ સ્વભાવમાં પરપરિણતિ ત્યાં રડે. ૩
શુદ્ધબુદ્ધ અવિનાશિની શ્રદ્ધા શુદ્ધિ ઠરે,
બોલે ચાલે સહુ કરે, પણ નહિ મૂલથી ફરે. ૪
અમૃત આસ્વાદ્યા પછી, કોણ છાશે આભડે,
અનુભવ વાતો અટપટી, તે પાત્રતામાં પડે. ૫
અસ્તિ નાસ્તિ સત્તામયી, ધ્રુવ આતમ તે તું સમરે.
ભિન્ન નથી તેથી કદા, ફોગટ કયાં તું ફરે. ૬
ધ્રુવની તારી તેથી યારી, અનેકાન્તથી કરે,
ક્ષાયિક શુદ્ધ સ્વરૂપ પામી, અજરામર થઇ ઠરે. ૭
વસ્તુ તારી પાસ છે પણ, શોધતાં તે મળે,
સદ્‌ગુરૂના સંગ યોગે, મહેનત લેખે વળે. ૮

પદમ.

૯

માન માયાના કર નારારે, જરીજોને તપાસી તારી કાયા–એ રાગ
જરા જુઓ અન્તરમાં તપાસીરે, જ્યાં શોભેછે આત્મ પ્રકાશી;
જ્ઞાન રાજાને ક્રિયાછે દાસીરે, એક અવિનાશી ને એકછે વિનાશી.
જ્ઞાન યોદ્ધોને ક્રિયા છે કટારી, જ્ઞાન શાશ્વત પદવાસી;
જ્ઞાન દિવાકર ક્રિયા પતંગીયું, દૃષ્ટાન્ત વિશ્વવિલાસીરે જરા૦ ૧
વિના આત્મજ્ઞાન ક્રિયાએ ઘહેલો, દેખી આવતહે હાંસી,
સમજણ બિનશું કરશે બિચારા, ગળે દેછે પોતાને તે ફાંસીરે. જ. ૨
જ્ઞાની ગીતારથ શાસન ધોરી, જ્ઞાને સકળ સુખરાશી,
બુદ્ધિસાગર પદ જ્ઞાનીનાં સેવો, હું તોજ્ઞાનિને દઉછું શાબાશીરે જ. ૩
શ્રી શાન્તિ: ॥ પે ॥

આત્માનુભવ પદમ્.

૧૦

અરે જીવ શીદને કલ્પના કરે–એ રાગ.

અનુભવ આતમનો જો કરે, તદા તું અજરામર થઈ ફરે;
દેહ દેવળમાં ઉંધ્યા દેવને, ઘડી નહિ સુખ અરે;
સુરતા ઘંટે ઉંઘ ભાગે, જાગે દેવ દુઃખ હરે. તદાતું૦ ૧
ત્યાગે ન જળ જ્યું માછલું ભાઈ, તેમ ગુણ નિજ વરે;
અલખ અવિહડ આતમાની, દશા કબુ નહિ ફરે. તદા૦ ૨
પાર્શ્વમણિ સમ ધ્યાન તારૂં, સિધ્ધ બુધ્ધતા વરે;
પરમબ્રહ્મ સ્વરૂપ પામી, નામ રૂપ નહિ ધરે. તદા૦ ૩
ગાડીમાંહિ બેશીને ઝટ, ચાલજે નિજ ઘરે;
સારથી મનડું અશ્વ ઇન્દ્રિય, સાચવે સુખ સરે. તદા૦ ૪
છેલ્લી બાજી જીતી લે ભાઈ, માયાથી શીદ મરે;
બુદ્ધિસાગર ચેત ઝટપટ, ચેતના કરગરે. તદા૦ ૫
શ્રી શાન્તિ: ૩. વિદ્યાપુર.

સોવે સોવે સારી રૈન ગુમાઇ.

૧૧

પરઘર ભટકત સુખ ન સ્વામી, વિનતિ ધાર મુજ અંતર્યામી,
પરઘર—

કાલ અનાદિ ભટકયો વ્હાલમ, સ્વપ્નામાં પણ સુખ ન દીઠું,
અશુદ્ધ પરિણતિ કારજ એ સબ, ભ્રાન્તિથી મનમાને મીઠું. પ. ૧
કાળ અનાદિ પડયો નવી છુટે, નિર્મલ નિજધન ચોરો લુંટે,
આત્મિક સહજ સ્વભાવે પાવે, ચેતન શકિત સહજ વિખુટે. પ. ૨
ક્ષાયિક પન્ચક લબ્ધિ ભોગી, યોગી પણ તે સહજ અયોગી,
સ્થિતિ સાદિ અનન્ત વિલાસી, આવિર્ભાવે શુદ્ધ પ્રકાશી. પ. ૩
ધ્યાતાં નિર્મલ ધ્યાન પ્રભાવે, નિજ ઘર સાહિબ ક્ષણમાં આવે,
બુદ્ધિસાગર અવસર પાકર, ધ્યાનાનન્દી પદ નિજ ગાવે. પર. ૪

શ્રી શાન્તિ: ૩ ॥ વ ॥

પદ.

૧૨

અવધૂત અનુભવ પદ કોઇ રાગી, દૃષ્ટિ અન્તર જસ જાગી. અ.
જલ પંકજવત્ અન્તર ન્યારા, નિદ્રા સમ સંસારા;
હંસ ચન્ચુવત્ જડચેતનકું. ભિન્ન ભિન્ન કર ધાર્યા. અવ૦ ૧
પુદ્ગલ સુખમેં કબહુ ન રાચ, ઔદાયક ભાવે ભોગી;
ઉદાસીનતા પરિણામે તે, ભોગી નિજધન યોગી. અવ૦ ૨
ક્ષાયોપશમિક ભાવ મતિશ્રુત, જ્ઞાને ધ્યાન લગાવે;
આપહિ કર્ત્તા આપ અકર્ત્તા સ્થિરતાએ સુખ પાવે. અવ૦ ૩
કારક પટ્ ઘટ અન્તર શોધે. પરપરિણતિકું રોધે;
બુદ્ધિસાગર ચિન્મય ચેતન. પરમાતમ પદ બોધે. અવ૦ ૪

શ્રી શાન્તિ: ૩. ॥ લિ ॥

પદ.

૧૩

નહિ અલખ લખ્યા કબુ જાવેરે, કોઇ અનુભવી મનમાં ભાવે;
મન વાણી કાયાથી ન્યારા, નિરાકાર નિર્ધારા;
જાતિ લિંગ વચન નહિ જામે, સોહિ સાહિબ દિલપ્યારારે. કો. ૧
સ્યાદ્વાદ સત્તાએ પૂરા. કોઇ ન વાતે અધુરા;
કાયરસેં તે રહેવે દૂરા. પામે ચિદ્દઘન જનજે શૂરારે. કોઇ૦ ૨
ભેદ જ્ઞાન રવિ અન્તર પ્રગટે, મોહ તિમિર સહુ વિઘટે;
આતમ તે પરમાતમ રૂપે. ઇયળ ભૃંગ જયું ચટકેરે. કોઇ૦ ૩
સદ્ગુરૂ સંગે અમૃત પામી, રોગ શોગ સહુ વામી;
બુદ્ધિસાગર નિર્ભય ખેલે, ધ્યાને સદા નિર્નામીરે. કોઇ૦ ૪

શ્રી શાન્તિ: રૂ. ॥ વિ ॥

પદ

૧૪

સાધુ ભાઈ અલખ નિરંજન સોડહં;
પન્ચ ભૂતથી ન્યારા વર્તે, પૂછો અન્તર કોડહં. સાધુ૦ ૧
રૂપાતીત સ્વરૂપી પરગટ, રૂપારૂપ પ્રકાશી;
સહજ સ્વભાવે સમતા ધારી, અત્યાનંદ વિલાસી. સાધુ૦ ૨
સબ રૂદ્ધિ ઘટ અંતર તેરા, ખોજત મિટત અન્ધેરા;
અગમ પંથકા વાસી હંસા, શું માને જગ મેરા. સાધુ૦ ૩
અનેકકું એકમાંહિ સમાવી, સ્થિર દૃષ્ટિથી ધ્યાવે;
નિર્મલ નિર્ભય નિશ્ચય નિરખી, આપોઆપ સુહાવે. સાધુ૦ ૪
એક મિથ્યા તબ રૂબકું છાંડયા, દુર્ઘટ ઘાટ ઓળંઘી;
બુદ્ધિસાગર નિર્ભય ખેલે, સમતાનંદ તરંગી. સાધુ૦ ૫

॥ વિ ॥

પદ.

૧૫

સાધુભાઇ ધ્યાન સમાધિ વરીજે, આતમ સમાધિ પાકર પ્રેમે,
ભવ જલધિકું તરીજે. સાધુ૦ ૧
અસંખ્ય પ્રદેશી આપો આપે, સ્થિર ઉપયોગે ભાસે;
સ્વપ્નદશાસમ સંસારે તબ, મનકું કબહુ ન વાસે. સાધુ૦ ૨
બાહિર વાસકું ત્યાગી અન્તર, શુધ્ધ વાસમાં વસીએ;
અભેદ પ્રવૃત્તિ નિર્ભયરૂપે, કરતાં લેશ ન ખસીએ. સાધુ૦ ૩
અનુભવ દર્શન દૃષ્ટા પામી, વીર્યોલ્લાસ વિકાસો;
સહજ સ્વરૂપી રૂપારૂપી, જ્ઞાતાજ્ઞેય પ્રકાશો. સાધુ૦ ૪
જયાં લો અંતર તત્વ ન ધ્યાવે, ત્યાં લોં સુખ નહિ પાવે;
અંતર શોધી બોધી પદ નિજ, સત્યાનન્દ કહાવે. સાધુ૦ ૫
નામ યોગથી કાજ ન સીજે, યું સાહિબ કંયું રીઝે;
સદ્‌ગુરૂ સંગે રહીએ નિશદિન, અનુભવ પ્યાલા પીજે. સાધુ૦૬
ષડ્ દર્શનકા ઝગડા ભેદી, થાવે ચિદ્‌ઘન વેદી;
છેદી કર્માષ્ટકકા ઝગડા, કબહુ ન હોવત ખેદી. સાધુ૦ ૭
બુઝે પૂજે આતમ પદકું, ભોગી પણ તે અભોગી;
બુધ્ધિસાગર શિવપદ સાધે, જે નિશ્ચયથી યોગી. સાધુ૦ ૮
શ્રી શાંતિઃ ૩. ॥ ઇડર ॥

પદ.

૧૬

સાધુભાઈ સમય સુધારસ પીજે, અન્તર આતમ હીરો પરખી,
સુખકર તેહ ગ્રહીજે. સાધુ૦ ૧
શુધ્ધ સ્વરૂપે રૂપારૂપી, નિત્યાનિત્ય વિલાસી,
પર પુદ્‌ગલથી ન્યારો વર્તે, લોકાલોક પ્રકાશી. સાધુ૦ ૨.
અન્તર અખય ખંજાનો ભારી, વર્તે છે સુખકારી,
લક્ષ્ય લગાવી લેવો ભાઇ, સમજો નરને નારી. સાધુ૦ ૩

વેદક આતમ પણ નહિ વક્તા, અનુભવ અંતર ધારો,
એલે આતમ આપ સ્વભાવે, તો હોવે ભવપારો. સાધુ૦ ૪
જો સમજે તો સમજી લેને, મળીયું ઉત્તમ ટાણું,
જેવું ઉત્તમ ષડ્રસ ખાણું, તેવું શિવ વહુ આણું. સાધુ૦ ૫
નિજ પદવાસી તું વિશ્વાસી, હે તું ગુણગણ રાશિ,
બુદ્ધિસાગર આતમ ધ્યાને, ઝગમગ જયોત વિલાસી. સાધુ૦ ૬
(ઇડર)

પદ.

૧૭

એણીપેરે ધ્યાન ધરીજે; ઘટ અન્તર એણીપેરે ધ્યાન ધરીજેરે
હેજી.
મનકર વશમે ને તનકર કબજે, આતમરૂપ સમરીજેરે. હેજી;
આસન મારી આશા મારી, સમતાભાવ વરીજે. ઘટ૦ ૧
સ્થિર ઉપયોગ કરી ધ્યાવોનરમાંહિલા, ચિતપરમાં નવીદીજેરેહેજી
અસંખ્ય પ્રદેશી પરમાતમસો, પોતાનાપર રીજે. ઘટ૦ ૨
જિન કેમ દીન થાય ગ્રહું નિજપદતબ, ઝગમગજયોતિ જગાવેરે હેજી
બુદ્ધિસાગર નિર્ભય દેશી, સમજે તે નર પાવે. ઘટ૦ ૩
॥ શ્રી શાન્તિઃ ૩. ॥ (ઇડર)

પદ.

૧૮

એણીપેરે પ્રભુ સમરીજે, ઘટ અન્તર એણીપેરે પ્રભુ
સમરીજેરે હેજી.
ક્રોધ કપટ કજીઆથી અળગા, રાગ દ્વેષ દુર કીજેરે; હેજી;
ચિન્તવાળી પરમાંથી પ્રેમે,, અન્તર સુરતા દીજે. ઘટ૦ ૧
અલખ અરૂપી અજરામર હરદમ, સમરતાંદીલ ઉજીયારીરે, હેજી
ધ્યાન કરંતાં ત્રિભુવન સાહિબ. આપે શિવસુખ ભારી. ઘટ૦ ૨

અનુક્રમે યોગાભ્યાસ કરીને, જીવ શિવરૂપતા પાવેરે, હેજી,
બુદ્ધિસાગર સમજે તેને, ભવ ભ્રમણા દુર જાવે. ઘટ૦ 3
શાંન્તિ: ૩. (૯૯૨)

---

૫૬ (રાગ ધીરાની કાફીનો.)

૧૯

અનુભવી આવોરે, અનુભવ વાત કરો,
માયાની ભૂલ ભાગીરે, દેખાડો શિવ માર્ગ ખરો;
ચરમ નયણથી મારગ જોતાં, મારગ નાવે હાથ,
બાહિર નયણે મારગ જોતાં, ભૂલ્યો ત્રિભુવન નાથ.
માયાની મોજ માગીરે, તેને હવે અપહરો. અનુભવી૦ ૧
ભૂલ્યો ઝુલ્યો ભવમાં ભારે, ખરે દીવસ અંધાર,
અંધારે અથડાણો જયાં ત્યાં, લાખ ચોરાશી મજાર;
આડો અવળો દોડયોરે, વીનતડી દીલ ધરો, અનુભવી૦ ૨
ખાવું પીવું મન નવી ભાવે, સમજું તો પ્રણ મૂઢ,
મુજ મને કોઇ ન તુમ વિણ જાણે, એ અંતરનું ગુઢ;
ગપ્પા હાંકી ગાયોરે, કારજ મુજ કોન સર્યો. અનુભવી૦ ૩
જયાં ત્યાં જાઈ પૂછું તુજને, વીરલા જાણે તુજ,
તુજ વિણ મંદિર શુંનું લાગે, પાડે ન કોઈ જન સુજ;
કુગુરૂએ ઘેર્યોરે, અજ્ઞાને હું લડથડયો. અનુભવી૦ ૪
અનુભવીએ અનુભવ આપ્યો, અંતર નયણે દેખ,
બુદ્ધિસાગર અગમ પેન્થમાં, સરખા આતમ લેખ;
સદ્ગુરૂના સંગેરે, મુક્તિ સુખ સહેજે વરો. અનુભવી૦ ૫
પેથાપુર

૫૬

૨૦

અજ્ઞાની અથડાણારે, સત્ય નવી સમજી શકે;
પોતાની હઠ પકડીરે, મન માને તેવું બકે. અજ્ઞાની૦

સત્ય ન શોધ્યું અંતર નયણે, જડમાં માને ધર્મ;
ધર્મ મર્મનો ખ્યાલ કરે નહિ, બાંધે ઉલટાં કર્મ;
અંધારૂં અજવાળેરે, કહો કેમ ટકી શકે. અજ્ઞાની૦ ૧
જાનડીયા જેમ વર વિના તેમ, જ્ઞાની વિના ગ્રંથ;
નાક વિના જેમ મુખ ન શોભે, અનુભવી વિણ તેમ પંથ;
છીપ રૂપા જેવીરે, આગેથી જોતાં ચકચકે. અજ્ઞાની૦ ૨
આપમતિ ત્યાં યુકિત ખેંચી, મતની તાણાતાણ,
કરતા કર્મ વધારે લોકો, સાત નયોના અજાણ;
જ્ઞાનીની આગળ આવીરે, કહો કેમ કરી ટકે. અજ્ઞાની૦ ૩
ભૂલ્યો કહેતાં ભુલ ન ભાગે, પ્રગટે જો ઘટ જ્ઞાન,
ત્યારે ભમણા ભ્રાન્તિ ભાગે, આવે આતમ સાન;
બુદ્ધિસાગર બોધેરે, અંતર સૂર ઝગમગે. અજ્ઞાની૦ ૪

॥ પેથાપુર ॥

રાગ ઉપરનો—॥ પદ ॥

૨૧

જ્ઞાનીની સંગ સારીરે, સમજજો નરનારી,
જંગમ કલ્પ વલ્લિરે, જ્ઞાનની સંગ નિરધારી,
પત્થર પત્થર રત્ન ન હોવે, યુગે યુગે નહિ દેવ;
ઠામ ઠામ નહિ કલ્પવૃક્ષ ભાઈ, ત્યું જ્ઞાનિ ગુરૂ મેવ,
પાપ પલમાં કાપેરે, દેખાડે શિવપુર બારી. જ્ઞાની૦ ૧
ઘટમાં પરમાતમ દેખાડે, શાશ્વત સુખ ભંડાર,
અનુભવ જ્ઞાને સ્થિરતા આપે, ભય ચન્ચલતા વાર;
વાસના વિષ વારીરે, આપે પદ અનહારી. જ્ઞાની૦ ૨
પાર્શ્વમણિથી પણ ચઢીઆતા, જ્ઞાની સદ્‌ગુરૂ સન્ત,
અર્પે આતમ રૂપ બરોબર, કરી મિથ્યાત્વનો અંત;
મિથ્થા દેવ વારીરે, શુદ્ધ પદે ચિત્ત ઠારી. જ્ઞાની૦ ૩

મહાતીર્થ મહાદેવ મહેશ્વર, કરો જ્ઞાનિનો સંગ;
આપોઆપ સ્વરૂપે વર્તો, પામી અનુભવ રંગ;
બુદ્ધિસાગર બોધેરે, અંતર ઘટ ઉજિયારી. જ્ઞાની૦ ૪

(પેથાપુર)

પદ.

૨૨

તત્ત્વ.સ્વરૂપી અલખ બ્રહ્મ તું, પરમાતમ પરગટ પોતે;
ઘટમાં વશીયો માયાવશથી, જડમાં નિજને શું ગોતે. તત્ત્વ૦ ૧
અજરામર અવિનાશી અરૂપી, આંખ મીચકર અવધારો;
રટના અવિહડ પદની લાગે, તો હોવે ઘટ ઉજિયારો. તત્ત્વ૦ ૨
અવિચલ અસંખ્ય પ્રદેશી આતમ, ચિદ્‌ઘન ચેતન તું પ્યારો;
નિત્યાનિત્ય સ્વરૂપી જ્ઞાતા, અનેકાન્ત મત નિરધારો. તત્ત્વ૦ ૩
પરમેષ્ઠિમય પરગટ પોતે, સમજ સમજ આતમદેવા.
બુદ્ધિસાગર પ્રેમ.ભાવથી, કરવી તેની દીલ સેવા; તત્ત્વ૦ ૪

શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ (ઈડર ગુફા)

પદ.

૨૩ દેશા રાગ.

પ્રભુજી તુમ દર્શન સુખકારી, તુમ દર્શનથી આનંદ પ્રગટે,
જગજન મંગલકારી. પ્રભુજી૦ ૧
તપ જપ કિરિયા સંયમ સર્વે, તુમ દર્શનને માટે,
દાન ક્રિયા પણ તુજ અર્થે છે, મળતો નિજઘર વાટે, પ્રભુજી૦ ૨
અનુભવ વિણ કથની સહુ ફીકી, દર્શન અનુભવ યોગે,
ક્ષાયિક ભાવે શુધ્ધ સ્વભાવે, વર્તે નિજગુણ ભોગે. પ્રભુજી૦ ૩
દેશ વિદેશે ઘરમાં વનમાં, દર્શન નહિ પામીજે,
દર્શન દીઠે દૂર ન મુક્તિ, નિશ્ચયથી સમજીજે. પ્રભુજી૦ ૪

ચેતન દર્શન સ્પર્શન યોગે, આનંદ અમૃત મેવા,
બુધ્ધિસાગર સાચો સાહિબ, કીજે ભાવે સેવા. પ્રભુજી૦ ૫
શ્રી શાન્તિ: ૩-(અમદાવાદ)

અજપાજાપે સુરતા ચાલી—એ રાગ.

પદ

૨૪

સ્વપ્ના જેવી દુનીયાદારી, કદી ન તારી થાનારી;
દૃષ્ટિ ખોલકર દેખો હંસા, મિથ્યા સબ જગકી યારી. સ્વપ્ના. ૧
દર્પણમાં પ્રતિબિમ્બ નિહાળી, શ્વાન ભ્રાન્તિથી બહુ ભસ્યો
જુઠીમાયા જુઠી કાયા, ચેતન તેમાં બહુ ધસ્યો. સ્વપ્ના. ૨
નિજ છાયા કૂપજલમાં દેખી, કુદી કૂપે સિંહ પડયો;
પર પોતાનું માની ચેતન, ચાર ગતિમાં રડવડયો. સ્વપ્ના. ૩
છીપોમાં રૂપાની બુદ્ધિ, માની મૂરખ પસ્તાયો;
જડમાં સુખની બુદ્ધિ ધારી, જ્યાં ત્યાં ચેતન બહુ ધાયો. સ્વપ્ના ૪
કુટુમ્બ કબીલો મારો માની, કીધાં કર્મો બહુ ભારી;
અંતે તારૂ થશે ન કોઇ, સમજ સમજ મન સંસારી. સ્વપ્ના. ૫
જન્મ્યા તેતો જરૂર જાશે, અહીંથી અંતે પરવારી;
સમજ સમજ ચેતન મન મેરા, બુદ્ધિસાગર નિરધારી. સ્વપ્ના. ૬
[અમદાવાદ.]

॥ પદ. ॥ રાગ પૂર્વનો

૨૫

અલખ અગોચર નિર્ભય દેશી, સિધ્ધ સમોવડ તું ભારી;
અનુભવ અમૃત ભોગી હંસા, અકલગતિ ધ્રુવતા તારી. અલખ ૧
અસંખ્ય પ્રદેસે દૃષ્ટિ દેકર, શ્વાસોશ્વાસે ઘટજાગો;
સ્થિરતા સમતા લીનતા પામી, દૂરે પરપરિણતિ ત્યાગો. અલખ ૨
ભેદજ્ઞાનથી ભાવો ભવિકા, આતમ રત્નત્રયી સ્વામી;
અભેદ દૃષ્ટિ અંતર લક્ષી, થાવો શિવપદ સુખરામી. અલખ ૩

ભાગ્યદશા પૂરણ જસ હોવે, આતમ ધ્યાને મન લાગે;
બુદ્ધિસાગર ધન્ય નરા જગ, પ્રણુમો સન્તો દીલરાગે. અલખ ૪
(અમદાવાદ.)

રાગ પ્રભાતિ ચાલ.

૨૬

એસા સ્વરૂપ વિચારો હંસા, ગુરૂગમ શૈલી ધારીરે. એસા
પુદ્‌ગલ રૂપાદિકથી ન્યારો, નિર્મલ સ્ફટિક સમાનોરે;
નિજ સત્તા ત્રિહુકાલે અખણ્ડિત, કબહુ રહેનહિ છાનોરે. એસા ૧
ભેદ જ્ઞાન સૂર ઉદયે જાગી, આતમ ધંધે લાગોરે;
સ્થિર દૃષ્ટિ સત્તા નિજ ધ્યાવી, પર પરિણમતા ત્યાગોરે. એસા ૨
કર્મ બન્ધ રાગાદિક વારી, શકિત શુદ્ધ સમારીરે;
ઝીલો સમતા ગંગા જલમેં, પામી ધ્રુવકી તારીરે. એસા ૩
નિજગુણ રમતો રામ ભયો જબ, આતમરામ કહાયોરે;
બુદ્ધિસાગર શોધો ઘટમાં, નિજમાં નિજ પરખાયોરે. એસા ૪
(અમદાવાદ.)

પદ.

૨૭

જીવ તું શીદને કલ્પના કરે. એ રાગ.

પરમપદ પરખેતો સુખ મળે. અનાદિ દુઃખની ભ્રાન્તિ ટળે
શુદ્ધ રૂપે ભળે ચેતના, નિજધન નિજમાં મળે,
સાધ્ય લક્ષી આતમા થઇ, અકલ પણ નિજ કળે. પરમ ૧
ત્યાગી થઇને ત્યાગી લેતું, અવસર આવ્યો ફળે,
બુદ્ધિસાગર જાગતાં ઘટ, કર્મનું શું વળે. પરમ ૨
વિજાપુર.

પદ—રાગ મરાઠી સાખી.

૨૮

જાગો જોગી અલખ સ્વરૂપી, પૂર્ણાનન્દ વિલાસી;
નિજપદમાંહિ વાસ તુમારો, જ્ઞાતા જ્ઞેય પ્રકાશી,
એસો આતમરે, અવસર આવ્યો સારો,
જાગો જાગ તુંહિ મન પ્યારો—એસો૦ ૧
ચિદ્‌ઘન શુદ્ધ સ્વરૂપે સોહે, મુનિજનનાં મન મોહે;
દિનમણિ ત્રણ ભુવનમાં તું છે, પોતે પોતાને બોહે. એસો૦ ૨
અન્તર ધન પરખીલે તારૂં, સારામાં જે સારૂં.
તન્મય વિશ્વાસી થા તેનો, પ્યારામાં જે પ્યારૂ. એસો૦ ૩
ભૂલી દુનીયાના ડહાપણને, વળજે એની વાટે;
ઉંઘીસ નહિ તું અગમ પન્થમાં, માલ છે માથા સાટે. એ૦ ૪
હાથે નહિં તે સાથે કરવું, અદ્‌ભુત એહ તમાસા;
પામ્યા અનન્તા પામે તેને, તે પદના તું પ્યાસા. એસો૦ ૫
ચિન્તામણિ નિર્ધનના હાથે, તેતો કબહુ ન ચડશે;
માનો મનમાં જેતે આવ્યું, પરભવ માલુમ પડશે. એસો૦ ૬
ચઉટામાં મીસરી વેરાણી, કીડી કળાથી ખાવે;
કુંજર તેને ગ્રહી શકે નહિ, યોગ્યતાએ સહુ પાવે. એસો૦ ૭
જેના માથે સદ્‌ગુરૂ નહિ છે, નગુરા ભટકે ભારે;
બુદ્ધિસાગર આતમ ઉજાગર, સદ્‌ગુરૂ તરે ને તારે. એસો૦ ૮

પેથાપુર.

પદ.

નાથ કૈસેગજકો બંધ છુડાયો—એ રાગ.

૨૯

પરમ પ્રભુ ઘટ અંતરમાં ભાવો, ગાવો ધ્યાવો વધાવો. પરમ.
પિંડ. પરમાતમ વસીયા તસ, પૂજા શુદ્ધ રચાવો;
સમતા જલથી પ્રક્ષાલો વિભુ, તન્મય ત્યાં થઇ જાવો. પરમ. ૧

ભાવ દયા ચંદનથી અર્ચો, સદ્ગુણ પુષ્પ ચઢાવો;
ક્ષાયીક સમકિત ધૂપ કરો વળી, જ્ઞાન દીપક પ્રગટાવો. પરમ. ૨
ક્ષાયીક ચરણનો સ્વસ્તિક કરીએ, અનુભવ નૈવેદ્ય ધરીએ,
આવિર્ભાવે આત્મિક ગુણફળ, ધરતાં મંગળ વરીએ. પરમ. ૩
સામગ્રી પૂજનની પામી, પૂજો અંતરયામી,
પૂજક પૂજ્યપણું પ્રગટાવી, હોવે ચિદ્ઘન સ્વામી. પરમ૦ ૪
ગુણસ્થાનક ચોથું પામીને, લ્યો પૂજનનો લ્હાવો,
બુદ્ધિસાગર પૂજન અર્થે, ન મળે અવસર આવો. પરમ૦ ૫

ઇતિ શ્રી શાંતિ: શાંતિ: શાંતિ:

[અમદાવાદ.]

પદ.

૩૦

તારો આતમરાય મહાશય તારો આતમરાય,
કાદવમાં મણિ ખરડાયો છે, સ્વચ્છ કરો ચિત્તલાય; મહા૦
આતમ હીરો ઝળકે જ્યોતે, જોજ્યો ઘટની માંય. મહા૦ ૧
સત્ય સનાતન સુખનો દાતા, આપોઆપ કહાય; મહા૦
જેની શક્તિ પાર વિનાની, સાધનથી તે સધાય. મહાશય૦ ૨
જગદીશ્વર જગનાથ જયોજગ, જ્ઞાન થકી પરખાય; મહા૦
જેની સેવા અમૃત મેવા, જન્મ જરા દુર જાય. મહાશય૦ ૩
ગુણ પર્યાયનો ધારક ભાજન, સમયે સમયે થાય; મહા૦
પરમાતમ તે, નિશ્ચય નયથી, ધ્યાવે તો સુખ પાય. મહા૦ ૪
વ્યવહારે શુદ્ધ વર્તે તદર્થે, ક્ષણ ક્ષણમાંહિ સદાય, મહા૦
કારણે કાર્ય મહોદય સિદ્ધિ, બુદ્ધિસાગર ગુણ ગાય. મહા૦ ૪

શાંતિ: શાંતિ: શાંતિ:

પેથાપુર.

પદ.

૩૧

॥ સમતાએ આત્માને આપેલો ઉપાલમ્ભ ॥

સુગુણ સનેહા સ્વામિ મહેલે પધારો.
વિનતડી અવધારો. કૃપાળુ, મહેલે પધારો.
શેરીએ શેરીએ સ્વામી ફુલડાં બીછાવું,
તોરણ નવીન રચાવું, કૃપાળુ૦ ૧
વ્રત નિયમ કરી શરીર શોષાવું.
લુખાં અલુણાં ધાન્ય ખાવું. કૃપાળુ.
તારા માટે હું તો તીરથ કરતી.
ફાવે તે ડુંગર ફરતી. કૃપાળુ૦ ૨
દીવાની થઈને મેં તો દુનિયામાં ખોળ્યા,
માયાના દરિયા ડોળ્યા, કૃપાળુ.
પીપળાને પાણી મેં તો પ્રેમથી રેડ્યાં.
ઋષિયોને પ્રેમથી તેડ્યા, કૃપાળુ૦ ૩
માલાના મણકા હું તો નિશદિન ગણતી,
ગ્રન્થોને પ્રેમથી હું ભણતી. કૃપાળુ,
ત્યાગી થઈનેરે મેં તો ચીવર ત્યાગ્યાં.
ભીક્ષાનાં ભોજન માગ્યાં. કૃપાળુ૦ ૪
વનવાસી થઈને મેં વાઘાંબર પેહેર્યું.
ચિન્તાએ મન મારૂં ઘેર્યું. કૃપાળુ.
જ્યાં ત્યાં જાવું હું ત્યાં તો શુન્યજ ભાસે,
દુઃખ હું કહું કોની પાસે. કૃપાળુ૦ ૫
લાખ ચોરાશી જીવયોની હું ભમતી.
જન્મ જરા દુઃખ ખમતી, કૃપાળુ,
ચાર ગતિમાં મારી લાજ લુંટાણી.

દુઃખોયેં જ્યાં ત્યાં તાણી. કૃપાળુ૦ ૬
મારી વ્હારે કોણ ચઢશે પ્રીતમજી,
બોલ્યામાં રાખું હવે શરમ શી, કૃપાળુ;
મોટાના ઘરની મારી લાજ લુંટાય,
તેમા ફજેતી તારી થાય. કૃપાળુ૦ ૭
ઘરણી વીના તમે વેશ્યાના સંગી.
એકું ખાઈને થયા ભંગી. કૃપાળુ;
વિષયના પ્યાલા અમી માનીને પીધા,
વેશ્યાએ હાલ બે કીધા. કૃપાળુ૦ ૮
સમજો છો સમજણ છેલ્લામાં છેલ્લી,
ગઈ વેળા ન આવે વહેલી, કૃપાળુ;
નાનો બાલુડો નથી પારણે સુતો,
જેથી સમજતો નથી હું તો. કૃપાળુ૦ ૯
વાંક ગુન્હો શો મારોરે આવ્યો,
વૈરી વેશ્યાએ ભમાવ્યો. કૃપાળુ,
સુખ અનન્તુ ઘરમાં ન દીઠું,
વિષ્ટાએ ભુંડ મન મીઠું. કૃપાળુ. ૧૦
વેશ્યા તો નારી કદી થાશે ન તારી
વૈરિણી દુઃખ દેશે ભારી, કૃપાળુ,
મુખે મીઠી ને મન રાખે છે કાતી,
ફોલી ખાધી તારી છાતી. કૃપાળુ૦ ૧૧
ઘણું કહેતાંરે મને આંસુડાં આવે,
શરમ તને શીદ નાવે. કૃપાળુ;
કહો તો સ્વામિજી હું વૈરાગણ હોઉં,
કહો તો નિશદિન રોઉં. કૃપાળુ૦ ૧૨
નિર્દય થઈ તમે સામું ન જુવો.
પોતાની પત તેમાં ખુવો. કૃપાળુ;

આવી કુલવટ તમે કયાંથીરે રાખી,
કયા ભગતે તે ભાખી. કૃપાળુ૦ ૧૩
દુષ્ટચોરોએ તમને પકડીને લુંટયા,
કષ્ટ આપીને ખૂબ કૂટયા, કૃપાળુ;
જાગીને જુઓ જરા આંખ ઉઘાડી,
દૃષ્ટિના દોષ દૂર કાઢી. કૃપાળુ૦ ૧૪
પાયે પડીને એમ વિનતિ કરૂં છું,
ધ્યાન સદા હું ધરૂં છું, કૃપાળુ;
બોલો બોલો ને હવે ઉત્તર આપો,
ચરણ કમલમાં થાપો. કૃપાળુ૦ ૧૫
ભાન લાવીને હવે સ્વામિજી બોલે,
પ્રેમથી અન્તર ખોલે—

સુગુણી મારી તે મારી.

કાળ અનંતો મેં ફોગટ ગાળ્યો,
ભાવી ટળે નહિ ટાળ્યો. સુગુણી૦ ૧૬
આડે મારગે પ્રાણપતિ પધારે,
વ્હાલી સ્ત્રી તેને વારે. સુગુણી;
આજે તેં તારી સેવા બજાવી,
ફરજ સતીની બજાવી. સુગુણી૦ ૧૭
વેશ્યાનો સંગ હવે કરૂ ન શાણી,
સંગત બુરી મેં જાણી. સુગુણી;
સમતાના સંગે એમ સ્વામિજી આવ્યા,
તત્વ રમણતામાં ફાવ્યા. સુગુણી૦ ૧૮
ગુણ ઠાણે ચોથે સ્વામિજી ચડીયા,
વેશ્યાના હાથ હેઠે પડિયા—

અન્તરમાં જુઓ વિચારી,

ભેદ દૃષ્ટિ થઇ ભિન્નતા ઓથી.
લીધું સત્યજ ઘટ શોધી, અન્તરમાં. ૧૯
ક્ષાયિક ભાવે નિજ ઘરને તપાસી,
જ્ઞાનથી કીધું પ્રકાશી. અન્તરમાં.
ક્ષાપક શ્રેણિએ મહેલે ચડંતા,
ક્ષાયિક લબ્ધિ વરંતા. અન્તરમાં. ૨૦
શંકિત વ્યક્તિ ઘટ અન્તર જાગી,
સુખ વિલસે મહાભાગી. અન્તરમાં;
પુદ્ગલ સંગ નિવારી સમયમાં,
તન્મય રૂપ શુદ્ધ વયમાં. અન્તરમાં. ૨૧
આતમ નર નરનારી સમતા સંયોગ,
ભોગવે સાશ્વત ભોગ. અન્તરમાં;
મળીયો સમય લેખે એમજ આવે,
બુદ્ધિસાગર શિવ દાવે. અન્તરમાં. ૨૨

પેથાપુર.

પદ

૩૨

ચેતન અનુભવ રંગ રમીજે, આગમ દોહન અનુભવ અમૃત.
યોગી અનુભવ રીજે;
અનુભવ અમૃત વલ્લિ સરખો, અનુભવ કેવલ ભાઇ,
અનુભવ શાશ્વત સુખ સહોદર, ધ્યાનતનુજ સુખદાઇ. ચે. ૧
અનુપમ અનુભવ વર્ણન કરવા, કો ન સમર્થ કહાવે;
વચનાગોચર સહજ સ્વરૂપી, અનુભવ કોઇક પાવે. ચેતન. ૨
અનુભવ હેતુ તપ જપ કિરિયા, અનુભવ નાત ન જાતિ,
નય નિક્ષેપાથી તે ન્યારો, કર્મ હણે ઘનઘાતિ ચેતન. ૩

વીરલા અનુભવ રસ આસ્વાદે, આતમ ધ્યાને યોગી,
આતમ અનુભવવિણુ જે લોકો, શિવ સાધે તે ઢોંગી. ચે. ૪
અનુભવ યોગે આતમ દર્શન, પામી લહત ખુમારી,
બુદ્ધિસાગર સાચી વ્હાલી, અનુભવ મિત્તસુયારી. ચેતન. ૫

અમદાવાદ.

પદ.

૩૩

ચેતન આપ સ્વભાવ વિચારો, આપ સ્વભાવે ક્ષાયિક તૃપ્તિ;
આવે ભવજલધિ આરો–ચેતન૦ ૧
જ્ઞાનામૃતનું પાનજ કરીએ, પર પરિણતિકું નીવારી-
શુદ્ધચરણ ભોજનથી તૃપ્તિ, થાશે શિવસુખકારી. ચેતન૦ ૨
આત્મગુણોથી તૃપ્તિ સાચી, જ્ઞાનીજન એમ ભાખે;
આતમધ્યાન કરે જો કોઇ, તે ઘટ અન્તર ચાખે. ચેતન૦ ૩
પુદ્ગલથી પુદ્ગલને તૃપ્તિ, આતમ આપ સ્વભાવે;
અનુભવ યોગે સ્થિરતા સંગે. તૃપ્તિ જન કોઇ પાવે. ચેતન૦ ૪
સ્વપ્ન સરિખી મિથ્યા તૃપ્તિ. સંસારે જન જાણો;
ભ્રાન્તિ નિવારક જ્ઞાનિઘટમાં, તૃપ્તિ વાત પિછાનો. ચેતન૦ ૫
મધુ સાકર ઘૃતથી જે તૃપ્તિ. જ્ઞાનિ મન તે ખોટી.
આતમ શુદ્ધ સ્વભાવે રમતાં, તૃપ્તિ છે જગ મોટી. ચેતન૦ ૬
ઇન્દ્રાદિક પણ વિષય વિકારે, તૃપ્તિ કદીય ન પાવે;
આપ સ્વભાવે ધ્યાન દશામાં, તૃપ્તિ સહેજે થાવે. ચેતન૦ ૭
આતમધ્યાની નિસ્પૃહયોગી, મમતા સંગ નિવારી;
ભિક્ષુક સુખીયા જગમાં સાચા, તસ જાઉં બલિહારી. ચેતન૦ ૮
નિર્ભય નિજ દેશે છે તૃપ્તિ, એમ વદતિ જિન વાણી,
બુદ્ધિસાગર અવસર પાકર, તૃપ્તિ લહો ગુણ ખાણી. ચેતન૦ ૯

અમદાવાદ.

પદ.

૩૪

જ્ઞાની વીરલા કોઇ જગતમાં, જ્ઞાની વીરલા કોઈ,
વહુ વિચારી જોઇ—જગતમાં-જ્ઞાની૦

કોઇ ભાષા જ્ઞાનથીરે, ધરતા મન અહંકાર;
ભાષા કારણ જ્ઞાનનુંરે, નાવે ભાષા પાર. જગતમાં૦ ૧
વાદવિવાદે માનતારે, કોઇક સાચું જ્ઞાન;
પરપરિણતિ પોષ્યાથકીરે. વાધે ઉલટું માન. જગતમાં૦ ૨
રાગ દ્વેષનો ક્ષય કરીરે. અર્પે આતમ ભાન.
પૂરણ શાન્તિ જેહથીરે. જાણો સત્ય તે જ્ઞાન. જગતમાં૦ ૩
આતમ અનુભવ જ્ઞાનથીરે, નાસે ભવભય ફંદ,
બુદ્ધિસાગર પામતારે. જ્ઞાની પૂર્ણાનન્દ. જગતમાં૦ ૪

અમદાવાદ.

પદ.

૩૫

શાન્તિ સદા સુખદાયી. જગતમાં શાન્તિ સદા સુખદાયી.
સેવો ચિત્તમાં ધ્યાયી—જગતમાં-શાન્તિ.

ભવ જંજાળે ભટકતાંરે. શાન્તિ હોય ન લેશ.
મન ચન્ચલતા ત્યાં હુવેરે, ઉલટો વાધે કલેશ. જગતમાં. ૧
સત્તા ધન વૃદ્ધિ થકીરે, હોય ઉપાધિ જોર.
ચિત્ત સ્થિરતા નહિ ભજેરે. પ્રગટે દીલમાં તોર. જગતમાં. ૨
દુનીયાની ખટપટ થકીરે. ખટપટીયું મન થાય.
મનડું ભટકે બાહ્યમાં તો. બહિરાતમ પદ પાય. જગતમાં. ૩
લેશ વિકલ્પ ન ઉપજેરે. અન્તર વર્તે ધ્યાન,
ઉપાધિ અળગી હુવેરે, હોવે શાન્તિ ભાન. જગતમાં. ૪

ખારા જળના પાનથીરે, કદી ન તૃપ્તિ થાય,
ધુમાડા બાચક ભરેરે, હાથ કશું નહિ આય. જગતમાં. ૫
માયા મમતા યોગથીરે, કદી ન શાન્તિ હોય;
શાન્તિ વર્તે આત્મમાંરે, નિશ્ચયથી અવલોય. જગતમાં. ૬
આતમ ધ્યાને આતમારે, શાન્તિથી ભરપૂર;
બુદ્ધિસાગર શાંતિમાંરે, હોય સદા મગરૂર. જગતમાં૦ ૭

અમદાવાદ.

પદ

૩૬

કોઇ ન કરશો પ્રીત, ચતુરનર કોઇ ન કરશો પ્રીત;
પ્રીત વસે ત્યાં ભીતિ, ચતુર નર કોઇ ન કરશો પ્રીત.
પ્રીતિ ભવ દુઃખ મૂળ છેરે, પ્રીતિનું ફળ શોક;
પ્રીતિ કરતાં પ્રાણીનેરે, વાધે રોગ વિયોગ. ચતુર. ૧
સ્વારથમાં અન્ધા બનીરે, પ્રીત કરે નરનાર;
પર પુદ્‌ગલની લાલચેરે, વૃદ્ધિ કરે સંસાર. ચતુર. ૨
સ્વારથની જે પ્રીતડીરે, તેનો અંતે નાશ;
અનુભવીએ દાખવ્યુંરે, ધર તેનો વિશ્વાસ. ચતુર. ૩
મૂરખ સાથે પ્રીતડીરે, કરતાં નિશદીન દુઃખ;
પંડિત સાથે પ્રીતડીરે, કરતાં નિશદીન સુખ. ચતુર. ૪
આતમ તે પરમાતમારે, પ્રીતિ છે તસ સાચ;
મણિસમ આતમ પ્રીતડીરે, પરપ્રીતિ જ્યું કાચ. ચતુર. ૫
ધર્મ સ્નેહને સાચવીરે, કરીએ સજ્જન સંગ;
યોગ્ય જનો લહી યોગ્યતારે, પામે અનુભવ રંગ. ચતુર. ૬
અનુભવ રંગ મજીઠ જ્યુંરે, આતમમાંહિ સુહાય;
બુદ્ધિસાગર હંસ જ્યુંરે, ચન્ચુ વીરલા પાય. ચતુર. ૭

ભેદજ્ઞાન દૃષ્ટિ જગેરે, જાણે આતમ રૂપ;
આતમમાં આનંદ છેરે, ટાળે ભવભય ધુપ. ચતુર૦ ૫
જ્ઞાની જ્ઞાન થકી લહેરે, શાશ્વત સત્યાનંદ,
યોગી આતમ સમાધિમાંરે, પાવે આનંદ કંદ. ચતુર૦ ૬
આનંદ અનુભવ યોગથીરે, પ્રગટે ઘટમાં ભાઇ,
સદ્ગુરૂ સગત આપશેરે. જ્ઞાનાનંદ વધાઇ. ચતુર૦ ૭
સદ્ગુરૂ હાટે પામશોરે, આનંદ અમૃત મેવ;
બુદ્ધિસાગર કીજીએરે, પ્રેમે સાચી સેવ. ચતુર. ૮

અમદાવાદ દ, ભ, વં,

પદ.

૩૮.

અમરપદ પરખી લેજોરે. પરખ્યાથી સુખ થાય. અમર૦
કોઇક રાચ્યા માનમાંરે. કોઇક રાચ્યા દામ;
પરભવ જાતાં પ્રાણીનેરે. કોઇ ન આવે કામ. અમર૦ ૧
ગાડી વાડી લાડીમાંરે. જીવો ભૂલ્યા ભાન;
વિષ્ઠાના કીડા પરેરે, પરવસ્તુ ગુલતાન. અમર૦ ૨
દુઃખ સન્તતિ દાવાનલેરે. કદી ન શાન્તિ થાય;
નિજપદ જાણે જે નરારે, સાચી શાન્તિ તે પાય, અમર૦ ૩
મનવચ કાયા યોગનીરે. નિવૃત્તિ જબ થાય;
અધ્યાતમ સુખ સંપજેરે. જન્મ મરણ દુઃખ જાય. અમર૦ ૪
સમતા સ્થિરતા સંપજેરે, અનુભવ જાગે જ્યોત;
વર્તે નિજપર ભિન્નતારે, થાય ભુવન ઉદ્યોત. અમર૦ ૫
વિષય વાસના પરિહરીરે, કરતાં આતમ ધ્યાન;
અજર અમરપદ ભોગવેરે, ચેતન ગુણની ખાણ. અમર૦ ૬

જ્ઞાનિ સદ્ગુરૂ સંગતેરે, હોવે આત્મ પ્રકાશ;
બુદ્ધિસાગર કીજીએરે. સન્તની સંગત ખાસ. અમર૦ ૭
અમદાવાદ દ. ભ. વં.
પાદરા

પદ.

૩૯

સદા સુખકારી પ્યારીરે. સમતા ગુણ ભણ્ડાર—સદા૦
જ્ઞાન દશાફળ જાણીએરે, તપ જપ લેખે માન,
સમતા વિણ સાધુપણુંરે, કાસકુસુમ ઉપમાન. સદા૦ ૧
વેદ પઢો આગમ પઢોરે. ગીતા પઢો કુરાન,
સમતા વિણ શોભે નહિરે, સમજો ચતુરસુજાણ. સદા૦ ૨
નિશ્ચય સાધન આત્મનુંરે, સમતા યોગ વખાણ.
અધ્યાતમ યોગી થવારે, સમતા પ્રશસ્ય પ્રમાણ. સદા૦ ૩
સમતા વિણ સ્થિરતા નહિરે. સ્થિરતા લીનતા કાજ,
સમતા દુઃખહરણી સદારે. સમતા ગુણ શિરતાજ. સદા૦ ૪
પરપરિણતિ ત્યાગી મુનિરે. સમતામાં લયલીન.
નરપતિ સુરપતિ સાહિબારે. તસ આગળ છે દીન. સદા૦ ૫
રાચી નિજપદ ધ્યાનથીરે. સેવો સમતા સાર.
બુદ્ધિસાગર બીજીએરે. સમતામૃત ગુણકાર. સદા૦ ૬
અમદાવાદ. દ. ભ. વં,

॥ પ્રભાતીયું ॥

૪૦

ઉઠોને ચેતન આળસ છંડી. ધર્મ હૃદયમાં ધારોરે;
પ્રમાદ શું પોઢયો ચેતન, જાય ફોગટ અવતારોરે. ઉઠો. ૧

નિદ્રા લેતાં કાળ અનંતો, ચાર ગતિમાં ભમીયોરે;
તોપણ શું તું તેના વશ થઇ, શય્યામાંહિ રમીયોરે. ઉઠો. ૨
નિદ્રાને આહાર વધાર્યાં, વધતાં ચેતન જાણુરે,
તેહનો નાશ કરીને ચેતન, ધર્મ હૃદયમાં આણુરે. ઉઠો. ૩
શું સંસારમાં સાર વિચારી. મારૂ મારૂ કરતોરે,
મૃત્યુ તણા ભય માથે ગાજે. છાયા મીશે ફરતોરે. ઉઠો. ૪
કર્મ કાઠીયા આતમ ધનને, નિશદિન લુંટે પ્રાણીરે,
જાગ જાગ આતમ નિજ ભાવે, એવી જિનવર વાણીરે. ઉઠો. ૫
ઉઠી પ્રભાતે પાપારંભનાં. કામ નિવારણ કરજોરે,
ચોવીસ જિનવર સકલ તીર્થને, ઘટમાંહિ ભવિ ધરજોરે. ઉઠો. ૬
શ્રી સંખેશ્વર સાહિબ મોરા, નામ જપું હું તોરારે,
સકલ મંગલ કર્ત્તા દુઃખ હર્તા. નાસે કર્મ કઠોરારે. ઉઠો. ૭
દાન શીયલ તપ ભાવના ભેદે. ધર્મ સેવન જે કરશેરે,
બુદ્ધિસાગર શાશ્વત શિવપદ. ભવસાગર ઝટ તરશેરે. ઉઠો. ૮

પદ.

૪૧.

હમારો દેશ છે ન્યારો. પ્રભુ પ્રેમ જણાવાનો:
હમારા દેશમાં શાંતિ. અલખ નામે ગણાવાનો. ૧
હમારો તે તમારોછે, તમારો તે હમારો છે;
સમજતાં સહુ સુખી થાવે. જઈ દેશમાં ફરી નાવે. ૨
હમારા દેશમાં યોગી. અલખની ધુન લગાવે છે;
હમારા દેશમાં સંતો, અલખનાં ગાન ગાવે છે. ૩
નહિ જયાં શોક નહિ ત્યાં રોગ. નહિ જયાં જન્મને જાતિ;
નહિ જયાં દુઃખ દિલગીરી. નહિ જયાં વર્ણને જ્ઞાતિ, ૪
સદા જયાં યોગીઓ જાગે, નહિ કોઇ વૈખરી બોલે;
નહિ જયાં કર્મનું નામ, અતુલ ધન શુક્ષ્મ કો તોલે, ૫

અખંડ સુખની વહે ધારા. સદા શુદ્ધ બુદ્ધ નિરધારા;
લહે દેશ તે મહારાણા. અવર સહુ જાણ નાદાના. ૬
નહિ પન્ચ ભૂતકા વાસા. હમારા દેશ બહુ ખાસા;
હમારો દેશ જે જાણે, અનંતાં સુખ તે માણે. ૭
અલખ દેશી અવિનાશી. પરમપદ એજ વિશ્વાસી;
ચલો હંસા અલખ દેશે, અરૂપી આત્મના વેશે. ૮
સદા તસ ધ્યાનમાં રહેજે. અખંડાનંદ ઘટ લેજે;
બુદ્ધયબ્ધિ આત્મનો સંગી. હમારા દેશ ગુણરંગી. ૯

અમદાવાદ.

પદ.

૬૨

કોઇક વીરલા પાવેહો જગમેં. અધ્યાતમ રસ ભાવે;
કોઇક ગાવે કોઇક ધ્યાવે. વીરલા કોઇ પચાવેહો. જગમેં૦ ૧
સિંહણ કેરૂં દુગ્ધજ પાત્ર. સોનાનામાં ઠરશે;
ખાય બીલાડી ખીરનું ભોજન. વમન તે વારે કરશેહો. જ૦ ૨
વિષ્ટા કેરૂ ભોજન રાસભ. પેટ ભરીને ચરશે;
સાકર સ્વાદ તે શું સમજે. પ્રાણ પલકમાં હરશેહો. જગમેં૦ ૩
માતા કેરો ચારો દેખી, કાગ ચાંચ નવિ ધરશે;
ચક્રવર્તિની ખીરજ ખાતાં. નિર્ધન ઠામ ન ઠરસેહો. જગમેં૦ ૪
પાત્રતામાં અધ્યાતમરસ, ઠામ ધરીને ઠરશે;
બુદ્ધિસાગર આતમ ધ્યાને, વંછીત સઘળાં સરશેહો; જગમેં૦ ૫

મહેસાણા.

પદ.

૪૩

અલખ નિરંજન આતમ જ્યોતિ, સંતો તેહનું ધ્યાન ધરો;
આરે કાયા ઘટ આતમ હીરો, ભુલી કયાં
ભવમાંહી ફરો અલ૦ ૧
ધ્યાન ધારણા આતમ પદની, કરતાં ભ્રમણા મીટ જાવે,
આત્મતત્ત્વની શ્રદ્ધા હોવે, અનહદ આનંદ મન થાવે. અલ૦ ૨
વિષયારસ વિષ સરખો લાગે, ચેન પડે નહીં સંસારે;
જીવન મરણ પણ સરખું લાગે, આતમ પદ ચિન્હે ત્યારે,
અલ૦ ૩
હલકો નહીં ભારે એ આતમ, કેવળ જ્ઞાન તણો દરીયો;
બુદ્ધિસાગર પામંતાં, તે ભવસાગર ક્ષણમાં તરીયો. અલ૦ ૪
મહેસાણા.

પદ.

૪૪

અંતરના અજ્ઞાનેરે, વ્હાલા દુઃખ પાય છે.
નિરંજન સેવેરે કડાકૂટ જાય છે;
કયાંથી આવ્યોને કયાં જાઈસ, શાથી જગ જન્માય,
તારૂં કોણને છે તું કોનો, મરીને કયાં તું જાય,
અંતરના વિચારેરે, સમજણ સહાય છે. અંતર૦ ૧
ડહાપણ તારૂં શું દુનીયામાં. જુઠી સ્વાર્થ સગાઈ,
ભલા ભલાપણ મૂકી ચાલ્યા, આવે ન સાથે કાંઇ,
જલમાંના પરપોટારે, જેવી એહ કાય છે. અંતર૦ ૨
જગની માયા દુઃખની છાયા, કર નહિ ત્યાં વિશ્રામ,
ફળ કિમ્પાકના સરખું સુખ ત્યાં, કેવલ દુઃખનું ધામ,
જોઇને તમે જોજોરે, ભોળા જન ભરમાય છે. અંતર૦ ૩

વન્ધ્યાને સ્વપ્નાની અંદર, સારો પુત્ર જણાય,
પરણાવ્યો ચોરીની અંદર, મનમાં સુખ બહુ પાય,
મરી ગયો રોતીરે, મૂર્છા બહુ ખાય છે. અંતર૦ ૪
રૂવે પીટે માથું પછાડે, આંખો ઉઘડી જાય,
પુત્ર કલ્પના સુખ દુઃખ ખોટું, બુદ્ધિસાગર ગાય,
દુનીયા ઉંધી ચાલેરે, શું ત્યાં કો ઉપાય છે. અંતર૦ ૫

મેહેસાણા.

પદ.

૪૫

નેવાનું પાણી મોભેરે, વ્હાલા ચાલ્યું જાય છે,
દુનીયા મન અવળુંરે, સવળું સંત ગાય છે.
જાવું ત્યાં તો કોઈ ન જાવે, કરવું તે ન કરાય,
જાણવું તે તો રહીયું બાકી, રાતને દીન ગણાય.
મોહ દારૂ પીધેરે, ભાન તો ભૂલાય છે. નેવાનું૦ ૧
રાજાને તો રંક ગણીને, કરી નહીં સારવાર,
રંકને રાજા માની બેઠો, ધિક પડ્યો અવતાર,
અન્તર ધન ખોયુંરે, મોટો એ અન્યાય છે. નેવાનું૦ ૨
લોહ ચણાનું ભક્ષણ કરવું, જેવું એ મુશ્કેલ,
તેવું આત્મસ્વરૂપે થાવું, નથી બાળકનો ખેલ.
કોઇક જીવ સમજેરે, બુદ્ધિસાગર ગાય છે. નેવાનું૦ ૩

મેહેસાણા.

પદ.

૪૬

આપ સ્વભાવમાંરે, અબધુ સદા મગનમેં રહેના—એ રાગ.
આતમ ધ્યાનથીરે, સન્તો સદા સ્વરૂપે રહેવું,
કર્માધીન છે સૌ સંસારી, કોઇને કાંઈ ન કહેવું. આતમ૦ ૧

કોઇ જન નાચે કોઇ જન રૂવે, કોઈ જન યુદ્ધ કરંતા;
કોઈ જન જન્મે કોઇજન ખેલે, દેશાટન કોઇ ફરતા. આ૦ ૨
વેલુ પીલી તેલની આશા. મૂરખ જન મનરાખે;
બાવળીયો લાવીને આંબા, કેરી રસ શું ચાખે. આતમ૦ ૩
વૈરી ઉપર વૈર ન કીજે. રાગીથી નહિ રાગ;
સમભાવે સૌ જનને નીરખે. તો શિવ સુખનો લાગ. આ૦ ૪
જુઠી જગની પુદ્ગલ બાજી. ત્યાં શું રહીએ રાજી;
તન ધન યૌવન સાથ ન આવે, આવે ન માતપિતાજી. આ૦ ૫
લક્ષ્મી સત્તાથી શું થાવે, મનમાં જોજો વિચારી;
એકદીન ઉઠી જાવું અન્તે. દુનીયા સૌ વિસારી. આતમ૦ ૬
ભલા ભલા પણ ઉઠી ચાલ્યા. જોને કેઇક ચાલે;
બીલાડીની ફ્હાળે ચઢીયા. ઉંદરડો શું મ્હાલે. આતમ૦ ૭
કાળઝપાટો સૌને વાગે. યોગિજન જગ જાગે;
બુદ્ધિસાગર આત્મ અર્થી, રહેજો સૌ વૈરાગ્યે. આતમ૦ ૮

શ્રી શાંન્તિ:

મેહેસાણા.

પદ

૪૭

રાગ ઉપરનો.

તારૂ નામ ન રૂપ લખાય, અલખ પરમાતમા.
તારી શક્તિ અનંત કહાય અલખ૦
જ્ઞાનાદિક તુજ સંપદારે. કર્માચ્છાદિત થાય;
પરભાવ રંગી ચેતનારે. કર્મ ગ્રહણકો ઉપાય. અલખ૦ ૧
ધુમાડા બાચક ભરેરે, હાથ કશું નહિ આય;
પર પોતાનું માનતાંરે. જન્મ મરણ દુ:ખ પાય. અલખ૦ ૨

દેખે તે તારૂ નહીંરે, તાહરૂ તાહરી પાસ;
પોતાને રંક માનીનેરે, કયાં કર તું પર આશ. અલખ૦ ૩
કાલ અનંતો ઉંધીયોરે, મિથ્યા રયણી મઝાર;
સદ્ગુરૂએ ઉઠાડીયોરે, સફલ થયો અવતાર. અલખ૦ ૪
વિનય ભકિત કરૂણા ગ્રહીરે, ભાવ અપૂર્વ ગ્રહાય;
ચિદ્દઘન સંગે ખેલતાંરે, કર્મ કલંક કટાય. અલખ૦ ૫
શુદ્ધ સ્વરૂપી ચેતનારે, દો ભેદે વર્તાય;
દેહાતીત થઈ આતમારે, જયોતિ જ્યોત મિલાય. અલખ૦ ૬
શુદ્ધ સ્વરૂપે આતમારે, સત્તાએ સહુ હોય;
બુદ્ધિસાગર ધ્યાવતાંરે, આપ સ્વરૂપે જોય. અલખ૦ ૭

મેહસાણા.

પદ

૪૮

અહો દૈવની ગતિ. સહુ પ્રાણીને થઇ ભારી;
ઘડીમાં કરે પલકમાં હરે, દીવો વાયુથી જુવો જયું ફરે. અ૦ ૧
જેના નાદથી સહુ નાસે, જેની જયોતથી સહુ ભાસે;
અવસ્થા એક તે ના ધરે, ગતિ દૈવની ગમે તે કરે. અ૦ ૨
જેના શૌર્યથી સહુ બીના, જેની કાન્તિમાં સહુ લીના;
ભૂલ્યા ભૂલથી ભલી બાજી, ગતિ દૈવની રહિ ગાજી. અ૦ ૩
જેની હાકથી સહુ બીતા, ભણ્યા ભાવથી ભલી ગીતા;
જેવી કર્મની ગતિ તેવા, રૂવે કે મરે જમે મેવા. અહો૦ ૪
અવસ્થા સદા વિચિત્રા સહુ. જુઓ રામની કથા શું કહુ;
જુઓ કૌરવો બહુ ફુલ્યા, પ્યારી પ્રાણ ધન સહુ ડુલ્યા. અ૦ ૫
પલકમાં તાપ પલકમાં છાય, અવસ્થા એક કદી ના જાય;
ધરી માન શું ભૂલે ભાન, ચેતી ચિત્તમાં ધરો ધ્યાન. અહો૦ ૭
સજી સાધનો ધરો ધ્યાન, બુદ્ધિ આત્મના કરો ગાન;
અવસ્થા ન એક જાનારી, બુદ્ધિસાગરે કહ્યું ધારી. અહો૦ ૭

વિજાપુર.

પદ.

૪૯

ચેતન અનુભવ રટના લાગી, અલખ તોરી આતમસેં રઢ
લાગીરે હેજી. કોઇ વીરલા તુજ ગુણ રાગી—અલખ૦ ૧
કાદવમે ચીર ધોવે ધોબી, બીજ બોયા ઉખર ભુપ્રાણી;
વાણીકા સહુ બેટા જાયા, કર્યું જગત ધૂળધાણી. અલખ૦ ૨
ભૂલ્યો જન જગકું ચેતાવે, વેશ્યા સહુકું નાચ નચાવે.
ઉંદ્યાજન ઋદ્ધિ બહુ પાવે. જાગ્યા શીસ કટાવે. અલખ૦ ૩
પંડિત પોપટ બહુ બહુ બોલે, ફણિધર સામો તાકી ડોલે;
પરઘર મૂરખ ઋદ્ધિ ખોળે, નારી કંત હીંચોળે. અલખ૦ ૪
અનુભવ વીરલા જોગી જાણે, મૂરખ આપમતિકું તાણે;
બુદ્ધિસાગર આતમજ્ઞાને. ઠરશો નિર્ભયસ્થાને. અલખ૦ ૫

અમદાવાદ.

પદ.

૫૦

પ્રભુ મનાવા પ્રભુ મનાવા, સખી હું પ્રેમે જાઉંરે;
ભટકી દેશોદેશ નેમ. સ્વામીને ઘેર લાઉંરે. પ્રભુ૦ ૧
ચૌદ ભુવનમાં આથડી પણ, પ્રભુ ન દીઠા ક્યાંયરે;
શરીર ભીંતર ખોજીયાતો. પ્રભુજી દીઠા ત્યાંયરે. પ્રભુ૦ ૨
ભાગી ભ્રમણા થઇ સૌભાગી, જુદી ઘડી ન રહાઇરે;
અલખ અરૂપી આતમાની, સાચી એક સગાઇરે. પ્રભુ૦ ૩
હરખી સ્વામી ઘેર આવ્યો, નાઠું ઘર અન્ધેરરે;
બુદ્ધિસાગર જાણતાં તે. ભાગે ભવનો ફેરરે. પ્રભુ૦ ૪

માણસા.

પદ.

૫૧

સહજ સ્વરૂપી મારો અંતરજામી, પરમાતમ ઘટરામી,
પ્રભુ ચિન્મય ગુણધારી;
નિશ્ચય નયથી શુદ્ધ સ્વરૂપી. જાણો એ રૂપારૂપી; પ્રભુ ચિન્મય ૧
પર્યાય સમયે સમયે અનંતા. પ્રતિ પ્રદેશે ફરંતા; પ્રભુ૦
ઉત્પાદ વ્યય સ્થિતિ ત્રણ સ્વરૂપે. સમયે દ્રવ્ય પ્રરૂપે; પ્રભુ૦ ૨
આનંદ આપે ભવદુઃખ કાપે, આપોઆપ પ્રતાપે; પ્રભુ૦
આત્મિક શુદ્ધ સ્વભાવનો ભોગી, યોગિનો પણ યોગી; પ્રભુ૦ ૩
શક્તિ અનંતિ સદાનો જે સ્વામી, નામી પણ તે અનામિ, પ્રભુ૦
સુજન સનેહી વ્હાલો ધ્યાનેરે આવે. બુદ્ધિસાગર સુખ પાવે. પ્ર. ૪

પેથાપુર.

પદ.

૫૨

યાદ કરી લે સિદ્ધ સનાતન. છોડી સબ દુનીયાદારી.
પરગટ પિણ્ડે વસીયો પોતે, પરમ બ્રહ્મપદ ગુણધારી. યાદ૦ ૧
હુંને મારૂ સબ પરિહારી. કર તું પરમાતમ યારી.
તત્ત્વમસિ માયા નહિ તેરી. બોલ ખરી પંચમઃખારી. યાદ૦ ૨
મુક્તિ સ્થાન નહિ તેરા દુસરા, કર મિલજાને તઈયારી.
ધ્યાન લગાદે શ્વાસોશ્વાસે. સકળ સંગસે પરવારી. યાદ૦ ૩
નિર્મલ આત્મપ્રદેશ નીહાળી. વર ચિન્મય પદ સુખકારી,
નહિ તું ન્યારા તેથી પ્યારા, વીતરાગપદમય ભારી. યાદ૦ ૪
સત્ય નિરંજન નિર્ભય દેશી. પાવેતોહે હુશીયારી.
બુદ્ધિસાગર અનુભવ પામી. સત્તા ધ્યાવું નિરધારી. યાદ૦ ૫

પેથાપુર.

પદ

૫૩

જીવડા જાગીનેરે જોગી સંગે, ચાલજે નિજદેશમાં
પઠત પુસ્તક પંડીતો પણ, ઘટ વહે છે કલેશમાં. જીવડા૦ ૧
તિરછા નાડી મધ્ય ગાડી, બેલ બેથી શોભતી,
ગગન મણ્ડલ ચાલતી તે, સ્થાનકે સ્થિર થોભતી. જીવડા૦ ૨
પ્રેમી પરદેશી જનો ત્યાં, લોભથી લલચાવશે.
મનહર મોહી માનીનીયો, હાવભાવ દર્શાવશે. જીવડા૦૩
સ્વસ્થ ચિન્તે ચાલવું ત્યાં, મોહઘાટી ભેદવી,
ઘાટ અવઘટ ઉતરીને, આત્મસત્તા વેદવી. જીવડા૦ ૪
ચિન્તનિજ ઉપયોગમાંહિ, રાત્રી દીવસ ચાલજે.
પામી પ્રેમે દેશ તારો, નિજ સ્વરૂપે મ્હાલજે. જીવડા. ૫
સારી આલમ દેખજે તું, જ્યોતિ જ્યોત મિલાવજે;
ભૂલી જગનું ભાન વાલ્હમ, તારી ધ્રુવની પાવજે. જીવડા. ૬
અનંત અક્ષર આતમા તું, જોડીલાને જગાડજે,
બુદ્ધિસાગર તરણા પાછળ, ભાનુને તું ભાળજે. જીવડા. ૭

દેવરાસણ.

પદ.

૫૪

જીવડા જગમગે છે જ્યોતી તારી. અસંખ્ય પરદેશે કરી.
શુદ્ધશ્રદ્ધા સદ્ગુરૂની, વાણીએ વર્તિ ખરી. જીવડા૦ ૧
ચંદ્ર ભાનુ કોટિ ઉગે, કરે પ્રકાશ અપારજી,
તેહથી પણ આત્મજ્યોતિ, જુદી અનંતિધાર. જીવડા૦ ૨
તેજનું પણ તેજ એ છે, સર્વ એમાં સમાયજી,
લડાલડી નહિ એહમાં કંઇ, સંતથી પરખાય. જીવડા૦ ૩

અનંત શકિત સુખનું તે, ધામ નામાતીતનું.
વૈખરીથી કહ્યું ન જાવે, શું કહું ત્યાં ગીતનું જીવડા૦ ૪
પરમ આત્મસ્વરૂપની ત્યાં, સ્થિતિ એકાકારજી.
અનંત વ્યકિત ગુણથી એક, દોષ નહિ જ્યાં લગાર. જીવડા૦ ૫
પક્ષાપક્ષી કયાં કરો ભાઇ, વાદવાદ વિચારજી,
તત્ત્વરૂપ ન અન્યથા હોય, નિશ્ચય એ નિરધાર. જીવડા૦ ૬
શુદ્ધ સત્તા આત્મકેરી, તેહનો તિરોભાવજી,
આવિર્ભાવે હોવતાં તે, મુકત આત્મસ્વભાવ. જીવડા૦ ૭
સાર એ સહુ ગ્રંથનું છે, એહમાં જેનું ધ્યાનજી;
બુદ્ધિસાગર આત્મધ્યાને. પ્રગટે શુદ્ધુ જ્ઞાન. જીવડા૦ ૮

એરવા.

પદ.

પદ

જીવડા તું જાગીને જોજે ધર્મનેરે, જાગ્યા તેનુંજ નામ.
જાગ્યા પણ ઉંઘતા પ્રાણીયારે, કેવલ દુખનું ધામ. જીવડા૦ ૧
જાગ્યાજન ઉંઘ્યા નહિ સાંભળ્યારે, ઉંઘ્યા જાગે કોઇ,
જાગે ઉંઘે જ્ઞાની આતમારે, નહિ ત્યાં અચરિજ હોઇ. જીવડા૦ ૨
ગંભીર જ્ઞાની ગમથી સહુ ઘટેરે, સત્યરૂપ નિરધાર,
ડાકડમાલે ધર્મ ધતીંગડેરે, માહ્યા મૂઢગમાર. જીવડા૦ ૩
અંતર્યામી આતમ ઓળખેરે, ધર્મતણું નહિ ભાન,
સમકિત શ્રદ્ધા દૂરે મૂકીનેરે, મિથ્યાત્વે ગુલતાન જીવડા૦ ૪
ધર્મ ધર્મ પોકારે દુનિયારે, પામે નહિ શિવપંથ,
બુદ્ધિસાગર પામર પ્રાણિનેરે, તારે ગુરૂ નિગ્રંથ. જીવડા૦ ૫

માણસા.

પદ.

પદ

પ્રભુ ભજીતું પ્રભુ ભજીતું, સફલ કર નર દેહરે,
મોંના માગ્યા વરશીયા છે, માનવ ભવના મેહરે, પ્રભુ૦ ૧
આ દેહવ્યાપી આતમાની, ઝળકે રૂડી જ્યોતરે,
જ્ઞાન ગુણ તે હંસનો છે, કરે સ્વરૂપ ઉદ્યોતરે, પ્રભુ૦ ૨
બાહિર ભટકે જીવડા શું. કરી લે ઘટમાં ખોજરે.
રત્ન અમુલખ માંહિ ભરીયાં. દેખંતા સુખ મોજરે પ્રભુ૦ ૩
આતમ તે પરમાત્મા છે. પ્રભુ વિભુ જગદીશરે.
ભિન્નપણું ત્યાં કર્મથી છે. કહુંછું વીશ્વાવીશરે. પ્રભુ૦ ૪
અનંતઆતમ વ્યકિતથી છે. સિદ્ધ સરખા ભાઇરે.
બુદ્ધિસાગર આતમ ધ્યાને. ભજન સ્ફુરણાઆઇરે પ્રભુ૦ ૫

માણસા.

પદ.

૫૭

પ્રીતમ મુજ શુદ્ધ બુદ્ધ અવિનાશી. અલખ અગોચર;
અજરામર હે, પરમાનંદ વિલાસી. પ્રીતમ૦ ૧
નિર્મળ નિઃસ્નેહી નિઃસંગી, લોકાલોક પ્રકાશી;
નર કે નારી નહિ નપુસંક, શાશ્વત શિવ પુરવાસી પ્રીતમ૦ ૨
કાયા માયા વચનાતીત હે, નહિ ગંગા ઓર કાશી;
બુદ્ધિસાગર ચેતન ચિદ્‌ઘન, સમજે તો સુખરાશિ પ્રીતમ૦ ૩

માણસા.

પદ—ગઝલ

૫૭

ચેતન તારી ગતિ ન્યારી, સમજ લે ચિત્તમાં ધારી. ચેતન૦
પ્રકાશી તું અવિનાશી, ત્યજી દે આશ સુખવાસી;
મોહાદિકથી રહો ન્યારા, વહો નિજ રૂપ નિરધારી. ચેતન૦ ૧
નહી તું દેહ નહીં વાણી, ગ્રહી લે સત્ય હિત જાણી.
અનુભવ સત્ય લ્યો સાચો, સદા ત્યાં સ્થિર થઇ રાચો, ચેતન૦ ૨
નહીં જ્યાં દુઃખની છાયા, નહિ જ્યાં રાગ પડછાયા;
સદા શુદ્ધ બુદ્ધ એકીલો, ગ્રહીને ભવ્ય સુખ ઝીલો. ચેતન૦ ૩
મુનીન્દ્રે બ્રહ્મને ગાયો, યોગીન્દ્રે યોગથી ધ્યાયો;
બુદ્ધ્યબ્ધિ ધ્યાન તસ સાચું, અવર તો જાણવું કાચું. ચેતન૦ ૪

માણસા.

પદ.

૫૮

પ્રીતમ મુજ કબહુ ન નિજ ઘર આવે. પરઘર ભટકત યાચક
હોકર, વેશ્યા સંગી કહાવે. પ્રીતમ૦ ૧
મોહ મદિરા વેશ્યા પાકર, નાચ વિવિધ નચાવે;
ઘટ રૂધ્ધિ સહુ ફોલી ખાવે, ભ્રમણામાંહિ ભુલાવે. પ્રીતમ૦ ૨
જાઓ સખિ મુજ સ્વામિ મનાવો, રીઝી યથા ઘર આવે;
પરઘર માંહેરા દાવ ન ફાવે, કહીયું ફોગટ જાવે. પ્રીતમ૦ ૩
લાવી મનાવી સખી વ્હાં જાકર, અત્યાનંદ વરાવે;
બુદ્ધિસાગર સિદ્ધ સુહંકર, સેજે પતિ પધરાવે. પ્રીતમ૦ ૪

માણસા.

પદ.

૬૦

પ્રિયા મમ છટકી ભટકી અટકી, ખેંચી તાણી ઘરમાં.
ઘાલી, તો પણ જાવે છટકી. પ્રિયા૦ ૧
આપ મતીલી નાસે ઉડી, પરઘર ચોરે લુંટી,
દેતાં શીખામણ ભરીને ચુંટી, રોવે માથું કુટી. પ્રિયા૦ ૨
જોગી જતીની પાસે જાકર, લાવું એસી બુટી,
પાણી મધ્યે ઘસકર પાવું, વશ થૈ પડે ન વિછૂટી. પ્રિયા૦ ૩
જાગી જોગી પાસે જાતાં, હરખી બુટી દીધી.
બુદ્ધિસાગર પાતાં ઘસીને. વશ થૈ ચાલત સિદ્ધિ. પ્રિયા. ૪
માણસા.

પદ

૬૧

ભલા મુજ અનુભવ અમૃત ભાવે. બાકસ બુકસ
બાકી ભોજન. મુજ મન એહ સોહાવે. ભલા૦ ૧
મત મતાંતર ષટ દર્શન સહુ. તાકી વાત જણાવે;
હંસ ચંચુ વિવેક ધરે જબ, તબ સોઽહં પદ પાવે. ભલા. ૪
નિરાકાર નિઃસંગી નિર્મળ; નામ ન કોઇ ધરાવે;
મન વાણીથી ન્યારો વર્તે, નિજ નિજને પરખાવે. ભલા૦ ૩
અસ્તિ નાસ્તિ સ્યાદ્વાદ સ્વરૂપી, ઘટભિંતર વહી સાચો;
સુખ અનંતું ક્ષણમાં વિલસે. શોધે બાહિર કાચો. ભલા૦ ૪
વરતે ન્યારો જડથી ચેતન, આપ સ્વરૂપે અભેદી;
બુદ્ધિસાગર નિર્વેદીને. જાણે કયું કર વેદી. ભલા૦ ૫
માણસા.

પદ

૬૨

આતમ અપના સ્વરૂપ નીહાળો, બહિર દૃષ્ટિ ભટકત ભવમાં;
અન્તર દૃષ્ટિ તું તારો. આતમ૦ ૧
શુદ્ધ નિરંજન ચિદ્ઘન સ્વામી, સ્વરૂપ રમણ અવિનાશી,
ક્ષાયિક ભાવે નિજ ગુણ ભોગી, જ્ઞાનાનંદ વિલાશી. આ૦ ૨
કાયા માયાથી છે ન્યારો, બ્રહ્મ સ્વરૂપ નિરધારો.
ઉત્પત્તિ સ્થિતિ વ્યયનો વિલાસી, ગુણગણનો નહિ પારો. આ૦ ૩
પૂર્વ કોડી વર્ષનુ સ્વપ્નું, જાગતાં દુર થાવે,
શુદ્ધસ્વભાવે જાગતાં ઝટ, પર પરિણતિ દૂર જાવે.
એ હું એનો એ છે મારૂં. દીવસે પણ અન્ધારૂં.
બુદ્ધિસાગર જોતાં જાગી. શું મારૂં ને તારૂં. આ૦ ૫
વિજાપુર.

પદ.

૬૩

મનવા એસી રમે ક્યું બાજી. હોત ન પ્રભુ તુમ રાજી. મન૦
રાણી બાજીથી ના રાજી. રમતાં વારત કાજી,
રમત ભમત ચોગતિમાં પ્યારા, નિબળ હોકર પાજી. મનવા૦ ૧
કાળ અનંતુ ગમાયો રમતાં, જ્ઞાન કળા નહિ છાજી,
શિખામણુ અબ માન લે મારી, દેર કરે ક્યું ઝાઝી. મનવા૦ ૨
છોડી બાજી મનવે જ્યારે, કુમતા કુલટા લાજી,
બુદ્ધિસાગર ચિદ્ઘન સંગી, સમતા ગગને ગાજી. મનવા૦ ૩
વિજાપુર.

પદ.

૬૪

ચેતન ચિદ્દઘન સંગીરંગી, અજ અવિનાશી અભંગી. ચેતન૦
પર પરિણુતિસેં નામ ધરતહે, ફરત ફરત દોય રંગી,
દો રંગી એક રંગી હોવે, તબ હોવત નિજસંગી. ચેતન૦ ૧
જાગત ભાગત ઉંઘ દશા સહુ, નાસત કર્મ કુઢંગી;
આપ સ્વરૂપે આપ સમાયો. અચળ અટળ ઉમંગી. ચેતન૦ ૨
સ્યાદ્વાદી સમજે છે ક્ષણુમાં. નિજ ઘન અન્તર પાવે;
બુદ્ધિસાગર ચેતે ચિત્તમાં, સો નિજ ઘરમાં આવે. ચેતન૦ ૩

વિજાપુર.

પદ.

૬૫

હંસા સોઽહં ચિન્મય ધ્યાવે, અલખ અગોચર થાવે. હંસા૦
શકિત અનંતિ સન્તાતારી, સ્થિતિ અનંતિ ધરાવે;
તન્ત્વરમણુતા પ્રગટે જબહી, અનુભવ અમૃત પાવે. હંસા૦ ૧
ઉપાદાન પણ આપો આપે, સમરે શકિત સ્વભાવે;
ઘટ શોધે સો બોધે નિજકું, નિજઘર આતમ આવે. હંસા૦ ૨
આનંદ અનહદ અંતર પ્રગટે, આપો આપ સ્વભાવે;
કાલ કર્મકા ભયકું તોડી, નિર્ભય પદ વર્તાવે. હંસા૦ ૩
નાથ અનામી નિર્વૃત્તિમય, શુદ્ધ સ્વરૂપ સોહાવે;
આતમસો પરમાતમહે નિજ, બુદ્ધિસાગર ગાવે. હંસા૦ ૪

વિજાપુર.

પદ

૬૬

સોવે સોવે સારી રેન ગુમાઇ—એ રાગ.

ચિદ્દ્ઘન સંગી ગુણગણ રંગી, આતમ અનુભવ સમરો પ્યારે,
આત્મા અસંખ્ય પ્રદેશી સોહે, આપ તરે
ઓર પરને તારે. ચિદ્દ્ઘન૦ ૧
ત્યાગ લેવનકું પૂતળી લુણકી, સાગરમાંહિ પ્રવેશે જ્યારે,
જલરૂપ હોકર કબહુ ન આવે. પરમાતમ
પદ પરખે ત્યારે. ચિદ્દ્ઘન૦ ૨
ગુરૂગમ શ્રદ્ધા પાકર પ્રાણી, અંતર લક્ષ્ય વિચારે સારે.
બુદ્ધિસાગર અજરામર થઈ. ભવ ભય
ભ્રમણા વારે ત્યારે. ચિદ્દ્ઘન૦ ૩

માણસા.

પદ.

૬૭

આતમ અનુભવ કોઇક પાવે. પાવે સો
પરઘર નહિ જાવે. આતમ૦
પરઘર નાચ નચાવત કુલટા. અંતર ધન
સબ ઢોલી ખાવે. આતમ૦ ૧
સ્વરૂપ પ્રકાશી તિરોભાવે. હોવત જબ સોહી આવિર્ભાવે.
પરમાનંદ પદ સોહિ પિછાને. અંતર જ્યોતિ
શુદ્ધજ ગાવે. આતમ૦ ૨
હોવત નહિ જે કબહુ ન પ્રગટે, પ્રગટે સો સત્યરૂપ કહાવે.
સદ્ વસ્તુ તીન કાલમાં હોવે, સત્ય નિત્ય
ચેતન પરખાવે. આતમ૦ ૩

આતમ ભૂલે ભવમાં ભટકે, સમરે તો નિજરૂપ લખાવે.
બુદ્ધિસાગર શોધો ઘટમાં, સંત મુનીશ્વર જાકું ધ્યાવે. આ૦ ૪

માણસા.

રાગ જંગલો. પદ.

૬૮

અમહમ અજરામર અવિનાશી, જ્ઞાનાનંદ વિલાસી. અમહમ.
તીન ભુવનમેં દૃષ્ટિ દીધી, વસ્તુ પરખી લીધી,
વસ્તુ સ્વરૂપે આનંદ પાયો, ઘટમેં નીરખી રૂચિ. અમહમ૦ ૧
જેનું હશે તે ભોગવી લેશે, અવરતણી શી ઉદાસી;
ભેદ જ્ઞાનથી ભ્રમણા ભાગી, આપોઆપ પ્રકાશી. અમહમ૦ ૨
પર તે પોતાનું નહિ થાશે, જોતાં જાગી જણાશે;
ખોજો ઘટમાં ગુરૂગમ જ્ઞાને, શુદ્ધ તત્વ પરખાશે. અમહમ૦ ૩
આદિ અંત ન જેનો આવે, સકલ કલાથી સુહાવે;
બુદ્ધિસાગર આતમ ગાતાં, પાર કબુ નહિ આવે. અમહમ૦ ૪

માણસા.

પદ.

૬૯

નમો નમો અરિહંતને, સિદ્ધ ભજો ચિત લાવી;
આચારજ ઉવજ્ઝાયને, સાધુ સકલ સુખદાયી. ૧
આતમ તીન પ્રકાર છે, બાહિર અન્તર તેમ;
પરમભેદ ત્રીજો ગ્રહો, અક્ષય સુખ લહો જેમ. ૨

નિંદરડી વેરણ હુઇ રહી. એ રાગ.

બહિરાતમ પહેલો કહ્યો, તેનું લક્ષણ હો કહ્યું શાસ્ત્ર મઝારકે,
પુદ્ગલ મમતા ચિત્ત ગ્રહી, માને તેને હો આતમરૂપ સારકે,
જિનવાણી ચિત્ત ધારીએ. ૧
સ્ત્રી ધન ભાઇ ભગિનીને, પુત્ર પુત્રીહો કુટુંબ પરિવારકે;
તેહના સંગે રાચીયો, મોહે ઘેર્યોહો લહે દુઃખ અપારકે. જિન૦ ૨
દેહને આતમ માનતો, ભિન્ન સમજેહો નહિ તેહ અજાણકે;
બહિરાતમ પહેલો કહ્યો, ભેદ આતમનો છંડો સુજાણકે. જિન૦ ૩
અષ્ટ કર્મની સંગતિ, આતમ હો નાના અવતારકે;
ચાર ગતિમાં સંચરે, મહા રૈરવ હો દુઃખનો નહિ પારકે. જિન૦ ૪
આતમ કર્મ સંબંધ છે, અનાદિહો રજકનક દૃષ્ટાંતકે;
અનાદ્યંત ભવિ આશ્રયી, અભવ્યનોહો કહું સુણો
થઇ શાંતકે. જિન૦ ૫
અનાદ્યંત અભવ્યનો, નિત્યાનિત્ય હો વળી કર્મ સંબંધકે;
અભવી ભવી ક્રમથી સુણી, કિમ બાંધેહો બંધ થઇ ભવી
અંધકે. જિન૦ ૬
રૂપી શરીરને આશ્રયી, રહ્યો આતમહો અરૂપી મહંતકે,
અંતર આતમ જાણજો, ભેદ બીજો હો કરે કર્મનો અંતકે, જિ૦ ૭
કર્મ સંગ દૂરે કરી, પામ્યા કેવલહો, જ્ઞાન ગુણ મહંતકે;
તીન ભુવનના ભાવને, જાણે સમયેહો ચિદાનંદભદંતકે. જિ૦ ૮
દ્રવ્યગુણ પર્યાયના, જ્ઞાતા જ્ઞાનેહો પરમાતમ જેહકે;
ભેદ ત્રીજો એહ આતમનો, ધ્યાવો હૃદયેહો ધરો તેહશું નેહકે. જિ૦ ૯
ઇયળ ભમરિ સંગથી, ભ્રમરી રૂપહો લહે જેમ એહકે;
પરમાતમપદ ધ્યાવતાં, બુદ્ધિસાગરહો લહે શિવ સુખ
ગેહકે. જિન૦ ૧૦

કાવીઠા.

પદ

૭૦

રંગ મચ્યો જિન દરબારરે, ચાલો ખેલીએ હોરી-એ રાગ.
ભ્રમણાએ શું ભરમાયરે, તું તો ભ્રમણા ત્યાગી;
વસ્તુ સ્વરૂપે બ્રહ્મસ્વરૂપી, આતમ દ્રવ્ય કહાયરે; તું તો૦ ૧
કોટિ યતન કરો મમતાએ કરી, પર પોતાનું ન થાયરે; તું૦
નિજ રૂપ ભૂલી પરમાં ફુલે, જન્મ મરણ દુઃખ પાયરે. તું૦ ૨
ઉપયોગ આતમ સ્વરૂપે ન લાવે, ઔદયિક ભાવે મુંજાયરે; તું૦
અશુદ્ધ પરિણતિ પર પરિણામે, ભવમાંહિ ભટકાયરે. તું તો૦ ૩
જલ ખારાથી તૃપ્તિ ન હોવે, સમજ સમજ દીલ લાયરે; તું૦
બુદ્ધિસાગર અવસર પાકર, ચિદ્‌ઘન ચેતન.થાયરે. તું તો૦ ૪
વિજાપુર.

પદ.

૭૧

પરમપદ પ્રેમી કોઇક પાવે, ધ્યાવે સો ઘટ પાવે. પરમ૦ એ ટેક.
સમજી આતમસ્વરૂપ સ્વભાવે, પર પરિણતિકું નિવારે;
નિજગુણ બાજી ખેલે હંસા, સોવતહે સંસારે. પરમપદ૦ ૧
આધિકારી વિણ નહિ કો સમજે, કરત ઉપાયો કોટી;
સર્વ સમાયું છે ઘટમાંહિ, વાત નહીં છે ખોટી. પરમપદ૦ ૨
શકિત ભાવે સો વ્યકિત રૂપે, થાવે તો સુખ સાચો;
અનુભવ તેનો પામી પરગટ, માયામાં શીદ રાચો. પરમ૦ ૩
અન્તરદૃષ્ટિ વિના જગ મૂઢા, સત્ય સ્વરૂપ ન બોધે;
બુદ્ધિસાગર અવસર પાકર, કોઇક પદ નિજ શોધે. પરમ૦ ૪
શાંતિઃ માણસા.

પદ.

૭૨

સબ જન ધર્મ ધર્મ મુખ બોલે, અન્તર
પડદા ન ખોલેરે સબ૦ એ ટેક.

કોઈ ગંગા જમના ઝુલ્યા, કોઇ ભભૂતે ભૂલ્યા;
કોઇ જનોઇમાં ઝંખાણા, ફકીરી લેઇ ફુલ્યા. સબ૦ ૧
ચાલત ચાલત દોડયો દોટે, પણ પાસેનો પાસ;
ટીલાં ટપકાં છાપ લગાવી, શિવપુર કેમ પમાશે. સબ૦ ૨
મુંડ મુંડાવે ગાડરીયાં જગ, કેશને તોડે રંડી;
માલા મણકા ભૈરી પહેરે, નિત્ય ચાલે પગદંડી. સબ૦ ૩
ધર્મ ન વરણે ધર્મ ન સ્મરણે, ધર્મ ન કરવત કાશી;
ધર્મ ન જાતિ ધર્મ ન ભાતિ, ધર્મ ન જંગલ વાસી. સબ૦ ૪
ગદ્ધાં ખાખમાંહિ આળોટે, તે પણ સાચાં ખાખી;
નિવસ્ત્રાં પશુ પંખી ફરે છે, મમતા દીલમાં રાખી. સબ૦ ૫
જબતક અન્તર તત્વ ન ખુલે, તબતક ભવમાં ઝુલે;
બુદ્ધિસાગર આતમ ધર્મે, ભ્રાન્તિ ભ્રમણા ભૂલે. સબ૦ ૬

મેહેસાણા.

પદ

૭૩

સોઽહં સોઽહં સોઽહં સોઽહં,
સોઽહં સોઽહં દીલમાં વસ્યોરી,
હું તું ભેદ ભાવ દૂર નાઠો,
ક્ષાયિક ભાવે કદી ન ખસ્યોરી. સોઽહં૦ ૧

દીલ સાગરમાં અમર દીવો તું,
મન મંદિરમાં દીપ જિશ્યોરી,
જ્યાં ત્યાં દેખું ત્યાંહિ તુંહિ તુંહિ,
પ્રાણપતિ વણ પ્રેમ કિસ્યોરી. સોऽહં૦ ૨
તું તારામાં સમાયો સહેજે,
પરને કહો કેમ જાય કહયોરી,
સબ રૂધ્ધિ તુજ અંતર પ્રગટી,
જ્યોતિસેં જ્યોતિ જગાય રહયોરી. સોऽહં૦ ૩
જાવું ન આવું લેવું ન દેવું,
અન્તર પડદા ખુલ ગયોરી,
સુખસાગરની લહેરો ઉછળે,
આતમ હંસ ત્યાં ઝીલ રહયોરી. સોऽહં૦ ૪
હરવું ફરવું ખરવું ન મરવું,
દુઃખ દાવાનલ શાંત થયોરી,
બુદ્ધિસાગર સોऽહં ધ્યાને.
પરમાતમપદ આપ ભયોરી. સોऽહં૦ ૫

[સમૌ.]

પદ.

૭૪

શુરાની ગતિ શુરા જાણેરે, ત્યાંતો કાયર થરથર કંપે;
કથા પુરાણી બહુ કરેરે, રામ રામ કીર જંપે;
પરમારથ પામે સો પૂરા, નહી વળે કંઇ ગપ્પે. શુરાની૦ ૧
કાન આંખ બિન મારો વાલ્હમ, સુણતો ને વળી નિરખે,
રૂપાતીત પણ મારો સ્વામી, રૂપારૂપીકું પરખે. શુરાની૦ ૨

આતમરૂચિ ગુરૂગમ કુંચી, લહી ઉઘેડો તાળું;
બુદ્ધિસાગર અવસર પાકર, નિજ ઘરમાં ધન ભાળું. શૂરા૦ ૩

માણસા.

પદ.

૭૫

ધ્યાન સદા સુખકાર, જગતમાં ધ્યાન સદા.—
સદ્ગુરૂ પાસે શીખીએરે, જીવાજીવ સ્વરૂપ;
ષડ દ્રવ્યાદિક ધારીનેરે, ટાળો ભવભય કૂપ. જગતમાં૦ ૧
ચિત્ત ચંચળતા વારીનેરે, નિર્જન દેશે વાસ;
કીજે શમસુખ પામવારે, ત્યાગી પુદ્ગલ આશ. જગતમાં૦ ૨
જિજ્ઞાસા શુદ્ધ ધર્મનીરે, આતમ ધર્મે પ્રેમ;
અંતર સ્થિરતા જ્ઞાનથીરે, શિવ સુખ મંગલ ક્ષેમ. જગતમાં૦ ૩
નય નિક્ષેપ પ્રમાણથીરે, ધ્યાવો આતમરાય;
સદસદ્ ભેદાભેદથીરે, નિજગુણ વ્યક્તિ થાય. જગતમાં૦ ૪
અડગવૃત્તિથી ધ્યાવતાંરે, હોવે મન વિશ્રામ;
અનુભવ ત્યારે જાગશેરે, આનંદ ઉદધિ ઠામ. જતતમાં૦ ૫
વીર પ્રભુએ ધ્યાનથીરે, પામ્યું કેવલ જ્ઞાન;
ધ્યાને કર્મ ક્ષય હુવેરે, એમ ભાખે ભગવાન. જગતમાં૦ ૬
ધ્યાવે સ્થિરતા મન ભજેરે, ધ્યાને સ્થિર ઉપયોગ,
સાક્ષી તેનો આતમારે, લહીએ શિવસુખ ભોગ. જગતમાં૦ ૭
સાર સારમાં ધ્યાનછેરે, સમજે વીરલા કોય,
બુદ્ધિસાગર ધ્યાનથીરે. સાહેજે શિવપદ હોય. જગતમાં૦ ૮

અમદાવાદ.

કકાવલી.

૭૬

કકકા કારણ જોગે કાજ, સામગ્રી પામી સહુ આજ;
કર્માષ્ટકનો કિજે નાશ. ધારી આતમનો વિશ્વાસ;
માનવ ભવનું મળીયું આજ, કકકા કારણ જોગે કાજ. ॥ ૧ ॥

ખખા ખાંતે પ્રભુને ભજો, સમતા સ્થિરતા દિલમાં સજો;
ખરી વાતને હૃદયે ધાર, ક્રોધ કપટ મિથ્યા સહુ વાર;
પરનારી પરધનને તજો, ખખા ખાંતે પ્રભુને ભજો. ॥૨॥
ગગા ગાણું ગા જિનરાય, સાચો મોક્ષ તણો ઉપાય;
ગર્ભાવાસે લહો ન વાસ, અંતરમાં જો જિન વિશ્વાસ;
જન્મ જરાનાં દુ:ખડાં જાય, ગગા ગાણું ગાય જિનરાય. ॥૩॥

ઘઘા ઘોર કર્મ શું કરે, વાર ઘણી તું ભવમાં ફરે;
ઘાંચીની ઘાણીના ફેર, બળદ પરે વરતે અંધેર;
જરૂર જન્મ્યા તેતો ખરે, ઘઘા ઘોર કર્મ શું કરે. ॥ ૪ ॥
ઙઙા વશ કીજે સહુ અંગ, સંત જનોની કીજે સંગ;
મુખથી કદી ન દીજે ગાળ, ફોગટ શું થાવું વાચાળ;
જ્ઞાની સંગે વાધે રંગ. ઙઙા૦ ॥ ૫ ॥

ચચા ચેતન ધર્મે ચાલ, કરજે અંતરનો તું ખ્યાલ;
ચાર ગતિનો કરવો છેદ. જાણી જીવ પુદ્ગલનો ભેદ;
ધર્મહીન વર્તે સહુ બાલ, ચચા ચેતન ધર્મે ચાલ. ॥ ૬ ॥
છછા છોકરવાદી તજી, રત્નત્રયી સ્વામીને ભજી;
છોડો વિરૂવા વિષય વિકાર, મુક્તિનાં સુખ સમજી સાર;
અન્તર્યામિ પ્રેમે યજી. છછા૦ ॥ ૭ ॥

જજા જીવતર ચાલ્યું જાય, ગયો વખત પાછો નહિ આય;

જોજે અંતરમાં તું ધર્મ, જેથી તાસે સઘળાં કર્મ;
જોતાં દીલમાં સહુ જણાય. જજા૦ ॥ ૮ ॥
ઝઝા ઝડપે કાલ કરાલ, વાટજ મોક્ષ નગરની ઝાલ;
ધર્મ ઝાઝ ઝાલો નરનાર, ક્ષેમે પામો ભવનો પાર;
શું મુંઝે તું માયા ઝાલ. ઝઝા૦ ॥ ૯ ॥
ઞઞા નિરંજનને સેવ, ત્યાગી નિંદાદિક સહુ ટેવ,
નગુરાનો કીજે નહિ સંગ, પ્રભુ ભજનમાં પાડે ભંગ,
આતમ પરમાતમ છે દેવ. ઞઞા૦ ॥ ૧૦ ॥
ટટ્ટા ટેંટે કરી શું હસે, જોયું સઘળું ચાલ્યું જશે,
જેના દીલમાં આતમ નાદ, ટળીયા તેને વાદવિવાદ,
શાને મોહ માયામાં વસે. ટટ્ટા૦ ॥ ૧૧ ॥
ઠઠ્ઠા ઠાલી શું ફુલાય, ભલા ભલા પણ ચાલ્યા જાય,
ઠાઠમાઠમાં ખોયું સર્વ, ગાફલ થઇને કીધો ગર્વ,
ઠરવું નિર્ભયતા ઘટ પાય. ઠઠ્ઠા૦ ॥ ૧૨ ॥
ડડા ડંકો દે નિજ દેશ, રાગાદિક સેવો નહિ લેશ,
કર્મ વૈરીને દેઇ દંડ, વર્તાવો નિજ આણ અખંડ,
અનુભવ રંગે રમિયે એશ. ડડા૦ ॥ ૧૩ ॥
ઢઢ્ઢા ઢમઢમ વાગે ઢોલ, શું તારૂ છે જગમા બોલ,
ધરજે ધર્મ તણી કર ઢાલ, કરજે આતમની સભાલ,
સત્યાસત્યનો કરજે તોલ. ઢઢ્ઢા૦ ॥ ૧૪ ॥
ણ ણણા ન્યાયી થા દિનરાત, કરજે સત્ય ધર્મની વાત,
ન્યાય નીતિથી સુખડાં વરે, ભવસાગરને સહેજે તરે,
ક્રોધે કદી ન કરજે ઘાત. ણણણા૦ ॥ ૧૫ ॥
તત્તા તીર્થંકરને સેવ, સર્વ દેવમાં મોટા દેવ,
ત્રિવિધ તાપો હરતા આપ, મનમાં કર જિનવરનો જાપ,
કર્મ મર્મ નાસે તતખેવ. તત્તા૦ ॥ ૧૬ ॥

થથ્થા સ્થિરતા મનમાં રાખ, અનુભવ અમૃત રસને ચાખ;
હાલે મેરૂ પણ નહિ ચિત્ત, આત્મધ્યાનની એવી રીત;
વિવાદી વચનો નહિ ભાખ. થથ્થા૦ ॥ ૧૭ ॥
દદ્દા દાન દયા આદરો, દીનતા વાણી નહિ ઉચ્ચરો,
દીનતા દાલિદર દુઃખદાસ, એ સહુ દાને હોવે નાશ,
શાને દોડી જ્યાં ત્યાં ફરો, દદ્દા૦ ॥ ૧૮ ॥
ધધ્ધા ધર્મે પ્રીતિ ધરો, ધ્યાતા ધ્યેય દશાને વરો,
ધોળું તેટલું દુધ ન હોય, સર્વ મતોમાં ધર્મ ન જોય,
સંગત ધૂર્તોની નહીં કરો. ધધ્ધા૦ ॥ ૧૯ ॥
નન્ના પોતાનો કર ન્યાય, શાથી તું ભવમાં ભટકાય,
નડિયે નહિ પરને તલભાર, નિર્દયતાને દૂર નિવાર,
કીજે સંગત સંત સદાય. નન્ના૦ ॥ ૨૦ ॥
પપ્પા પરિહરિએ સહુ પાપ, નાસે જેથી સહુ સંતાપ,
પ્રેમે પ્રભુનું પૂજન કરો, દ્વેષ કલેશ ઈર્ષ્યા પરિહરો,
રાખો દીલમાં પ્રભુની છાપ. પપ્પા૦ ॥ ૨૧ ॥
ફફ્ફા ફોગટ માયા ફંદ, રાચી રહે તેમાં મતિ મન્દ,
ધન સત્તાથી ફુલો ફોક, લક્ષ્મી ગયાથી ફોગટ શોક,
ત્યજી દે મિથ્યા મતિનો છંદ— ફફ્ફા૦ ॥ ૨૨ ॥
બબ્બા બળીયો થાતું દીલ, મોહશયને ક્ષણમાં પીલ,
સર્વ સંગનો કર પરિત્યાગ, અન્તરના ઉપયોગે જાગ,
નવ વિધ ગુપ્ત પાળો શીલ. બબ્બા૦ ॥ ૨૩ ॥
ભભ્ભા ભણતર ભાવે ભણો, પંચ ભાવને જ્ઞાને ગણો,
ભકિતથી થાશો ભગવાન, અન્તરમાં જો પ્રગટે ભાન,
અન્તરના શત્રુને હણો. ભભ્ભા૦ ॥ ૨૪ ॥
મમ્મા માનવ ભવ સુખકાર, દશ દૃષ્ટાન્તે દુર્લભ ધાર,
મૂકી મોહ માયાને માન, કરજે આતમનું તું ધ્યાન,
મળીયું ટાણું કણુ ન હાર. મમ્મા૦ ॥ ૨૫ ॥

યય્યા હિંસા યજ્ઞ નિવાર, હિંસામાં નહિ ધર્મ લગાર,
યાચી લે તું શાશ્વત સુખ. દુનીયા સુખને માની દુઃખ,
પંચ મહાવ્રત પ્રેમે ધાર. યય્યા૦ ॥ ૨૬ ॥
રરા કરતું આતમ રાગ, સારો ફરીને મળે ન લાગ,
રમત ગમતથી રહેજો દુર, સેવો ચેતન સુખ ભરપૂર,
કુમતિથી દૂરે ઝટ ભાગ. રરા૦ ॥ ૨૭ ॥
લલ્લા લોભે લક્ષણ જાય. લાલચથી શું પાપ ન થાય,
જાણો લોભ તણો નહિ થોભ. નિર્મલ મનમાં પ્રગટે ક્ષોભ,
ઉંચ નીચને લાગે પાય. લલ્લા૦ ॥ ૨૮ ॥
વવ્વા વૈર વિસારો સહુ. જાણુંતાને શું બહુ કહું,
વિદ્યા વિનય વિવેક વિચાર. કરતાં ઉતરીયે ભવપાર,
વૈરે દુઃખડાં વાધે બહુ. વવ્વા૦ ॥ ૨૯ ॥
શશા શાન્તિ રાખો રહેમ. શૂરા થઇને ગ્રહીએ નેમ,
શાન્ત સુધારસ પાનજ કરો, સ્વર્ગાદિકમાં જઇ અવતરો,
શાણપણાથી પામો ક્ષેમ. શશા૦ ॥ ૩૦ ॥
ષષા ષડ્દ્રવ્યે લય લાય, સદ્ગુરૂગમથી તે સમજાય,
આત્મ દ્રવ્ય આદરવો એક. જ્ઞાનવાન સોઽહં એ ટેક,
રત્નત્રયી સાધન ઉપાય. ષષ્ષા૦ ॥ ૩૧ ॥
સસ્સા સુમતિ સંગે રહો, શાશ્વત સુખડાં તેથી લહો,
ત્યજીદે કુલટા કુમતિ સંગ, દેખાડે દુર્ગતિના રંગ,
નિંદા હીલના સર્વે સહો. સસ્સા૦ ॥ ૩૨ ॥
હહા હર્ષે શિવપુર જાઓ, કરી કમાણી ખાંતે ખાઓ,
આતમતે પરમાતમ થાય, જન્મ મરણના દુઃખડાં જાય,
સોઽહં સોઽહં ક્ષણ ક્ષણ ધ્યાઓ. હહા૦ ॥ ૩૩ ॥
અઆ અર્હં દીલમાં ધરો, મહામંત્ર ધ્યાવો સુખવરો,
ઋદ્ધિ સિદ્ધિ સુખ દાતાર, શ્રદ્ધાથી ગણજો નરનાર,
મૂલ મંત્ર અર્હં છે ખરો, અઆ૦ ॥ ૩૪ ॥

ગુર્જર સાણંદ ગ્રામે વાસ, કરીને રચના કીધી ખાસ,
ભણતાં ગણતાં મંગલ માલ, મટશે મિથ્યા માયા ઝાળ,
બુદ્ધિસાગર સુખની આશ, ગુજર્જર સાણંદ ગ્રામે વાસ ॥૩૫॥
સંવત ઓગણીસ ત્રેસઠસાલ, શુકલ પક્ષ વેશાખ રસાલ,
અષ્ટમી શશિવારે શુભજોડ, કરતાં વાંછિત ફલે કરોડ,
પણ્ડિત મનમાં પ્રગટે વ્હાલ. સંવત૦ ॥ ૩૬ ॥

પદ.

૭૭

હંસા કોઇ રે જણાવે જોગીડાજી, આ દેહ દેવળમાં રહેનારરે,
હંસા માયાના મુલકનો મોજીલોજી, એની શુદ્ધિ કોઇ પાવંતરે,
હંસા૦ ૧
હંસા પરખે હીરો કોઇ પારખુંજી, લહે તત્વ ન મૂઢ ન ગમારરે,
હંસા પિંડનો ઘડનારો માંહે પેશીયોજી, કરોળીયો રચીને જેમ
ઝાળરે હંસા૦ ૨
હંસા અલખ પ્રદેશે મ્હાલવુંજી, હંસા ઘટમાં લગાવી ધ્યાનરે,
હંસા નિર્મલ જ્યોતિ ઝગમગેજી; હંસા કીજે અમૃત પાનરે. હું૦ ૩
હંસા જોગીડો જગાવે જોગ જ્ઞાનથીજી, હંસા જ્યાં નહિ ભેદ પ્રચારરે,
હંસા અનહદ આનંદ જોગથીજી, હંસા વિસરે
દુઃખ અપારરે. હંસા૦ ૪
હંસા ગુરૂ મળે જ્ઞાન બતાવશેજી, ભાવે ભેદુ જણાવે ભેદરે,
હંસા બુદ્ધિસાગર સાચા સન્તનીજી, પ્રેમે કરજો
સાચી સેવરે. હંસા૦ ૫
સાણંદ.

પદ.

૭૮

પ્રેમીડા બતલાવેરે, કોઇ મારો પ્રેમીડા બતલાવે,
પ્રેમી વિના હું નિશદિન ઝુરૂ, પ્રેમી મળે સુખ થાવેરે કોઇ૦ ૧
પ્રેમ ન મળતો વાટે ઘાટે, સઘળું શૂન્ય કહાવેરે. કોઇ૦ ૨
પ્રેમના પ્યાલા પીધા જેણે, તેને કશુઅ ન ભાવેરે. કોઇ૦ ૩
જલ બીચ મીન કમલ જલ જેવો, પ્રેમ પ્રભુ પરખાવેરે. કો૦ ૪
બુદ્ધિસાગર આતમ સ્વામી, ભક્તિથી એમ ગાવેરે. કોઇ૦ ૫

સાણંદ.

પદ.

૭૯

અબધૂ એસો જ્ઞાન વિચારી—એ રાગ.

હંસા હરદમ તત્વ વિચારો, આપહિ બાંધે આપહિ છોડે;
નિશ્ચયથી તું ન્યારો. હંસા૦ ૧
નય વ્યવહારે અનેક કહાવે, યું સદ્ગુરૂ સમજાવે,
નિશ્ચય નયથી એક રૂપ તું, જિન વચનામૃત ગાવે. હંસા૦ ૨
વ્યવહાર અને નિશ્ચય દોનયના. ભેદ કહ્યા છે ગ્રન્થે,
સાતનયો ઉપનય છે સાતસેં, ભાખ્યા જિન નિગ્રંથે. હં૦ ૩
સહુ સાપેક્ષે વર્તે સાચા, નિરપેક્ષે સહુ કાચા,
કથતા વસ્તુ સ્વરૂપ તે સર્વે, ઉપદેશે જીન વાચા. હંસા૦ ૪
દુર્ગમ ગંભીર નયનું સ્વરૂપ છે, જ્ઞાની ગીતારથ જાણે,
નયઉદધિમાં તારૂ વિનામૂઢ, બુડંતો દુઃખ માણે. હંસા૦ ૫
અનેકાન્ત વસ્તુ સહુ સાચી, કથન કરે જિન વાણી,
બુદ્ધિસાગર સત્ય વિચારી, તત્વારથ લ્યો તાણી. હંસા૦ ૬

સાણંદ.

પદ

૮૦

કાનુડો ન જાણે મોરી પ્રીત. એ રાગ.

કર તું શ્વાસોશ્વાસે જાપ, તત્ત્વ સ્વરૂપનો હુંસારે કરતુ૦
લક્ષ્યે વૃત્તિયો ઠારી, સ્થિરતા ઉપયોગે ધારી,
રમજો રંગે સુખ ભરપૂર, સાચો આતમદેવારે. કરતું૦ ૧
જેને માગે તે આપે, દુખડાં ક્ષણમાંહિ કાપે,
શક્તિ અનંતિનો દાતાર, હરિહર બ્રહ્મા પોતેરે, કરતું૦ ૨
શુભે શાતાનો ભોગી, અશુભે અશાતા યોગી,
શુદ્ધ સ્વભાવે નિજગુણ ભોગ, ક્યાં તું પરમાં ગોતેરે. ક૦ ૩
ભક્તિ પ્રીતિથી સેવે, પરમાતમ પદને દેવે,
ધ્યાતા ધ્યેય સ્વરૂપે આપ, ધ્યાને હૃદયે વાસેરે. કરતું૦ ૪
અન્તર આતમ આરાધો, કારણથી કારજ સાધો,
બુદ્ધિસાગર શિવસુખ લ્હેર, પ્રગટે દીલમાં ભારીરે. કરતું ૫

સાણંદ.

પદ.

૮૧

કાનુડો ન જાણે મોરી પ્રીતી—એ રાગ

આતમ નિજ ઘરમાં તું આવ, સમજણ સત્ય વિચારીરે,આતમ૦
પરઘર રમતાં તું દુઃખી, કબહુ ન થઇયો સુખી,
વેઠયા દુઃખડાં વારંવાર, કુમતિ સંગે ભારીરે, આતમ૦ ૧
બહિરાતમ યોગે ભારી, અંતર રૂદ્ધિને હારી,
કર્મ પિંજરમાં પડિયો પેખ, સુરતા સર્વ વિસારીરે, આતમ૦ ૨

પરગૃહે ભમતાં ભીખારી, ઉત્તમ કુલવટ હારી,
થઇયો આશાનો તું દાસ, ગણીને તૃષ્ણા પ્યારીરે. આતમ૦ ૩
નિજ ઘરમાં શાશ્વત સુખરાશિ, ચેતન તેનો વિશ્વાસી,
આતમ અનુભવ અમૃતમેવ, સેવા કીજે સારીરે. આતમ૦ ૪
નિજ ઘરમાં પ્રભુતા છે તારી, માની હિત શિક્ષા મારી,
અસંખ્ય પ્રદેશે દ્રષ્ટિવાળી, અંતર સુરતા ધારીરે. આતમ.
સુમતિ વચનો વિચારી, દીલમાં સાચાં અવધારી,
આતમ આવ્યો નિજઘર લ્હેર, સુમતિ સંગ વિહારીરે. આ૦ ૬
નિજઘરમાં આનંદે વસીયો, રમતા સંગે થઇ રસીયો,
બુદ્ધિસાગર સુખડાં પાય, કર્મ કલંક નિવારીરે. આતમ૦ ૭
સાણંદ.

પદ.

૮૨

કાનુડો ન જાણે મારી પ્રીત—એ રાગ.

જીવડા હજી અવસ છે બેશ, ભજી લે પ્રભુને ભાવેરે જી૦
કુમતા કુટિલતા સંગે, રમતો તું નિશદિન રંગે
લોભે લક્ષણ સઘળાં ખોઇ, મોહ મદિરા પીનેરે; જી૦ ૧
સમતાનો સંગ ન કીધો, મુક્તિ મારગ નવિ લીધો;
યોગ્યાયોગ્ય ન જોયું કાંઇ, મોહે અન્ધ બનીનેરે. જીવડા૦ ૨
સાધુની સંગત નહિ કીધી, દુર્ગતિ વાટજ તેં લીધી;
મૂરખ મનમાં શું મલકાય, પડતું રહેશે ભાણુંરે. જીવડા૦ ૩
આડો અવળો અથડાયો, લક્ષ્મી માટે તું ધાયો;
તારૂં કદીય ન તેહ થનાર, સમજી સમજી લેનેરે. જીવડા૦ ૪
શાને માટે તું ફસીયો, થઇને માયામાં રસીયો;
સુખ નહીં પુદ્ગલમાં તલભાર, જડમાં જડતા ભાસેરે. જી૦ ૫

અનુભવ અન્તરમાં ધારો, જલદી આતમને તારો;
પામી પ્રેમે ગુરૂગમ જ્ઞાન, ધ્યાને મનડું ઠારીરે. જીવડા૦ ૬
કરજો પરમાતમ પ્રીતિ, ધારી અન્તરમાં રીતિ;
બુદ્ધિસાગર શિવપદ પાય, ચિદ્‌ઘન ચેતન રાગેરે. જીવડા૦ ૭
સાણંદ.

પદ.

૮૩

કર ચેતન શિવપુર તૈયારી, પર પુદ્‌ગલની છોડી યારી;
ચિદ્‌ઘન ચેતનચિત્ત વિચારી, છોડીદે તું દુનિયાદારી. કર૦ ૧
જ્ઞાનથી વ્યાપક દ્રવ્યે અવ્યાપક, એકાનેકથી ધર્મ પ્રસાધક;
ભિન્નાભિન્ન સ્વરૂપી સાચો, ત્યજી તેને કયાં જડમાં રાચો કર૦ ૨
દા ઉપયોગી નિજગુણ ભોગી. નહિ પુદ્‌ગલનો ભોગી રોગી.
બહુ નામી પણ જેહ અનામી, શકિત અનંતિનો જે સ્વામી ક૦ ૩
તિરોભાવે જે જીવ કહાય, વ્યકિત પ્રભાવે શિવ લહાય;
સમકિતથી અંતર આતમજે, ક્ષાયિક ભાવે પરમાતમજે કર૦ ૪
ધ્યાને આતમને આરાધે, અનુભવ અંતરમાં બહુ વાધે;
આનંદ મંગલ માલા પ્રગટે, રાગાદિક દોષો સહુ વિઘટે. કર૦ ૫
સુખની શ્રદ્ધા અન્તર વાસે, ભય ચંચલતા દૂરે નાસે;
બુદ્ધિસાગર ધ્યાનાભ્યાસે, ધ્યાતા તત્વ સ્વરૂપ પ્રકાશે, કર૦ ૬
સાણંદ.

પદ.

૮૪.

અદ્‌ભૂત તમાસા હમને દીઠા, જ્ઞાનિ જન મન
મીઠારે. આ અજબ તમાસા૦
કીડી કુંજર ગળતી દેખી, હંસી મનમાં રોવેરે. આ૦ ૧

૫૮

માખી ચાલે પર્વત હાલે, અંધો આરશી દેખેરે. આ૦ ૨
વાદળ વરસ્યું ચાતક તરસ્યું, લુલો હર્ષે દોડેરે. આ૦ ૩
મુંગો ગાવે ઢુંઢ બજાવે, શીતલ અગ્નિ થાવેરે. આ૦ ૪
સિંહ શશાના ભયથી હાર્યો, વાનર નાચ્યું પરખેરે. આ૦ ૫
કીડીએ જલધિને પીધો. મૂષક સર્પને ગળતોરે. આ૦ ૬
બુદ્ધિસાગર ઘરમાં શોધ્યો. રાત્રે સુરજ ઝળહળતોરે. આ૫ ૭

સાણંદ.

૫૯

૮૫

સુણો સત્યોપાય શિવપન્થનોરે. જિનવાણી કથે સુખકાર. સુ.
અસ્તિનાસ્તિ મુદ્રાંકિત દ્રવ્યછેરે. સહુ સાપેક્ષતા નિર્ધાર સુ૦ ૧
સ્યાદ્વાદ વચન છે ધર્મનુંરે, ઉત્સર્ગ અને અપવાદ; સુણો૦
વ્યવહાર નિશ્ચયનય સાધનારે. એકાન્તે નહીં જ્યાં વાદ સુ૦ ૨
નયસપ્તપ્રરૂપિત આતમારે. નયસપ્ત અહીન જ્યાં ધર્મ સુ૦
જ્ઞાનદર્શન ચારિત્રની સેવનારે. જેથી નાસે અનાદિનાં કર્મ. સુ૦ ૩
નવતત્વોપદેશ જ્યાં ભાખિયોરે. કહ્યા સત્ય નિક્ષેપાચાર; સુ૦
ભંગી સપ્ત સંક્ષેપમાં સમાયછેરે, જ્યાં સર્વ વચનનો સાર સુ૦. ૪
દ્રવ્યક્ષેત્રને કાલ ભાવ વસ્તુમાંરે. જ્યાં સમ્યગ લહે અવતાર; સુ૦
જ્ઞાન ક્રિયા સાધનથી સાધીએરે; સાધ્ય સિદ્ધ લહો સુખકાર, સુ. ૫
ઉપાદાન નિમિત્તથી સાધનારે, પંચ હેતુથી કાર્ય સધાય; સુ૦
હોવે કાલાનુસારે સાધનારે, યતિ શ્રાદ્ધ માર્ગ વર્તાય. સુ૦ ૬
ગુરૂ મુખથી ઉપદેશ સુણો ધર્મનારે, દ્રવ્ય ભાવે ક્રિયા જ્યાં ધર્મ. સુ
લહો બુદ્ધિસાગર શુદ્ધ ધ્યાનથીરે, સત્ય શાશ્વત
સિદ્ધનાં શર્મ. સુણો૦ ૭

સાણંદ.

પદ.

૮૬

પદ. દુઃખી તું દીકરી મારી-એ રાગ.

ચેતન ચેતો હવે પ્યારા, વચન માનો જરૂર મારા;
મુસાફર તુ જગતમાં છે, સમજલે સત્ય શામાં છે. ૧
દેખાતું તે નહીં ત્હારૂં. થશે દિન એક તે ન્યારૂં;
ફુલી ફોગટ હરખાયા, જુઠી માયા અને કાયા. ૨
ફોગટ માની શું ફુલે છે, મોહાબ્ધિમાં શું ડુલે છે;
ભજીલે સત્ય જિન દેવા, ખરા તે શાંતિના મેવા, ૩
ફના એક દીન સહુ હોશે, અરે તું આંખથી જોશે;
સદા તું ધ્યાનમાં જાગો, અન્તરનો થા બહુ રાગી. ૪
સજીલે સાથ શિવ જાવા, ગ્રહીલે ધર્મની નાવા;
બુદ્ધયબ્ધિ શાંતિનો બેલી, ચેતીલે બાજી છે છેલી. ૫

સાણંદ.

પદ

૮૭

દેખો અન્તરમાં આતમારે, સુખ શાન્તિનું ધામ. સુખ૦ દેખો૦
પ્રેમે કરો તસ પૂજનારે, જેનું રૂડું છે નામ. દેખો૦ ૧
આત્માભિમુખતા કીજીએરે, ત્યાગો પુદ્ગલ આશ. ત્યાગો દે૦
જ્ઞાનિગુરૂજ્ઞાન આપશેરે, કરો સંગ સુવાસ. દેખો૦ ૨
ભુલ્યા માયાના તોરમાંરે, જીવ પોતાનું ભાન, જીવ૦ દેખો૦
જ્ઞાન વિના શું ગોઠડીરે, માન વિના શું દાન. માન૦ દેખો૦ ૩
અરિહંત વાણી સાંભળોરે, રમો આતમરામ. રમો૦ દેખો૦
બુદ્ધિસાગર ગુરૂ સંગથીરે, સરે સઘળાંરે કામ. સરે૦ દેખો૦ ૪

વરસોડા.

પદ.

૮૮

સાચો અન્તર સ્વામી, આતમ દીલમાં ધ્યાવજેરે,
સોઽહં અલખ જગાવી, નિર્ભયપદ ઝટ પાવજેરે સાચો ૧
સુખનો દરિયો ગુણથી ભરિયો, યોગી આતમધ્યાને વરીયો;
અન્તર દીલમાં તેને પ્રેમથકી પધરાવજેરે. સાચો૦ ૨
ભકિત કરજે પ્રભુની ભાવે, નિજગુણ કર્ત્તા આપ સ્વભાવે;
પોતાને તું ક્ષાયિક ભાવે સમાવજેરે. સાચો૦ ૩
ઝટપટ જંઝાળોને ત્યાગી, સત્યજ્ઞાનથી થા તું રાગી;
બુદ્ધિસાગર અંતર આતમ ગાવજેરે. સાચો૦ ૪

સાદરા.

॥ અથ અનુભવ બત્રિશી લિખ્યતે. ॥

દુહા.

૮૯

સદ્ગુરૂપદ પંકજ નમી, પૂજ્ય સ્તુત્ય હિતકાર,
આત્મધર્મ પ્રગટાવવા, મિત્ર મહા અવતાર. ૧
સ્વપર વિવેચન વસ્તુનું, આણી કરો વિવેક,
ઉપાદેય શુદ્ધાત્મને, ખરો ધર્મ છે એક. ૨
જાણ્યું આત્મસ્વરૂપ તો, જાણ્યા સર્વ પદાર્થ,
આત્મ તત્વના જ્ઞાનથી, અન્ય નહીં પરમાર્થ. ૩
સૂક્ષ્મજ્ઞાન જે આત્મનું, કાપે કર્મઅનન્ત,
જગ જાણ્યું તો શું થયું, આવે નહિ ભવઅન્ત. ૪
ચરણ કરણ તપજપ સહુ, આત્મબોધ વિણ ફોક,
આત્મજ્ઞાન પરમાર્થને, વીરલા સમજે લોક. ૫

બાહ્યજ્ઞાનથી લોકમાં, માનપુજા તો થાય,
શ્રોતા વકતા બાહ્યના, બાહ્યદૃષ્ટિતા પાય. ૬
પન્ચમ ગતિ દાતાર છે, સત્યજ અનુભવ જ્ઞાન,
અન્તર દૃષ્ટિ જાગતાં, હોવે અનુભવ ભાન. ૭
અન્તર દૃષ્ટિ ચેતના, ત્યાગે પુદ્ગલ સંગ,
આત્મસ્વરૂપે રમણતા, સમતા ગંગ તરંગ. ૮
આત્માનુભવ યોગથી, ઝળકે આતમજ્યોત,
સ્થિરોપયોગે ધ્યાનથી, અન્તરમાં ઉદ્યોત. ૯
આત્મયોગી જે સુખ લહે, હોય ન તે સુખ કયાંય,
ઇન્દ્રાદિક પદવી લહે, તોપણ દુઃખની છાંય. ૧૦
જે પામ્યા તે ત્યાં રમ્યા, ભુલ્યા પુદ્ગલ ભાન,
સુખ સંગે રંગે રમે, પ્રાપ્તિ શિવકર સ્થાન. ૧૧
મન ચંચલતા ત્યાં મટે, દર્શન સ્પર્શન યોગ,
ભોગી થઈ ત્યાં ભોગવે, અનંત સુખનો ભોગ. ૧૨
જડ પુદ્ગલના ભોગને, જાણ્યા મનમાં રોગ,
શાતાશાતાવેદની, ટળીયા તેના શોગ. ૧૩
વિનાશિક પુદ્ગલ સહુ, તનધન મન્દિર પેખ,
અવિનાશી છે આત્મનો, ધર્મજ જ્ઞાને લેખ. ૧૪
પુદ્ગલ પ્રપંચ કારમા, ત્યાં શું સુખની આશ,
પર આશાથી પ્રાણિયા, થાવે જગના દાસ. ૧૫
અન્તરાત્મા ધ્યાનથી, સેવો સત્ય સહાય,
શકિત અનંતિ જેહની, સ્મરતાં શિવસુખ થાય. ૧૬
રમતાં આતમ સ્વરૂપમાં, પામે યોગી સુખ,
પર પુદ્ગલમાં જે રમે, પામે તે મન દુઃખ. ૧૭
મન વચ કાયા ભિન્ન છે, આતમ તત્ત્વ સુખકાર,
રત્નત્રયીનું ધામ છે, શુદ્ધરૂપ નિરધાર. ૧૮

શુદ્ધરૂપ પરમાતમા, સન્તાથી પરખાય,
સેવો ધ્યાવો આતમા, વ્યકિત ભાવે થાય. ૧૯
પ્રેમ ભકિત વિશ્વાસથી, સેવો આતમ દેવ.
આતમ તે પરમાતમા, કીજે તેની સેવ. ૨૦
શુદ્ધરૂપમાં ચેતના, રમતી રહે નિશદિન.
તો પ્રગટે સુખ સંતતિ, પરપુદ્ગલથી ભિન્ન. ૨૧
આત્મ સ્વભાવે રમણતા. સત્ય ચરણ અવધાર.
ગુણ સ્થાનક આરોહવા, પર પરિણતિ નિવાર. ૨૨
પર પરિણતિના નાશથી, સ્થિરતા ઘટમાં થાય.
અખણ્ડ ચિન્મય ચેતના, શુદ્ધ રૂપતા પાય. ૨૩
સારસાર સહુ ગ્રન્થનું. સમ્યક્ ચેતન જ્ઞાન.
ચેત્યા તેમાં જે રમ્યા, પામ્યા શાશ્વત સ્થાન. ૨૪
અનુભવ જ્ઞાને ઓળખે, જ્ઞાની શિવપુર પન્થ,
નિશ્ચય ચરણે તે રમ્યા, સત્ય થયા નિર્ગ્રન્થ ૨૫
ભોગ પંકમાં લેપતા, જ્ઞાની કશુ ન પાય,
જલપંકજવત્ ભિન્ન તે, અન્તરમાંહિ સદાય. ૨૬
અન્તર વૃત્તિ આતમા, ઔદયિક ભાવે ભોગ,
ભોગવતાં પણ યોગિજે. ટાળે ભવભય રોગ. ૨૭
બાહ્યચરણ ચારિત્રમાં, એકાન્તે નહિ ધર્મ,
આત્મજ્ઞાન વિના કદી, ટળે ન આઠ કર્મ. ૨૮
અન્તરનું ચારિત્ર તે, ચક્ષુ થકી ન જણાય,
દૃશ્ય વસ્તુ પુદ્ગલ સદા, ચેતો આતમરાય. ૨૯
અલ્પ સમયમાં સાધીએ. આત્મતત્વ સુખકાર,
લહો ભવિ શુદ્ધાત્મને, પરમ તત્વ અવતાર. ૩૦
સિદ્ધયા સિદ્ધે સિદ્ધશે, કરી કર્મના અંત,
તે સહુ આતમ જાણીને, ઇમ ભાખે ભગવન્ત. ૩૧

આત્મિક શુદ્ધ સ્વભાવના, ઉપયોગે છે ધર્મ,
બુદ્ધિબ્ધિ સુખ શાંતિથી, પામે શાશ્વતશર્મ, ૩૨
અનુભવ બત્રિશી કહી, ગામ પોર દિન એક,
વિચરી આતમ દેશમાં, પામી સાચી ટેક. ૩૩

પોરગામ.

ઓધવજી સન્દેશો કહેજો શ્યામને—એ રાગ,

આત્મપદ,

૯૭

જ્ઞાનાનન્દી તત્ત્વસ્વરૂપી આતમા,
અન્તર્યામી પુરૂષોત્તમ ભગવાનજો.
બ્રહ્મા વિષ્ણુ શંકરને ગોપાળજી.
અનેક નામે શોભે તું ગુણવાનજો. જ્ઞાનાનન્દી. ૧
અન્તર દૃષ્ટિ દર્શન કીજે આત્મનું,
નાસે તેથી ભવભય ભ્રાન્તિ ભર્મજો.
સગુણ નિર્ગુણ આતમ તું સાપેક્ષથી,
અનેકાન્ત સ્વભાવી ત્હારો ધર્મજો. જ્ઞાનાનન્દી. ૨
ત્હારી ભક્તિ સ્થિરતા શાન્તિ આપતી,
સ્વપર પ્રકાશક નિરાધાર નિર્ધારજો.
સંયમ પુષ્પે પૂજો આતમરાયને.
પમાય તેથી ભવસાગરનો પારજો. જ્ઞાનાનન્દી. ૩
રાગદ્વેષથી બહિરાતમપદ જાણીને.
કરજો તેનો જ્ઞાનદૃષ્ટિથી નાશજો.
સ્થિરોપયોગે જાગો તત્ત્વ સ્વરૂપમાં,
અસંખ્ય પ્રદેશે ક્ષાયિકભાવે વાસજો. જ્ઞાનાનન્દી. ૪

સામગ્રી પામીને આતમ ચેતજે,
મોહમાયાનો કરજે નહિ વિશ્વાસજો.
વિષય વિકારો વિષની પેઠે જાણજે.
પરપુદ્ગલની છોડી દેજે આશજો, જ્ઞાનાનન્દી. ૫
અખણ્ડ અવિનાશીની વાટે ચાલજે.
ષડ્દર્શનમાં સહુજન તુજને ગાયજો.
બુદ્ધિસાગર આવિર્ભાવ જગાવવા.
સત્સંગમ ઉદ્યમ કરજો હિતલાયજો. જ્ઞાનાનન્દી. ૬

ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

સાણંદ.

ઓધવજી સન્દેશો કહેજો શ્યામને—એ રાગ,

૯૨

ચિદાનંદ ચેતનજી વહેલો જાગજે.
ભરનિદ્રામાં આયુ નિષ્ફળ જાયજો,
ઊંઘે ઉંઘણુ ચોરો લુંટે ચેતજે,
વૈરણુ નિદ્રાવશથી દુ:ખડાં થાયજો. ચિદાનંદ ૧
કાલ અનાદિ ઉંગ્યો મિથ્યા રાત્રીમાં,
પરસ્વભાવે લેતો શ્વાસોશ્વાસજો.
સર્વ વિઘાતક નિદ્રા દુ:ખની ખાણ છે,
શું કરવો ત્યાં સુખબુદ્ધિ વિશ્વાસજો. ચિદાનંદ ૨
ભવિતવ્યતાયોગે સદ્ગુરૂ સંગથી.
જાગંતાં ઘટ દેખ્યો અનુભવ ભાણુજો,
સ્વત: પ્રકાશી ઝળકી જ્યોતિ આત્મની,
ઉઠ્યો ચેતન આળસ છાંડી જાણજે ચિદાનંદ. ૩

સુખની ધારા પ્રગટી સહજ સમાધિથી,
શમ્યા વિકલ્પો પામી સ્થિરતા બોધજો;
વિષય વાસના આશા તૃષ્ણા પૂજના,
નાઠા દોષો મોહ માયાને ક્રોધજો. ચિદાનંદ૦ ૪
અનુભવ યોગે તાળી લાગી ધ્યાનની,
બાહ્ય ભાવનું ભૂલાયું સહુ ભાનજો;
આતમ રાગે રંગાણી છે ચેતના.
સેવે ઘટમાં શુદ્ધ બુદ્ધ ભગવાનજો. ચિદાનંદ૦ ૫
શ્વાસોશ્વાસે સમરો શાંત કૃપાળુને,
કરશો કરૂણા પ્યારા આપો આપજો;
હરતાં ફરતાં ખાતાં પીતાં પહેરતાં
ધંધો કરતાં સુરતાની છે છાપજો. ચિદાનંદ૦ ૬
દેહિ પણ વિદેહિ પોતે એકલો,
ન્યારો અંતરથી કરતો સહુ કામજો;
ક્ષયોપશમ ઉપશમ ભાવે છે સાધના,
દેશે દર્શન દીન દયાળુ રામજો. ચિદાનંદ૦ ૭
સેવો ધ્યાવો બુઝો આતમરામને,
એનાથી સમજે છે જીવો સર્વજો;
જીવ શિવનો ભેદભાવ ઝઘડો ટળ્યો,
બુદ્ધિસાગર,, નાઠો મિથ્યા ગર્વજો. ચિદાનંદ૦ ૮

સાણંદ.

ઓધવજી સંદેશો કેજો સ્યામને એ રાગ.

પદ.

૯૨

સ્વામીને સેવક તું પ્યારા આતમા,
અવ્યાપક પણ જ્ઞાને વ્યાપક સર્વજો;

અવિનાશી પણ અનિત્ય તું પર્યાયથી,
તુજને જાણ્યાં નાઠો મિથ્યા ગર્વજો. સ્વામીને૦ ૧
આતમભાવે માયા અસતી જાણીએ,
જડ સ્વભાવે છતી માયાને પેખજો;
સંગ્રહની સત્તાથી એકજ આતમા;
અનેક વ્યક્તિ ભાવે આતમ દેખજો. સ્વામીને૦ ૨
નાક વિના શોભે નહિ મુખ સંસારમાં.
વર વિના શોભે નહીં જેવી જાનજો;
મીઠા વણ ભોજનની શોભા જેહવી.
જ્ઞાન વિના આતમનું એવું જાણજો. સ્વામીને૦ ૩
જ્ઞાન વિના સાધો શું આતમ સાધના.
આતમ જ્ઞાને ટળશે કર્મ વિકારજો.
બુદ્ધિસાગર અવસર પામી ચેતીએ.
સદ્ગ્રંથોને સત્ સંગમ આધારજો. સ્વામીને૦ ૪

માણંદ.

પદ

૯૨.

(પદ્મપ્રભુ પ્રાણસે પ્યારા—એ રાગ.)

જગતના ખેલ છે ખોટા, કદી નહીં થાય મન મોટા. જગ૦ ૧
સદા છે દુઃખ માયામાં, સદાસુખ ધ્યાન છાયામાં;
પ્રભુનું નામ સુખ આપે, પ્રભુનું નામ દુઃખ કાપે. જગ૦ ૨
પ્રભુ ભક્તિ ન જો થાશે, તદા દિન દિન દુઃખ થાશે;
જીભલડી ગા જીનેશ્વરને, હૃદય તું દેવને ધરને. જગ૦ ૩

મુઆ જે મોજમાં માતા, તર્યા જે દેવને ગાતા;
જગતમાં જન્મ ધાર્યો તેં, ભજન વિણુ જન્મ હાર્યોતેં. જગ૦ ૪
છેવટની આંખ મીંચાશે, તદા તું ખૂબ પસ્તાશે;
હજી છે હાથમાં બાજી, કરી લે આત્મને રાજી. જગ૦ ૫
ગાદી ઘોડા ગમ્મત ગાડી, સુંદર શય્યા અને લાડી;
મળેલા ભોગ એ જાશે, પાછળથી કોઇ તે ખાશે. જગ૦ ૬
ગણી તું ફોક દુનિયાને, પ્રભુના ભવ્ય ગુણુ ગાને;
બુદ્ધયબ્ધિ સંતનો સંગી, ગ્રહે તે સુખ ગુણુ રંગી. જગ૦ ૮

ગોધાવી.

પદમ પ્રભુ પ્રાણુસેં પ્યારા—એ રાગ.

પદ.

૯૮

અમોને તમો સમા જાતિ, અમોને તમો સમા જ્ઞાતિ;
પશુ પંખી અમારાં છે, અમારાં તે તમારાં છે. અમોને૦ ૧
નહિ કો કોઇનું વૈરી, નહિ કો કોઇનું ઝેરી;
સહુ જીવ મિત્ર મ્હારા છે,:મમત્વ ભાવ વિસાર્યા છે, અમોને૦ ૨
જીવોને પ્રેમથી ભેટું, અમારે કાંઇ નહિ છેટું;
અમારે સર્વથી હળવું, અમારે સર્વથી મળવું. અમોને૦ ૩
દયા ગંગા હૃદય વ્હેતી, અમોને પ્રેમથી કહેતી;
અમારામાં સદા ઝીલે, અનંતા સુખ તસ દીલે. અમોને૦ ૪
અમારી આંખમાં ચંદ્ર, અમારા નેત્રમાં ભદ્ર;
જગત આ ભાસતું મોટું, જગત આ ભાસતું ખોટું અમો ૫
અપેક્ષા જીનની સાચી, એકાંતે વાત છે કાચી;
બુદ્ધયબ્ધિ જીનની સેવા, અમારે શુદ્ધ એ મેવા. અમોને૦ ૬

સાણંદ.

ઓધવજી સદેસો કહેજો શ્યામને. એ રાગ.

પદ. વેપારી ઉપર.

૬૫

વ્યાપારી વ્યાપારે મનડું વાળજે,
કરજે ઉત્તમ સદ્‌વસ્તુ વ્યાપારજો;
કપટ કરીને છેતરજે સહુ કર્મને,
છેતરવા નહિ જીવોને તલભારજો. વ્યાપારી૦ ૧
વિવેક દૃષ્ટિથી સહુ વસ્તુ દેખજો,
સુખકર સારી વસ્તુનો કર પ્યારજો;
દાન દયા સંયમ શીયલને સત્યતા,
સમતા આદિ વસ્તુનો સ્વીકારજો. વ્યાપારી૦ ૨
સોદાગર સદ્‌ગુરૂજી સાચા માનજે,
લોભાદિક ચોરોનો કરજે ખ્યાલજો;
લાભ મળે તે સાચવજે ઉપયોગથી.
અન્તર દૃષ્ટિને કરજે રખવાળજો. વ્યાપારી૦ ૩
સ્યાદ્વાદ દૃષ્ટિનાં કરજે ત્રાજવાં,
સહનસીલતા કાતર સારી રાખજો;
ગજ રાખો વ્યાપારી આતમ જ્ઞાનનો,
સ્થિરતા ગાદી બેશી સાચું ભાખજો. વ્યાપારી૦ ૪
પ્રતિક્રમણના રોજમેળથી દેખજે,
દીવસમાં શું મળીયો લાભાલાભજો;
બાહ્ય લક્ષ્મીની ચચલતાને વારજે,
જલનું બિન્દુ પડિયું જેવું ડાભજો. વ્યાપારી. ૫
દુઃખને પણ સુખ માની હિમ્મત ધારજે,
પરપરિણુતિ વેશ્યાનો સંગ નિવારજો;
ક્ષાયિકભાવે દાનાદિક ગુણ લાભથી,
જન્મ જરાનાં દુઃખ નાસે નિર્ધારજો. વ્યાપારી. ૬

માયાના વ્યાપારો ત્યાગી જ્ઞાનથી,
અન્તરના વ્યાપારે ધરજે ધ્યાનજો;
બુદ્ધિસાગર અનંત સુખડાં સમ્પજે!
આતમ થાવે સિદ્ધ બુદ્ધ ભગવાનજો. વ્યાપારી. ૭

ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

સાણંદ

પદ.

૯૬

રાગ ઝીંઝોટી.

(નાથકેસે ગજકો બંધ છોડાયો—એ રાગ.)

પરમપદ પરમાતમ ગુણગાવું, પ્રેમે નિશદિન ધ્યાવું. પરમ. ૧
સાર શુદ્ધ સિદ્ધાંત સકળનું. આતમ તત્વ પ્રકાશ્યું;
ધ્યાતા ધ્યેય ધ્યાન એકત્વે, સિદ્ધ સમું સુખ ભાસ્યું. પરમ. ૨
આતમ પરમાતમ વિવેચન, દુ:ખ મમતા હરનારૂં;
અન્તર્યામી સાખ પુરે છે, લાગ્યું તે મન પ્યારૂં. પરમ. ૩
ભક્તિ ધ્યાન ઉપાસન યોગે, સાચા સાહિબ સેવું;
પુરણ તત્ત્વ સ્વરૂપે ખેલું, નિજશકિત નિજ દેવું. પરમ. ૪
શુષ્ક જ્ઞાનથી કાજ ન સિદ્ધયું, રહેણીથી ઘટ રીઝું;
અન્તર્યામિ સેવા સાધુ, ખળથી કાંઇ ન ખીજું. પરમ. ૫
ક્ષયોપશમથી બાહ્યરમણતા, ભવમાંહિ ભટકાવે;
ક્ષયોપશમથી અન્તર રમતા, સમભાવે શિવ થાવે. પરમ. ૬
ભુલુ ભાન જગતનું જયારે, જાગે અનુભવ ત્યારે;
ક્ષાયિકભાવે સર્વ પ્રકાશક, ઉતરે પેલી પારે, પરમ. ૭
અવિહડ રાગે મન રંગાણું, અવિહડ રટના લાગી;
બુદ્ધિસાગર ધ્યાન દશાથી, અન્તર્જ્યોતિ જાગી. પરમ. ૮

સાણંદ.

પદ

૯૭

[વૈદરભી વનમાં વલવલે.)

જાગીને જો તું જીવડા, કોણ છે તું શુ કર્મ;
કયાંથી આવ્યો કયાં જાવશે, મૂર્ખ સમજ્યો ન મર્મ. જાગીને.૧
મિલ્કતમાં શું મોહીયો, જૂઠું જગનેરે જાણ;
દેહી પણ નહીં દેહ છે. પરખો દેહ પ્રમાણ. જાગીને. ૨
કુડ કપટમાં કાઢતાં. ભૂંડા જીવતર ભાઈ;
અંતે એકીલો આતમા, સાચી ધર્મ સગાઈ. જાગીને. ૩
મુંઝયો શું માયા માનીને, કદી મુકે ન કાળ;
લાખ લાખોપતિ લોભમાં, બન્યા અંતે બેહાલ. જાગીને. ૪
અથડાતો શું આશમાં, આવે આશા ન અંત;
ચતુર વિવેકી ચેતીને, સેવ સદ્દગુરૂ સંત. . જાગીને. ૫
કાચ કુંપ કાયા કારમી, ઠાલી મુકી દે ઠાઠ;
ભજી લે પ્રભુને ભાવથી, અરે પહોર તું આઠ. જાગીને. ૬
જીવતર ચાલ્યું જાય છે, જેવું નદીઓનું નીર;
ધર્મ ધરો ધરી ધ્યાનને, વારે વળજેરે વીર. જાગીને. ૭
આવ્યો અવસર આતમા, ભોળા ભૂલમ ભુલ;
બુદ્ધિસાગર,, મોહ બાજીમાં, અંતે ધૂળની ધૂળ. જાગીને. ૮
સાણંદ.

પદ.

૯૮

(વૈદરભીવનમાં વલલે—એ રાગ.)

'સેવો સદ્દગુરૂ પ્રાણીયા, સંત સેવ્યાથી સુખ;'
કોટી જન્મની કલ્પના, ટળે કર્મનાં દુઃખ. સેવો૦ ૧

આદિત્યવાર ઉપાસીએ, રૂડા આતમરામ;
શોભે સમતા શાંતિથી, કરિએ ધર્મનાં કામ. સેવો૦ ૨
શુદ્ધ બુદ્ધ પરમાતમા, બુધવારે સેવ;
ગુરૂવારે ગુણ ગાઇએ, જય જય ગુરૂદેવ. સેવો૦ ૩
શુક્રવાર સોહામણો, સુણો સૂત્ર સિદ્ધાંત,
જાગે જ્યોતિ જ્ઞાનની, ટળે ભવની ભ્રાંત. સેવો૦ ૪
શૂરા થઇએ જ્ઞાનમાં, કીજે સંતનો સાથ;
શનિવારે શુભ આતમા, કીજે હીરો હાથ. સેવો૦ ૫
કહેણી રહેણી રાખીએ, રટો આતમરાય;
બુદ્ધિસાગર ભાવથી, લાગો સદ્ગુરૂ પાય. સેવો૦ ૬

સાણંદ.

વૈદરભી વનમાં વલવલે. (એ રાગ)

પદ. સંત ઉપર.

૯૯

સંત સમાગમ હોહિલો, દોષો સહુ હરનાર;
સુધરે ક્ષણમાં આતમા, પામો ભવજળ પાર. સંત૦ ૧
નાખો અગ્નિમાં લાકડાં, તુરત ભસ્મ થનાર;
સંત સમાગમ અગ્નિથી, બળે કર્મ વિકાર. સંત૦ ૨
સ્વપ્ન દશા કોટિ વર્ષની, જાગતાં તે જાય;
ગંગાજળથી નિર્મળા, સદ્ગુરૂનો ન્યાય. સંત૦ ૩
સ્પર્શમણિના સ્પર્શથી, લોઢું સોનુ થાય;
રવિ ઉદયે જગમાં જુઓ, સર્વત્ર જણાય સંત૦ ૪
ઇઅળ ભમરી સંગથી, ભમરી પદ પાય;
બુદ્ધિસાગર સદ્ગુરૂ, સંગમ મહિમાય. સંત૦ ૫

સાણંદ.

પદ.

પદ. શામળીયાની પાઘડી. એ રાગ.

૧૦૦

દેખો દેહદેરાસરમાંહિ પરમ દેવ આતમા,
વન્દો વન્દોરે ભવિક સુજાણ, ઉઠી પરભાતમાં,
દેહદેરાસર દીપતું રે, તીર્છા લોક મઝાર,
લોકાકાશની પેઠે તેનો, વર્તે છે આકાર. પરમ ૧
મતિશ્રુત દોઆંખે કરીરે, દેખો સમકિતદ્વાર;
પેસંતાં તેમાં ભલારે; દીઠા દેવ જયકાર પરમ૦ ૨
બે કર જોડી વન્દીએરે, વીર્યોલ્લાસ વધંત;
અષ્ટ પ્રકારી પૂજનારે, કીજે મન એકંત. પરમ૦ ૩
ઉપશમજલ કલશે ભરીરે, પ્રેમે કરો પખાલ,
અકિન્ચનતા કેશરેરે, પુજો પરમ દયાલ. પરમ૦ ૪
ઉદાસીનતા પુષ્પનીરે, ગુથી માલ ચઢાવ.
ધ્યાન ધૂપ પ્રગટાવીનેરે, મોહુ અશુચિ હઠાવ. પરમ. ૫
જ્ઞાનદીપ પ્રગટાવીએરે, હોવે મહા ઉદ્યોત,
સંયમના શુદ્ધ સ્વસ્તિકેરે, ભળશે જ્યોતિમાં જ્યોત. પ. ૬
અનુભવ રસ નૈવેદ્યથીરે, પામો સુખ અનન્ત;
શિવફલ પુજન શેવનારે, જે કરશે તે મહન્ત. પરમ. ૭
રૂપારૂપી સ્વરૂપથીરે. શકિત અનન્ત; સહાય;
વૈખરીથી ગાવતાંરે, વચન અગોચર થાય. પરમ૦ ૮
પુષ્ટાલમ્બન જાણીએરે, સુત્રસિદ્ધ સુખકાર;
જિનપ્રતિમા જિનવર સમીરે, પૂજો ધરી વ્યહવાર. પરમ. ૯
નિમિત્ત કારણ સેવતાંરે, ઉપાદાન શુદ્ધ થાય;
નયસાપેક્ષે માનતાંરે; જિનશાસન જયકાર. પરમ. ૧૦

ઉપાદાન સમેત્ય પ્રાપ્ય આપોઆપ પુંજાય;
પૂર્ણ ક્ષમાગાંભીર્ય અહો, ચિદાનન્દ ગુણ ગાય. પ્રભુ૦ ૧૨

મુંબઈ સાંતાક્રુઝ.

લગા કલેજે છેદ ગુરોકારે—એ રાગ

૧૦૧

ભયા અનુભવ રંગ મજીઠારે, ઉસકી બાત ન બચને થાતી;
વીરરસનો તો અનુભવ જાણે, મહાજનોકી છાતી.
પતિવ્રતા પતિવ્રતકું જાણે, કુલટા લાતો ખાતી ભયા૦ ૧
શાબ્દિક તાર્કિક પણ્ડિત છાકે, તે પણ ત્યાં થઈ થાકે;
શબ્દતીર પણ જ્યાં નહિ પહોંચે, શબ્દવેધીનાં તાકે ભયા૦ ૨
ગર્ભમાંહિ તો બોલતાને, બહિર જન્મ તબ મૂગે;
મૂંગ ખાયા ગોળ ઉસકી, બાત કછુ ન કરૂંગે. ભયા૦ ૩
જાણે સોતો કછુ ન કહેવે. પરમારથ તસ સચ્ચા;
બુદ્ધિસાગર સદ્ગુરૂ સંગે, પક્કા રહો નહિ કચ્ચા. ભયા૦ ૪

માણસા શાન્તિ:

લગ. કલેજે છેદ ગુરોકારે—એ રાગ.

પદ

૧૦૨

શૂરાની ગત શૂરા જાણેરે, ત્યાંતો કાયર થરથર કંપે;
કથા પુરાણી બહુ કરેરે, રામ રામ કીર જંપે;
પરમારથ પામે સો પૂરા, નહીં વળે કંઈ ગપ્પે. શૂરાની૦ ૧

અનહદ પ્રીત પતિશું લાગી, નિદ્રા ગઇ અબ જાગી;
જલ બીન મિન રહે ન વિછૂટું, રાગ ગયો પણ રાગી શુ૦ ૨
કાન આંખ બિન મારો વાહલમ, સુણતો ને વળી નિરખે;
રૂપાતીત પણ મ્હારો સ્વામી, રૂપારૂપીકું પરખે. શુરાની૦ ૩
સહજ સ્વભાવે અનુભવ રસકું, પીતાં ચઢે ખુમારી;
બુદ્ધિસાગર કોટિ પ્રયત્ને, ઉતરે નહીં ઉતારી. શુરાની૦ ૪

માણુસા

શાંતિ:

લગા કલેજે છેદ ગુરોકારે—એ રાગ.

પદ.

૧૦૩

ભિક્ષુક હોકર ફરી ભવાટ્ટરે, દેર દેર આશા કીવ સગાઇ;
ભટકત ભટકત ભૂલો પડિયો, ઠામ સ્થિર નહીં ઠરીયો.
રાજા પોતે ભિક્ષુક ભ્રમણા, બુદ્ધિ દુઃખનો દરિયો; ભિક્ષુક૦ ૧
માગે તેને કદી ન મળશે, મળશે તે નવી રહેશે.
આપ આપકા ખોજે ઘટમાં, આનન્દ અનહદ લેશે; ભિક્ષુક૦ ૨
ધ્યાન સમાધિ ઘટમેં લાગે, ક્ષુધા પીપાસા ભાગે;
રંગાએ તે કદી ન રાગે, શ્વાસોશ્વાસે જાગે. ભિક્ષુક૦ ૩
આશા તૃષ્ણા જેર હઠાવી, ચિત્ત નિજપદમાં રાખે;
બુદ્ધિસાગર ભિક્ષુક સચ્ચા, અનુભવ અમૃત ચાખે. ભિ૦ ૪

માણસા.

શાન્તિ;

લગા કલેજે છેદ ગુરોકારે—એ રાગ.

પદ.

૧૦૪

ઘટ ખોજ્યા બિન પાર ન આવેરે, દોડત દોડત મનની દોડે;
પુસ્તક શોધ્યા વસ્તુ રોધ્યા, પડી ખબર નહી ઘટકી;
સદ્ગુરૂ સંગે રહો ઉમંગે, લહો ખબર અન્દરકી. ઘટ૦ ૧
જ્યાં ત્યાં માથું મારીનેરે, ભૂલ્યો ભમે પર ઘેર;
પરમાં નિજને શોધવોરે, અહો મહા અન્ધેર. ઘટ૦ ૨
મૃગલો કસ્તુરીની ગંધે, આરો અવળો દોડે;
ભ્રમણાએ ભૂલ છે તે મોટી, તોડે સો નિજ જોડે. ઘટ૦ ૩
પરનો કર્ત્તા પરનો હર્ત્તા, નિજગુણ સહેજે ધર્ત્તા;
આપ સ્વરૂપે આપ પ્રકાશે. સમજે સો જન તરતા. ઘટ૦ ૪
આતમ રૂચિ ગુરૂગમ કુંચી, લહી ઉઘેરો તાળું;
બુદ્ધિસાગર અવસર પાકર. નિજ ઘરમાં ધનમાળુ. ઘટ૦ ૫

માણસા.

ૐ શાંતિ:

લગા કલેજે છેદ ગુરોકારે—એ રાગ.

૧૦૫

સુણ નિજ દેશી વચન હમારારે, શાથી ભમતો તું પરદેશ;
પરદેશે ગાળે દીન કલેશે, ઘડી ન સુખ વિશ્રામા.
તડકે છાંયે સુખ નહિં કાંયે, ઠરતા નહિ એક ઠામા; સુણ૦ ૧
સગાં સંબંધી નિજ ઘર ભૂલ્યો, પરઘર દુઃખમાં ડુલ્યો.
દુઃખમાં સુખની આશ ધરીને, ફોગટ ફુલણ ફુલ્યો; સુણ૦ ૨

નિજ ઘર નારી હોતી ભારી, તેને તેં વિસારી.
દુઃખમાં દીવસ ગાળે ગરીબડી, ગઇ અક્કલ કયાં તારી; સુણ૦ ૩
લાખ ચોરાશી બજારમાંહિ, ભમીશ ઘાટાવાટે.
બુદ્ધિસાગર અવસર પાકર, વળજે નિજ ઘર વાટે; સુણ૦ ૪

માણસા.

લગા કલેજે છેદ ગુરૂકા—એ રાગ.

પદ.

૧૦૬.

શુષ્કજ્ઞાન શું કરી શકેરે, પાંખ વિન ચાલે નહીં પંખી;
તર્ક વિતર્કે વાદ વિચારે; આપમતિએ થાપે;
અંધારે અથડાણા લોકો, શુદ્ધ માર્ગ ઉથાપે; શુષ્ક૦ ૧
સત્યમાર્ગ નહીં દીલમાં સૂઝે, ગુરૂ વચને નહીં બૂઝે;
બ્રહ્મની વાતો કરતા મિથ્યા, પક્ષ તાણમાં ઝૂઝે. શુષ્ક૦ ૨
પરમારથ હેતુ નવી જાણે, શંકાથી મન ડોળે;
ગહન વાતને સત્ય જ્ઞાનની, યુક્તિથી કોઇ તોળે. શુષ્ક૦ ૩
કરવાનું તે દીલ ન ધરતા, બ્રહ્મજ્ઞાની થઇ ફરતા;
જેમ સાજાથી જાણું જાડો, તેમ નિજને અનુસરતા. શુ૦ ૪
પુરૂષાર્થને પ્રેમ પકડે, નહીં પ્રીતિ જસ ઝઘડે;
બુદ્ધિસાગર આતમ જ્ઞાને, પોતાનું નહિ બગડે. શુષ્ક૦ ૫

માણસા.

કોઇ ભેદ અગમમેરા બુઝે, વાકું પરમ અત્થ કર સુજેરે

હેજી એ રાગ.

પદ

૧૦૭

કોઇ નિજગુરૂ ઘટમાં બુજે, વાકું અગમ પન્થ કર સુજેરે, હેજી
સદ્‌ગુરૂ સાહેબ ઘટમાં સમજો, લેમો ઉસકા નામા;
અનામીકા કોઈ નામ ન જાણે, સો પરમાતમ રામા. કોઇ૦ ૧
શ્વાસોશ્વાસ નિશદીન સમરો. રહો ધ્યાને ગુલતાના;
અલખ નિરંજન નિર્ભયદેશી, દેખે સો, મસ્તાના. કોઈ૦ ૨
લગી સમાધિ મિટગઇ વ્યાધિ, જ્યોતિ જ્યોત મિલાયા;
રત્નત્રયીની સ્થિરતા છાજે, સોહિ ચરણ પરખાયા. કોઇ૦ ૩
ગગન મણ્ડલમેં નોબત બાજે, જલ્લરકે ઝણકાર ગાજે;
તાળી અનુભવ રસની લાગી, બાપુરે રાગ મિલાજે. કોઇ૦ ૪
સ્થિરતા સુખમાં હંસા એ તો, ભેદ તસ વિરલા લેતા;
બુદ્ધિસાગર આત્મ ઉજાગર, દશા લહે તે ચેતા. કોઈ૦ ૫

ૐ શાન્તિ.

માણસા.

પદ.

૧૦૮

આતમ તત્ત્વ અનાદિરે, આદિ સિદ્ધપણે તસ પાઉં;
નિશ્ચયનયથી નિર્લેપી જે, આપ સ્વરૂપે ગાઉં. આતમ૦ ૧
ભૂલ્યો પણ તે નહીં ભૂલાએ, ચિદાનંદ પદ વાસી;
કાશી જમના ગંગા ઘટમાં, મિટ ગઈ ઉદાસી. આતમ૦ ૨

જ્ઞાતા જ્ઞેયને જ્ઞાન ત્રિપુટી, નિત્યપણે પ્રકાશી;
જન્મ મરણની દુગ્ધા મિટ ગઇ, દીલભર્યો ઉદાસી. આતમ૦ ૩
સહુ રૂદ્ધિ મુજ ઘટમાં ભાસી, કોણે કઉ સાબાશી;
બુદ્ધિસાગર આતમ જ્ઞાને; મિટે સકલ દુઃખ રાશિ. આતમ૦ ૪

માણસા.

અવળી વાણીં.

પદ.

૧૦૯

પીપળાના ઝાડપર બેઠાં પંખી હોયરે.
તેમાં ગુરૂ ચેલો એક, જ્ઞાનથી જોયરે; જીજીજી૦ ૧
અગ્નિમાંથી જળ પ્રગટ્યું, નભ પહોંચ્યાં પાણીરે.
ગાયની કુખેથી મોટી, સિંહણ વીઆણીરે; જીજીજી૦ ૨
દેનારીને ખીલો દુવે, ભેંસ બેઠી રૂવેરે.
સતીતો વેશ્યાને ખાટે, જુગારીથી સુવેરે; જીજીજી૦ ૩
રાજા તો પ્રજાથી બીવે, અંધારૂ તો દીવેરે.
અજવાળું તો અંધદેખે, સૈને સોય શીવેરે; જીજીજી૦ ૪
તિલોતો ઘાણીને પીલે, ઉલટી એ વાણીરે;
બુદ્ધિસાગર ત્યાં શું જાણે, દુનીયાદીવાનીરે. જીજીજી૦ ૫

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

માણસા.

પદ.

૧૧૧

સુંટાતો ધોળે દહાડેરે, ચૌટા વચ્ચે રાજા ખરો,
જુએ છે અન્ધ આંખેરે, સ્વામિજીની વ્હારે ચઢો;

ક્રૂર લુંટાયાં શૂર લુંટાયા, રંક અને શ્રીમાન્,
પેટ ભરીને શેઠ લુંટાયા, નાગરને નાદાન;
મારો સ્વામી ભોળોરે, પીડા એની દુર કરો. લુંટાતો૦ ૧
બિલ્લી પાછળ ઉંદર ધાયો, ઘાસ ઢોરને ખાય;
શિલા ધોબીને ધુવે ત્યાં, આરો કૌતુક પાય.
ભૂમિપર મીન ચાલેરે, અગ્નિએ બળે પાણી ઝરો. લુંટાતો૦ ૨
શિષ્ય ગુરૂને નિત્ય ભણાવે, વાનર ભણતો વેદ,
નાટકીયાને દુનીયા પૂજે, મોટાને મન ખેદ.
બુદ્ધિસાગર સમજીરે, માયા મોહોદધિ તરો. લુંટાતો૦ ૩

ૐ શાંતિ: ૩
બોરીયા આઝોલ.

અલખ દેશમે બાસ હમારા—એ રાગ,

પદ.

૧૧૧

અજપા જાપે સુરતારે ચાલી, ચઢી ગગન ગઢ ઠેરાણી;
ઝળહળ જ્યોતિરે ઝળકી,
દુઃખ ભવકીરે વિસરાણી; અજપા૦ ૧
અવઘટ ઘાટે અવળી વાટે. ચઢી ડુંગરપર જા બેઠી.
અસંખ્ય પ્રદેશી શિવનાં દર્શન, કરવા દેવળમાં પેઠી. અજ. ૨
નિરાકાર નિઃસંગી નિર્મલ, આતમ દેવકુ વ્હાં દીઠા;
સિદ્ધ સનાતન નિર્ભય દેશી, શુદ્ધ સ્વભાવે જે મીઠા. અજપા ૩
અસંખ્ય પ્રદેશી પરમાતમ સો, વીતરાગ પદને ધારી;
પરમેષ્ઠિમય પરગટ પોતે, તખતેરે બેઠા નિર્ધારી. અજપા૦ ૪
નામ કહું તો નામ ન તેનું, બહુ નામી જગમાં ભાણું;
ગુરૂ સંગસે અનુભવ પાયા, ઉઘડ્યું માયાનુ તાળું. અજપા. ૫

લોકાલોકનો ભાનુ ઝળકયો, નાઠું માયા અંધારૂં
બુદ્ધિસાગર જોતાં જાગી, શુદ્ધ જગ મ્હારૂં જે ત્હારૂં. નિજ પાઠ ૬
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ
મોજેસર.

વાણીયારે મન માયા લાગરી, મન જાગોરે વેરાગી—એ રાગ.

પદ.

૧૧૨

આતમરે મન પ્યાસ લાગીરે તારી પ્રીતડી વૈરાગી.
યોગીરે યતિજન તને શોધતારે આતમા;
ગુણો અવિનાશી કેરા શોધરે વૈરાગી. આતમા० ૧
સાત નયોનું દુર્બીન કરીરે આતમા;
તેથી દેખુંરે ગુણ ગ્રામરે વૈરાગી. આતમા० ૨
રત્ન ભરેલી પેટી પારખીરે આતમા.
તાળાં ખોલીને વસ્તુ દેખીયું વૈરાગી. આતમા० ૩
ઉગ્યોરે સૂરજ જ્ઞાન દીપતોરે આતમા:
માયા અન્ધારૂ નાઠું દૂરરે વૈરાગી. આતમા० ૪
જાગોરે યોગીજન મુનિ ચિન્તન ધરીરે આતમા;
ત્યાગી સંન્યાસી ફકીરરે વૈરાગી. આતમા० ૫
માયારે સાગરને જાંઓ તરીરે આતમા;
બુદ્ધિસાગર પ્રીતિ પારજો વૈરાગી. આતમા० ૬
ૐ શાંતિઃ ૩
વિજાપુર (વિદ્યાપુર)

પદ

૧૧૩

આતમ દૃષ્ટિ નિજ ગુણ સૃષ્ટિ, પ્રગટી વિઘટી માયા;
છાયા ત્યાં તક સાથ રહે છે, જબતક વર્તે કાયા. આતમ૦ ૧
આત્મા અસંખ્ય પ્રદેશી પોતે, આપો આપ નિહાળુ;
શુદ્ધ નિરન્જન આતમરાયા. હું પોતાને તારૂં. આતમ૦ ૨
જયાં ત્યાં ગોતે પરને પોતે. ભવ ભ્રમણામાં ભૂલી;
સદ્‌ગુરૂ કરૂણા દૃષ્ટિ થાતાં, અંતર નૈનાં ખુલી. આતમ૦ ૩
પોતાનાથી ભિન્ન ન પોતે, ભિન્નાભિન્ન સ્વરૂપી;
રૂપારૂપી જ્ઞેયથી ન્યારો. છે સ્યાદ્વાદ સ્વરૂપી. આતમ૦ ૪
શ્રદ્ધા સત્ય સ્વરૂપે ભાસી. જિનને પરપ્રકાશી;
ક્ષાયિક ભાવે શિવ સુખદાયક. ઘટમાં ગંગાકાશી. આતમ૦ ૫
નિજ ઉપયોગે ગુણનો ભોગી. નહિ રાગીને રોગી;
પરને પોતાનું માનીને. કેમ બનું હું શોગી. આતમ૦ ૬
જાતિ ભાત ન લિંગ ન વેદી, શબ્દ થકી હું ન્યારો;
બુદ્ધિસાગર અવસર પામી, ભવિ આતમને તારો. આતમ૦ ૭

ૐ શાંતિ: ૩

માણસા.

રાગ—મારૂ જંગલો,

આતમ પદ

૧૧૪

ભલા જગ કોઇક મુજકું ધ્યાવે. કોઇ૦ ભલા૦
કોઇક ગાવે કોઇક ધ્યાવે, મુજવર કોઇક આવે. ભલા૦ ૧
નાચ નચાવે કોઇક મુજકું, ભિક્ષા કોઇ મગાવે;
કોઇક મ્હારી યાદ ન પાવે, ગમનાગમન કરાવે. ભલા૦ ૨

જાપ જપે કોઇક મ્હારે હેતે, કેઇક ટીલાં તાણે;
મતવાદી મતવાદમાં તાણે, તાણે પણ નહીં જાણે. ભલા૦ ૩
શાબ્દિક તાર્કિક પણ્ડિત મોટા, તે પણ મુજને શોધે;
મત મતાન્તર ઝઘડે પડિયો, વીરલા કોઇક બોધે. ભલા૦ ૪
નિરપેક્ષાએ વ્યાપક માને, વ્યક્તિથી તે ભૂલે;
અણુસમ આતમ કોઇક માને. તે પણ ભવમાં ઝૂલે. ભલા૦ ૫
કર્મ સહિતને કર્મ રહિત એમ. સ્યાદ્વાદથી લેખે;
અષ્ટ પક્ષે અસંખ્ય પ્રદેશી, જ્ઞાને જ્ઞાની દેખે. ૬
વ્યક્તિથી નહિ વ્યાપક આતમ, દેહ પ્રમાણે જાણું;
જ્ઞાને વ્યાપક સાપેક્ષે સહુ, જ્ઞાની મનમાં આણે. ભલા૦ ૭
વાણી કાયાથી હું ન્યારો. પન્ચભૂત નહીં મારો;
બુદ્ધિસાગર અન્તર શોધે, ગ્રહી ગુરૂગમ આધારો. ભલા૦ ૮

ૐ શાંતિ: ૩
માણસા.

કોઈ એક ભુમીઆને ભાવેરે આંબો અમર છેજી એ રાગ.

॥ યોગ પદ ॥

૧૧૫

કોઇ એક યોગિયો વિચારેરે, આતમ અમર છેરેજી,
જરા વિચારી દેહનગરીમાં જુવો,
ત્યારે, અનુભવ આતમ જડશેરે હેજી;
અસંખ્ય પ્રદેશી તખતે બેઠા,
જ્ઞાનિજન હાથમાંહિ ચડશેરે. આતમ૦ ૧
કાયા મન વાણી થકી જુદા પાડી ધરો ધ્યાન,
ધ્યાન સદા સુખ વાસીરે. હેજી૦
ગંગા યમુના તીર્થ સરસ્વતિ, અન્તર પ્રગટ કાશીરે, આતમ૦ ૨

દીલ દરીયામાં જુવો અમર દીવો છે ભાઈ,
કબહુ ન કાળે ઓલવાયોરે. હેજી૦
તીનભુવન જસ અંદર ભાસે, તે હિતું અગમ સમાયોરે આ૦ ૩
નહિ નામ રૂપ જેનાં જ્યોતિરૂપ તેનો સહિ,
નિજમાં નિજ પરખાયોરે. હેજી૦
નિર્ભય દેશી શુદ્ધ પ્રદેશી, જ્ઞાનિજન સોહિ બતલાયોરે. આ૦ ૪
ધરી ધ્યાન એકતાન લહી નિજઘર ભાન,
સોહિ ગુરૂને શોહી ચેલારે. હેજી૦
બુદ્ધિસાગર તું નિર્ભય રહેજે.
સમજે તેની છે આ વેળારે. આતમ૦ ૫

ઓમ્ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

વિજાપુર.

॥ અધ્યાત્મ ॥

પદ.

૧૧૬

અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર તારૂં, ઉપદેશ વૃષ્ટિ ધાર આતમ;
હાંરે વીરા આજનો દીન રળીયાત. હેજી૦ ૧
ક્રિયાની કરી કોદાળીને, વિવેક બાંધો પાળ. આતમ૦
હાંરે વીરા કુબુદ્ધિનાં ઝાંખરાં કાઢ. હેજી૦ ૨
શુદ્ધ જ્ઞાનને ધ્યાનનું ત્યાં, રૂડું હળતો જોડ. આતમ૦
હાંરે વીરા અલખનાં બીજ વવરાવ. હેજી૦ ૩
વાડ કરો સમકિતની ત્યાં, સદ્ગુરૂ ટોયો મેલ. આતમ૦
હાંરે વીરા નગુરાં પંખી ઉડાડ. હેજી૦ ૪
અનુભવ રસની વૃષ્ટિ થાતાં, પાકી એતી પુર. આતમ૦
હાંરે વીરા સઘળી ફળી તમ આશા. હેજી૦ ૫

આતમ ધર્મની ખેતી પાકી, ભાગી ભવની ભૂખ. આતમ૦
હાંરે વીરા ચુકવ્યાં રવાં તેણીવાર. હેજી૦ ૬
આપ સ્વભાવે થઇ ગયો ત્યાં, જીવ તે શીવ સ્વરૂપ. આ૦
હાંરે વીરા બુદ્ધિસાગર ગુણ ગાય. હેજી૦ ૭

ઓમ શાંતિ: શાંતિ: શાંતિ:

પેથાપુર.

અબધુ સો જોગી ગુરૂ મેરા—એ રાગ.

॥ પદ ॥

૧૧૭

અબધુ૦ પક્ષપાત કેમ કીજે, શું સાહિબ ક્યું રીજે. અબધુ૦
પક્ષપાતમાં જગ બંધાણુ, સહુ પોતાનું તાણે,
જ્યાં ત્યાં જાઇ પુછીએ તો, અનુભવ એહ પ્રમાણે. અબધુ૦ ૧
બ્રાહ્મણ બ્રહ્મા વિષ્ણુ વખાણું, બ્રહ્માએ જગ કીધું,
સ્વામિ નારણીયા સહેજાનન્દે, મન પોતાનું દીધું. અબધુ૦ ૨
સારી આલમહે ખુદા હવકી, મુલ્લા યું સમજાવે,
કહેતા ખ્રીસ્તિ પાદરીઓ એમ, ઇશ્વર જગ નિર્માવે. અબધુ૦ ૩
અદ્વૈતવાદી દ્વૈત ન ભાસે, કહેતા ઉલટ આણી,
ક્ષણિક આતમ સૌગત માને, મત પોતાની તાણી. અબધુ૦ ૪
સપ્તનયોકા જ્ઞાનવિના જગ, પક્ષપાત બંધાયા,
અનેકાન્ત મારગ જબ દેખે, તબ નિરપક્ષ ઠરાયા. અબધુ૦ ૫
અલખ નિરંજન પરમાતમસો, દુનીયા નહીં નીપજાવે;
વિષ્ણુ તો નહીં આવે જાવે, ક્યું અવતાર ધરાવે. અબધુ૦ ૬
ખુદા પ્રભુ તો કર્મ રહીત છે, દ્વૈતપણું જગ ભાસે;
નિત્ય આતમા જન્માન્તરમાં, આપસ્વરૂપ પ્રકાશે. અબધુ૦ ૭

કાલ અનાદિ જગ એ જાણો, એહ સ્વભાવ પ્રમાણો;
આપો આપ સ્વરૂપે ખેલો, મન શંકા મત આણો. અવધુ૦ ૮
રાગદ્વેષકો ત્યાગ કરીને, દેખો સહુજન સરખા;
બુદ્ધિસાગર આતમ ધ્યાને, પરમાતમ પદ પરખા. અવધુ૦ ૯
શાંતિ: શાંતિ: શાંતિ:
મહેસાણા.

અવધુ સોજોગી ગુરૂ મેરા—એ રાગ

પદ

૧૧૮

હમતો દુનીયાસેં ન ડરેંગે, આતમ ધ્યાન ધરેંગે. હમતો૦
નિન્દકખાંતે નિન્દા કરશે, ભક્તજનો ગુણ ગાશે,
દુનીયા દીવાની ગાંડા કહેશે, કોઈક મારણ ધાશે. હમતો૦ ૧
કિરિયાવાદી કપટી લેખે, જ્ઞાનવાદી મન ઘહેલો,
ભોગી લેખે આંભિખારી, જુટકી કહે જુટકેલો. હમતો૦ ૨
દુનિયાદારી નહિ હે હમારી, જ્ઞાન દશા ચિત્ત ધારી,
ડાક ડમાલા મુરખ ચાળા, એ સબ ખટપટ વારી. હમતો૦ ૩
સ્યાદ્વાદ મારગ મનમાંહિ, શ્રદ્ધા જીનની સાચી;
અવલમ્બ્યો મારગ એ મોટો, કલિકાલે પણ રાચી. હમતો૦ ૪
ચિત્ત હમારા જ્યાં રંગાયા, ત્યાં હમ રંગે રહીશું;
યોગ્ય જીવની આગળ અન્તર, તત્ત્વની વાતો કહીશું. હમ. ૫
વાડામાંહિ બકરાં રહેશે, મૃગપતિ વનમાં ચરશે;
વિષ્ટાભોજન રાસભ મૌક્તિક, ચારો હંસ તે ચરશે. હમતો૦ ૬
ચિદ્દઘન આતમ અન્તર ખોજે, સ્થિર દૃષ્ટ ચિત્ત ધારી;
બુદ્ધિસાગર શાશ્વત શિવપદ, પામી લહે સુખ ભારી. હમ. ૭
ૐ શાંતિ:
મહેસાણા.

હવે મને હરિ નામશું નેહ લાગ્યો—એ રાગ.

પદ

૧૧૯.

॥ શુરવીર સાધુ વ્રત પાળે છે તે ઉપર ॥

મુક્તિના પન્થે શુરવીર ચાલશેરે, જાગી,
કાયર તો જાય ત્યાંથી ભાગીરે. મુક્તિ૦

સુભટનો વેષ પહેરી પેઠો રણમાં તો,
ચાલે છે સહુની આગે;
ખરાખરીનો જ્યારે ખેલ આવે ત્યારે,
મૂકીવાળીને ભીરૂ ભાગેરે. મુક્તિ૦

સતીનો ડોળ ભલે રાખો સહુ નારિયો,
પતિની સાથ સતી બળશે;
ભક્તિયું તેલ માગે ખરા ભક્તની,
ભક્તિ તે ભાવમાંહિ ભળશેરે. મુક્તિ૦ ૨

દીક્ષા લેઇને, સાધુ કહાવે સહુ,
વીરલા સંયમથી વિચરતા;
કરી કેશરીયાં મોહ હઠાવી,
જય લક્ષ્મી કેઈ વરતારે. મુક્તિ૦ ૩

લીધો વેષ તેને ભજવે છે શૂર જન,
બોલે છે બોલ તેવું પાળે,
બુદ્ધિસાગર શૂરવીર સાધુઓ,
શિવપુર સન્મુખ ચાલેરે. મુક્તિ૦ ૪

———

(હવે મને હરિ નામ શું નેહ લાગ્યો—એ રાગ.

॥ આત્મ પદ. ॥

૧૨૦

પરખ્યાથી પ્રેમી સુરતામાં લય મને લાગી,
મિથ્યા ભ્રમણાઓ ભાગીરે. પરખ્યા.
કડવા લીંબડાના જેવું છે ભવસુખ,
તેમાં ન ચેન કાંઇ પડતું,
વિષય વાસના વિષ સમ જાણી,
મનડું ઉદાસીન કરતું રે. પરખ્યા. ૧
ભોગો તે રોગ જેવા કુંટુમ્બ જાલ જેવું
દેખું ન કયાંઇ સુખ આશા;
મ્હારૂં ત્હારૂં આ સારૂંને ખોટું,
એ સહુ દુનીયા તમાસારે. પરખ્યા૦ ૨
ઝળહળ ઝગમગ જ્ઞાનની જ્યોતિ,
સત્ય આતમને પ્રકાશે;
ઝરમર ઝરમર ઉપશમ ધારા,
મનડું અન્યત્ર ન વાસેરે. પરખ્યા૦ ૩
અનુભવ અમૃત સ્વાદ લહીને,
આત્મસ્વભાવમાંરે રહીશું;
બુદ્ધિસાગર અવિહડ રટનાથી,
ધ્યાન સમાધિ લય લહીશું રે. પરખ્યા૦ ૪

સાણંદ શાન્તિ. ૩.

———

(હવે મને હરિ નામ શુ નેહ લાગ્યો—એ રાગ.)

૧૨૧

ચેતનજી સમજો જુઠી આ દુનીયાની બાજી,
રહયો શું તેમાં રાચી માચીરે. ચેતન૦

અજ્ઞાને અંધ થઇ જોયું ન જીવડા,
આતમ સ્વરૂપ જેહ સાચું;
હસતાં હેં હેં કરતાં એ માનવી,
ફાટી જાશે તારૂં ડાચુરે. ચેતન૦ ૧
મહેલ જણાવ્યા બાગ બનાવ્યા,
લક્ષ્મીના લોભમાં તણાયો;
એક દિન અણધાર્યો ઉડીશ દેહથી,
કોઇ ન જાણે કયાં તું જાયોરે, ચેતન૦ ૨
મનમાં આવે તેવું માની લે માનવી,
અંતે તો કાંઇ નથી ત્હારૂં;
ચેતન ચાલે ગંદીરે કાયા,
મિથ્યા માને મ્હારૂ મ્હારૂરે. ચેતન૦ ૩
ચેતન પણ જડ જેવો બનીને,
કાંઇ ન મનમાં વિચાર્યું;
ગણકાર્યું નહિ ગુરૂનું બોલવું,
મોહે આયુષ્ય સહુ હાર્યુંરે. ચેતન૦ ૪
સમજ સમજ દીલમાંહિરે જીવડા,
ધર્મે ઉદ્યમ ચિત્ત ધારો;
બુદ્ધિસાગર સદ્ગુરૂજીના શરણે,
રહી આતમ ઝટ તારોરે. ચેતન૦ ૫
સાણંદ. ઓમ શાંતિ: ૩.

(હવે મને હરિ નામશું નેહ લાગ્યો—એ રાગ)

૧૨૨

પદ. આત્મસ્વરૂપ કૃષ્ણનું ગાન.

રમજો રંગે કૃષ્ણજી (ચેતનજી) રંગમાંરે રાચી,
સમજીને વાત આતો સાચીરે. રમજો૦ ૧

અસંખ્ય પ્રદેશી આર્ય ક્ષેત્રમાં,
સુમતિ યશોદાના જાયા;
વિવેક નંદના તનુજ સોહાયા,
સમતા વ્રજ દેશે આયારે. રમજો૦ ૧
સ્થિરતા રમણતા રાધાને લક્ષ્મી,
તેહના પ્રેમમાં રંગાયા;
ધારણા દ્વારકામાં વાસ કર્યો રૂડો,
ચરણ વસુદેવ રાયારે. રમજો૦ ૨
ભાવદયા દેવકીનારે છોરૂ,
આકાશ ઉપમાથી કાળા.
અનુભવ દૃષ્ટિ મોરલીના નાદે;
લય લાગી લટકાળારે. રમજો૦ ૩
સાત નયોના વાકયોની મટકી,
વેચે મહિયારણ સારી.
ક્ષયોપશમ જ્ઞાનવૃત્તિ આહીરણ;
આત્મજ્ઞાન દધિ ધારીરે. રમજો૦ ૪
ભેદ જ્ઞાન દૃષ્ટિ લકુટીથી ભાગી,
તત્વામૃત દહી ચાખ્યું.
ગિર્વાણીના ધારી ગિરધારી,
જ્ઞાનિએ ભાવથી એ ભાખ્યુંરે. રમજો૦ ૫
આતમધ્યાનનો રાસ રમાડીને,
આનન્દ વૃત્તિયોને આપે.
રાગ દ્વેષાદિક મોટા જે રાક્ષસ,
તેહને મૂળમાંથી કાપેરે. રમજો૦ ૬
નિશ્ચય વિષ્ણુ વ્યવહારે કૃષ્ણ,
અવતારી જીવ પોતે.

આતમ કૃષ્ણને આતમ નિરખ્યું,
બીજે શીદને તું ગોતેરે. રમજો૦ ૭
અધ્યાતમથી કૃષ્ણ છે આતમ,
ઔદયિક જલધિ નિવાસી;
પરભાવ નાગરાજ જીતીને ઉપર,
પોઢ્યા છે વિષ્ણુ વિલાસીરે. રમજો૦ ૮
નિજગુણ કર્તા પરગુણ કર્તા,
આતમ કૃષ્ણ કહેવાયો;
સમજ્યા વિણ તાણાતાણ કરીને,
અન્તર ભેદ કો ન પાયોરે. રમજો૦ ૯
આતમ કૃષ્ણને ભાવોને ગાવો,
લેજો માનવભવ લ્હાવો;
બુદ્ધિસાગર હરિ આતમરાયા,
અન્તર દૃષ્ટિથી ધ્યાવોરે. રમજો૦ ૧૦

સાણંદ. ૐ શાન્તિ:

આત્મામાં રમો

મનહર છંદ.

મન માને તેવું ખાવો પીવો દુનીઆમાં,
જેવી જેવી ક્રિયા તેવો કર્મનો તો બન્ધ છે,
મન મકલાઈ અરે કુલગુ ફજેતી કરી,
અન્તરના જ્ઞાનવિના દેખતા તો અન્ધ છે.
ચેતનનો બોધ રોધ કરે ઘન ઘાતીયાંનો,
ચેતન પ્રકાશ થકી મુગતિ પમાય છે.
બુદ્ધિનિધિ કહે છે એમ સત્ય વાત જાણવાથી,
અલખ અલખ મુખ યોગિયો તો ગાય છે, ॥ ૧ ॥

મ્હારૂ અને ત્હારૂ એમ ભેદ પાડી ભૂલ કરે;
ચેતનના બોધ વણુ જીવડા કુટાય છે,
ચાર ગતિમાંહિ ભમી ભમીને તો દુઃખ લહ્યાં,
અન્તરની ભૂલ થકી ભવમાં ભમાય છે.
ચેતનન બોધ વિણુ ચેતન તો જડ જેવો,
ચેતનના બોધ વિણુ ચેતન ચૂકાય છે.
ધીનિધિ કહે છે એમ ચેતજે ચતુરજન,
ઘડી સવા લાખની તો જોતામાંહિ જાય છે. ॥ ૨ ॥

ગોધાવી

વિચારી જુઓ.

મનહર છંદ.

કરીને વિચાર ભાઇ દુનીઆમાં દેખી લેજે,
ગાડી વાડી લાડી સહુ માયાની જંજાળ છે,
ધનપતિ નરપતિ સુરપતિ સુખ સહુ
અજ્ઞાનથી માની લેઇ મોહ્યા જીવ બાલ છે.
શોધ કર બોધ કર ચિત્તમાં ચતુર જન
પ્રમદાના પાશમાંહિ શાને પકડાય છે.
જાગ જાગ જીવ જરા જ્ઞાનથી વિચારી જોને
નિત્ય એક ચેતન છે સત્ય સમજાય છે. ॥ ૧ ॥
જરૂર જરૂર જીવ જોને જરા અન્તરમાં
અન્તરના જ્ઞાન થકી દોષ સહુ જાય છે.
શાતાશાતા વેદનીને સમભાવ વેદી લેજે
અન્તરના જ્ઞાન થકી સમભાવ થાય છે.
શ્વાસ ને ઉશ્વાસમાંહિ જીવન વહે છે જીવ,

લોક કહે મોટો ત્હને ન્હાનો થઇ જાય છે.
ધીનિધિ કહે છે એમ ચેતન તું ચેતી લેજે
જિનવાણી ગુણ ખાણી શરણ સહાય છે. ॥ ૨ ॥

ગોધાવી.

જીવને ઉપદેશ.

મનહર છંદ.

અરે જીવ જરા ચિન્તમાંહિ તો વિચારી જોને
જનન મરણ દુઃખ શાને તેહ થાય છે.
કર્મ છે કારણ તેનું કર્મનો વિનાશ કર,
કર્મનાં દલિક રાગ દ્વેશ થકી આય છે.
રાગ અને દ્વેષ ભાવ કર્મના વિનાશ થકી,
નાશ દ્રવ્ય કર્મ તણો પલકમાં થાય છે.
જીવતાં મરણ જેનું જીવતા તે જગમાંહિ,
જાગ જાગ દીલમાંહિ ચતુર ચૂકાય છે. ૧
અન્તરના જ્ઞાન માટે ગુરૂનું શરણ કર,
ગુરૂગમ સેવનાથી સત્ય તો જણાય છે.
જ્ઞાની ધ્યાની મુનિ ગુરૂ શરણ શરણ કર.
ચેતન સ્વરૂપ મુનિ કરૂણાથી પાય છે.
જડમાં જગત્ સહુ જકડાણું જાણી લેઇ,
સુખની તો આશ એક ચેતનમાં ધારજે.
ધીનિધિ કહે છે એમ શિવ સુખ પામવાને
રાગ અને દ્વેષ હોય ચિન્તમાંથી વારજે. ૨

ગોધાવી.

આયુષ્ય જાય છે ચેત.

મનહર છંદ.

ચેતન ચતુર ચેત આયુ વહી જાય અરે,
માંયાથી મસ્તાન થઇ શાને ભટકાય છે.
બાલને યુવાન વય ચાલી જાય ચેત ચિન્ત,
બાહ્યની ઉન્નતિ સ્થિર રહી ન રહાય છે.
સંયોગથી મળ્યો સહુ કુટુમ્બ કબીલો દેખ,
મ્હારૂં મ્હારૂં માની મુઢ મન મલકાય છે.
જડના સંબંધ થકી ન્યારો છે ચેતન તુંહિ,
અજ અવિનાશી એકરૂપ તું કહાય છે, ॥ ૧ ॥
નિરઞ્જન નિરાકાર નિર્મલ પરમ બ્રહ્મ,
સિદ્ધ બુદ્ધ હંસ તુંહિ આનન્દનું સ્થાન છે.
યોગ લેશ્યા મન વાણી દેહ થકી ન્યારો તુંહિ,
દેહવ્યાપિ ચેતનનું જ્ઞાન તે પ્રમાણ છે.
અસંખ્ય પ્રદેશઘન જ્ઞાનમય ચેતન છે,
તુંહિ તુંહિ રટનામાં આનન્દ અપાર છે.
અકલ પ્રભુનું રૂપ જ્ઞાનથી કળાય અહો,
ધીનિધિ પરમ બ્રહ્મ નિત્ય નિરાકાર છે. ॥ ૨ ॥

ગોધાવી.

આત્માજ જ્ઞેય છે.

મનહર છંદ.

જાણવાનુ બહુ એક આદેય ચેતનરૂપ,
જીવમા અનન્તગુણ જ્ઞાનથી સમાય છે;
જિનવાણી ગુણખાણી વિવેકથી દીલઆણી,
શુદ્ધ એક ચેતનને યોગિયો હિ ધ્યાય છે;

સત્તાથી સમાનસિદ્ધ ચેતનને ધ્યાઇએજ,
વ્યક્તિરૂપ થાવે ગુણ સત્તાના તો ધ્યાનથી;
શુદ્ધ ધ્યાન ઉપયોગે શુદ્ધ તો ચેતન થાય,
સ્થિરચિત્ત ધ્યાન કર ગુરૂગમ જ્ઞાનથી. ॥ ૧ ॥
લટપટ ખટપટ ઝટપટ તજી જીવ,
શુદ્ધ બુદ્ધ રૂપ ત્હારૂ સ્થિરચિત્ત ધ્યાવજે;
ફરી ફરી નહિ મળે સમય સુજાણ અરે,
સત્તાએ રહેલી શુદ્ધ બુદ્ધતાને પાવજે;
અશુદ્ધ ચેતન તુંહિ ચાર ગતિ રૂપ છેજ,
ચેતનની શુદ્ધતાથી ભેદ ભાવ જાય છે;
સિદ્ધાંતનો સાર સત્ય સમજ ચેતન એજ,
ધીનિશ્ચિ ચેતન પ્રભુ કોઇ જન પાય છે. ॥ ૨ ॥

ગોઠાવી.

આત્મવત સર્વત્ર દૃષ્ટિ.

મનહર છંદ.

જનની સમાન સહુ લલનાને માની લેજે,
પરધન પત્થર સમાન ચિત્ત ધારજે;
પોતાના ચેતન સમ સહુ જીવ ગણી લેઇ,
મન વચ કાયાથકી કોઇને ન મારજે;
વદક નિન્દક પર ચિત્તની સમાનતાજ,
અશુભ વિચાર થકી ચેતનને વારજે;
ખેલી નિજરૂપમાંહિ શુરવીર થઇ જીવ,
ભવોદધિથકી ઝટ પોતાને તું તારજે. ॥ ૧ ॥
લપછપ ગપછપ તજીને ચેતન હવે,
સ્થિરયોગથકી એક આતમને ધ્યાવજે;

પરમા પ્રવેશ થકા ચિત્તકું અચલ થાય,
માટે હિતશિખ હવે ધ્યાનમાંહિ લાવજે;
ભૂલી સહુ દુનીયાનું ભાન એક ધ્યાન થકી,
સાધ્યમાંહિ સુરતાની લીનતા લગાડજે;
ધીનિધિ કહે છે શુરવીર થઇ જીવ હવે,
વિજય વિજય વાદ્ય વેગથી વગાડજે. ॥ ૨ ॥

ગોધાવી.

આત્મા મહાન્ છે.

મનહર છંદ.

દિનમણિ જ્ઞાનણિ સ્પર્શમણિ જગધણી,
દુઃખહર સુખકર આનંદ નિધાન છે;
અલખ ખલકમાંહી સાચ અન્યકાચ સહુ,
ચેતનાનુભવ સત્ય અમૃતનું પાન છે;
અન્તરના જ્ઞાનથકી જાણ્યા અહો જ્ઞેય સહુ,
અન્તરના ધ્યાનમાંહિ યોગિયો મસ્તાન છે;
સત્ય જિનવાણી જાણી ધીનિધિ તું ચેતી લેજે,
ચેતન વિનાનું અન્ય જાણજે તોફાન છે. ॥ ૧ ॥
જ્ઞાન અને ક્રિયા થકી મોક્ષનો તો પન્થ વહે,
જરૂર સમર્પણ દીલમાં વિચાર જે;
જિનવાણી સત્યજાણી સદ્દહણા કર ભવી,
રત્નત્રયી ગ્રહી જીવ પોતાને તું તારજે;
અષ્ટસિદ્ધિ નવનિધિ ૠદ્ધિનો ભણ્ડાર તુંહિ,
અનંત અનંત જ્ઞેય જ્ઞાનથી જણાય છે;
ધીનિધિ ચેતન ઝટ ચિત્તમાંહિ ચેતી લેજે,
અનંત અનંત સુખ તુજમાં સમાય છે. ॥ ૨ ॥

ગોધાવી.

શુદ્ધ ભાવમાં રમ.

મનહર છંદ.

પામીને મનુષ્યભવ પાપ કર્યાં લાખો ગમે,
તેની યાદી કરી જીવ પશ્ચાતાપ કીજીએ;
હવેથી ન પાપ થાય એવું તો વર્તન રાખ,
નિજમાં રમણતાથી શિવસુખ લીજીએ;
ભૂલ્યો ત્યાંથી ફેર ગણ હવેથી ન ભુલ થાય,
સ્મૃતિ એવી ખાતાં પીતાં ચાલતાં તું રાખજે;
વિચારીને વેણ બોલ વિવેકથી સત્ય તોલ,
ધ્યાનામૃતસ્વાદ ભવિ પ્રેમભરી ચાખજે. ॥ ૧ ॥
ચેત અરે જીવ જરા ચિત્તમાં વિચારી જોને,
જડમાં રમણતાથી જડ જેવો થાય છે;
મોતિચારો હંસ ચરે વિષ્ઠાથી ન પ્રેમ ધરે,
અરે હંસ જીવ કેમ વિષ્ઠામાં મુંઝાય છે.
જાતિ જીવ ત્હારી તેવી રીતિ તો અન્તર રાખ,
ચેતન સ્વરૂપમાંહિ ચેતના સમાવજે;
ધીનશ્વિ ચેતનરૂપ પડ નહી ભવકૂપ,
પરમ સ્વરૂપમાંહિ ચેતના રમાવજે. ॥ ૨ ॥

ગોધાવી.

મનહર છંદ

જડ અને જીવ દોય પરિણમ્યાં પિંડમાંહિ,
ભેદજ્ઞાનદષ્ટિથકી ભિન્નતાને ધારજે.
પય જલ મિલ્યાં હંસ ચંચુથકી ભિન્ન કરે.
વિવેકથી જીવહંસ કર્મને વિદારજે.
કર્મનો સંયોગ તેનો અંતિ જે વિયોગ થાય,

સત્ય મોક્ષ દીલમાંહિ ચેતન વિચારજે.
ચેતનનું રૂપ જપે કર્મ તો અનંત ખપે,
દર્શનની શુદ્ધતાથી સ્વરૂપ નિહારજે. ॥ ૧ ॥
દુનીયાના પ્રેમભાવ વિષના ભરેલા સહુ,
જાણી જીવ શુદ્ધ પ્રેમ અન્તરમાં ધારીએ.
આધિ વ્યાધિ ઉપાધિથી ભરેલ ભવાબ્ધિ આતો,
ચરણના યાનથકી ચેતનને તારીએ.
પોતે તો પોતાને કહું ચેત ઝટપટ અરે.
વીતી વેળા ફરી કદી લેશ નહિ આય છે.
ધીનિધિ ચેતન હવે વાર ન લગાડ કાંઇ.
ખરા તો બપોરે ચૌટામાંહિ શું લુંટાય છે. ॥ ૨ ॥

ગોધાવી.

સુખ દુઃખમાં સમભાવ સ્થિતિ.

મનહર છંદ.

શાતા ને અશાતા હોય વેદનીના બંધ છેજ,
બંધમાંહિ અન્ધ બને મોહિની સંબંધ છે.
ધનની મોટાઇ એતો મોહ મુળ જાણ અહો,
જિનવાણી જાણ્યાવિના દેખતાતો અંધ છે.
સુખ દુઃખ સમભાવે જ્યારે તો વેદાય છેજ,
ત્યારે સત્ય સુખનું તો ભાન દીલ થાય છે.
ધીનિધિ ચેતન પ્રભુ સેવના પમાય જ્યારે,
ત્યારે જન્મ જરા ભય આધિ વ્યાધિ જાય છે. ૧
હેય જ્ઞેય ઉપાદેય જ્ઞાન થકી અરે જીવ,
નવ તત્ત્વ વિચારીને ચરણને પાળજે.

પંચાચાર વળી શુદ્ધ વ્યવહાર નિશ્ચયતઃ,
આવશ્યક ક્રિયા થકી દોષો સહુ ટાળજે.
ધ્યેય ધ્યાન ધ્યાતા એકતાનમાંહે ચેતના છે,
પ્રમેય અનંત જ્ઞાન પ્રમાણથી પેખજે.
ભિન્નાભિન્ન પ્રમેયથી પ્રમાણ જાણીને જીવ,
ધીનિધિ સ્વરૂપ સત્ય ધ્યાનમાંહિ દેખજે. ૨

ગોધાવી.

પાંચ ભાવ.

મનહર છંદ.

ઉપશમ ક્ષય ઉપશમ અને ઔદયિક,
ક્ષાયિકને પરિણામી પંચ એ વિચારજો.
ઉપશમ દોયભેદ ચરણને સમકિત,
અષ્ટાદશ ભેદ ક્ષયોપશમના ધારજો.
જ્ઞાન ચાર ત્રણ છે અજ્ઞાન ત્રણ દર્શનને,
દાનાદિક લબ્ધિ પંચ તેમાંહિ મેળાવજો.
સમકિત ચારિત્રને સંયમાસંયમ એમ,
ભેદ ક્ષયોપશમના ચિત્તમાં રમાવજો. ॥ ૧ ॥
ચાર ચાર ગતિને કષાય ત્રણ લિંગ વળી,
ષટ લેશ્યા અજ્ઞાન મિથ્યાત્વને નિવારજો.
અસિદ્ધતા અસંયમ એકવિશ ભેદ ગણો,
ઔદયિક ભાવનાએ દિલમાંહિ ધારજો,
રત્નત્રયી દાનાદિક પંચ અને સમકિત.
નવભેદ ક્ષાયિકના તેમ મ પમાય છે,
જીવત્વને ભવ્યત્વ અભવ્યત્વ એ ત્રણ ભેદ,
પરિણામિ ભાવનાએ સ્વભાવે મુણાય છે, ॥ ૨ ॥

દોહરા.

પંચભાવના ભેદ એ, ત્રેપન થયા રસાલ,
છઠો સંન્નિપાત છેજ, કહેતા દીન દયાળ. ॥ ૧ ॥
ઉપાદેયને હેય છે, જ્ઞેયભાવ છે પંચ,
આતમ સ્વભાવે લીનતા, રહે ન આશ્રવ રંચ. ॥ ૨ ॥
મનન સ્મરણ વિવેચના, કરતાં સત્ય વિવેક,
બુદ્ધિસાગર આતમમાં, શોધો ધરીને ટેક. ॥ ૩ ॥

ગોધાવી.

આત્માને સ્વરૂપ રમણતાની પ્રેરણા.

છપય છંદ.

ચેતનને ચતુર સુજાણ ચિત્તમાં ચેતી લેજે,
બ્રહ્માનુભવ રંગ સંગ નિશદિન રહેજે;
પર નિજમાં સમભાવ ચેતના ધ્યાને વાળો,
ચિન્મય ચેતન રટન કરીને જીવન ગાળો;
અનુભવ યોગે પામીએ તે ચિદાનન્દ શાશ્વત ખરો,
બુદ્ધિસાગર ધ્યાનયોગે ભવસાગ નિઝટ તરો. ॥ ૧ ॥
અખણ્ડ સ્થિર ઉપયોગ આતમમાં પ્રકટે જ્યારે,
ઝળકે જ્યોતિ શુદ્ધ બ્રહ્મની ઘટમાં ત્યારે;
પડે ન પરમાં ચેન ઘેન વિષયાદિક નાસે,
ફરતાં હરતાં ધ્યાન યોગથી સ્થિરતા ભાસે;
શબ્દ વિષયથી દુર છે તે ચેતનતા સમજો ખરી,
બુદ્ધિસાગર સત્ય જ્યોતિ ચેતનની દિલમાં ધરી. ॥ ૨ ॥

બ્રહ્મ ધ્યાન.

ઝુલણા.

ધ્યાન કર બ્રહ્મનું ધ્યાન કર બ્રહ્મનું,
બ્રહ્મ ચેતન પ્રભુ તું કહાયો;
શુદ્ધ ઉપયોગથી શકિત વ્યકિત જગે,
શુદ્ધ રૂપે પ્રભુ તું સુહાયો. ધ્યાન. ॥ ૧ ॥
કર્મની વર્ગણા ખેરવે ધ્યાનથી,
ધ્યાનથી સત્ય સંતોષ આવે;
ધ્યાનથી અનુભવે જાગતી જ્યોત ત્યાં,
આતમા મુકિતનું શર્મ પાવે ધ્યાન. ॥ ૨ ॥
બ્રહ્મ તે આતમા આતમા બ્રહ્મ છે,
વીર વચનો યથા સત્ય સેવે;
વચન સાપેક્ષથી બ્રહ્મને જાણતાં,
દાન નિજનું સદા નીજ દેવે. ધ્યાન. ॥ ૩ ॥
સપ્ત નયથી કહ્યા ભાવ સાચો લહો
વચન એકાન્તની વાત જૂઠી;
વચન નિરપેક્ષથી ભાવ મિથ્યા લહે,
બ્રહ્મની વાત નિરપેક્ષ જુઠી. ધ્યાન. ॥ ૪ ॥
બ્રહ્મ નિરપેક્ષ સગ્રહ નયે માનતાં
બ્રહ્મમાં ભ્રાન્તિથી ભૂલ થાવે;
વચન સાપેક્ષ સંગ્રહ નયે માનતાં,
વ્યક્તિની ભિન્નતા સત્ય પાવે. ધ્યાન. ॥ ૫ ॥
સૂક્ષ્મ જ્ઞાનિ પ્રભુ ગુરૂગમે ધારિને,
સમજજો સપ્ત નયથી પ્રમાતા;
તત્વવાદે ગ્રહે આતમા બ્રહ્મને,
બુદ્ધિસાગર મુનિ બ્રહ્મ માતા. ધ્યાન. ॥ ૬ ॥

મું. ગોધાવી.

———

આત્માને જાગૃતિભાવનો ઉપદેશ.

ઝુલણા.

જાગરે આતમા જાગરે આતમા, મોહની ઉંઘમાં ચોર લુટે;
વિત્તદારા અને વિષયની વાસના, પાશથી શત્રુઓ ખુબ કુટે.
જાગ. ૧

વૃત્તિ બાહિર્વહે કર્મ આઠ ગ્રહે, આતમા ભ્રાન્તિથી ભાન ભૂલ્યો;
ક્રોધને માનથી લોભ માયાથકી, લક્ષ ચોરાશિમાં ખુબ ઝુલ્યો.
જાગ. ૨

પામી માનવપણું પુણ્ય ઉત્કર્ષથી, મુક્તિ સાધન અરે તેં વિસાર્યું;
ખુબ અપકૃત્યથી પાપ ગાડું ભર્યું, જાવવું નરકમાં કેમ ધાર્યું.
જાગ. ૩

શ્વાસ ઉચ્છ્વાસથી જીવ આયુ ઘટે, ખબર નહિ કાલની કેમ થાશે;
કાલનુ કૃત્ય તે આ ક્ષણે કીજિયે, ધર્મથી આ ભવાબ્ધિ તરાશે.
જાગ. ૪

કોટિ ધન આવશે નહિ કદી સાથમાં, પાપ ને પુણ્ય સાથેજ આવે;
દાન કરજે સદા ધર્મ વાટે મુદા, દાનથી આતમા મોક્ષ પાવે.
જાગ. ૫

સ્મરણ કર દેવનું શરણુ જે દીનનું, સાધુના દર્શને પુણ્ય થાવે;
સાધુ દર્શનથકી સાધુ વન્દનથકી, કોટિભવનાં કર્યાં પાપ જાવે.
જાગ. ૬

સાધુના સઙ્ગથી આતમા જાગતો, તીર્થ જઙ્ગમ મુનિ ભવ્ય સેવો;
તીર્થ જંગમ મુનિ કલ્પવેલ્લી અહો, પુષ્કરાવર્તના મેઘ જેવો.
જાગ. ૭

સાધી લે સિદ્ધિને ધર્મવ્યવહારથી, ભક્તિ ઉત્સાહથી યત્ન ધારો;
ધર્મ કરણી કરી ફોક થાવે નાહું, ધર્મથી આવશે દુઃખ આરો.
જાગ. ૮

ઉંઘ ત્યાગી અહો દેહ દેવળ વિષે, શુદ્ધ ચેતન પ્રભુને જગાડો;
બુદ્ધિસાગર સદા ભાવના મોગરી, સ્મરણનો થડ્ડ હેતે વગાડો.
જાગ. ૯

ગોધાવી.

આત્મપ્રભુની સ્તુતિઃ

ઝૂલણા છંદઃ

સર્વ શક્તિ ધણી યોગ ચિંતામણિ, યોગના પગથિયે પાદ મુકો;
અષ્ટ છે પગથિયાં યોગનાં આતમા, પામી અવસર કદિ તે ન
ચુકો; સર્વ. ॥ ૧ ॥
યમ અને નિયમ આસનને તણા ભેદ બહુ, ચિત્ત ઉત્સાહથી ભવ્ય સાધો;
પ્રાણને સાધિએ પૂરકાદિ થકી. પાંચમા ભેદથી ખુબ વાધો. સર્વ ૨
ધારણા ધારિએ ધ્યાનમાં લીનતા, એમ અભ્યાસથી શક્તિ પ્રકટે,
આઠમા પગથિયે પાદ મુકયા થકી, ચિત્તના દોષનો ભાર ઘટે.
સર્વ. ॥ ૩ ॥
સત્ય આનંદથી પૂર્ણતા પામતાં, કાર્ય સિદ્ધે મટે સહુ ઉદાસી;
હેતુ પંચે મળે કાર્યની સિદ્ધતા, જૈનસ્યાદ્વાદ તત્ત્વે વિલાસી. સર્વ ૪
સર્વ સત્તા ગુણો વ્યક્તિ ભાવે હુવે, કર્મોપાધિ તદા દુર જાવે;
હંસ નિર્મળ હુવે ખેલ ખેલે નવા, સમયમાં સિદ્ધિ સ્થાને સુહાવે. ॥ ૫
રત્નની મંજુષા તાળું દીધું ખરૂં, કુંચિથી ઉઘડતું તેહ તાળું;
તાળું ઉદ્ઘાટતાં રત્ન પામે યથા, આતમઋદ્ધિ તથા દીલ ભાળું. સર્વ ૬
મૃત્તિકા નિર્મલી કુંભનો હેતુ છે, મૃત્તિકા કુમ્ભનું રૂપ પાવે;
દણ્ડ. સામગ્રિથી કીજિએ કુંભને, મૃત્તિકા વ્યક્તિતા રૂપ થાવે. સર્વ ૭
તેમ સત્તાપણે રૂદ્ધિયો સર્વ છે, આત્મમાં મૃત્તિકા પેઠ જાણો;
સાધને સાધિએ વ્યક્તિતા આત્મની, ઉદ્યમે કાર્ય સિદ્ધિ પ્રમાણો સર્વ ૮

આત્મ ભાવે રહી રીઝિએ ગહગહી, પારકા દોષ દેખો ન પ્રાણી;
પારકા દોષ ને દેખતો જ્યાં લગી, ત્યાં લગી નહિ હુવે તેહ નાણી.સ. ૯
દોષ દૃષ્ટે ટળે મોહ માયા ગળે, સાત્ત્વ સાત્ત્વતા મુક્તિ સારી;
બુદ્ધિસાગર લહે શુદ્ધતા બુદ્ધતા, જન્મને મૃત્યુનાં દુઃખવારી. સર્વ ૧૦

ગોધાવી.

આત્માને સ્વસ્વરૂપોપદેશ.

ઝુલણા છન્દ.

અલખના પન્થમાં ચાલજે આતમા,
નાત ને જાત સર્વે વિસારી;
જ્ઞાનના યોગથી તત્ત્વને, પામિને,
શુદ્ધ ચારિત્રતા દીલ ધારી અલખ. ૧
દુગ્ધમાં જળ મળ્યું હંસ જૂદું કરે,
તાદશી દૃષ્ટિને ધાર પ્યારા;
તત્ત્વદૃષ્ટિ ધરી તત્ત્વને પારખો,
યોગવિદ્યા લહી સત્ય ધારા. અલખ. ૨
દૃષ્ટિ સ્યાદ્વાદની વાદ સહુ ટાળતી.
ખાળતી કર્મનો વેગ જ્ઞાને;
શુદ્ધ ઉપયોગથી અનુભવે આતમા,
સત્ય આનન્દને તત્ત્વભાને. અલખ. ૩
જ્ઞેયને ધ્યેય આદેય છે આતમા,
જ્ઞાનથી જ્ઞેય વસ્તુ પ્રકાશી;
જ્ઞેય ને જ્ઞાનરૂપ સદા જે રહે,
વસ્તુધર્મે સદા છે વિલાસી. અલખ. ૪

સેવિએ આતમા સેવિએ આતમા.
દેહ દેવળ રહીને પ્રકાશે;
તારિયે આતમા તારિએ આતમા,
જાગતાં કર્મનો ફન્દ નાસે. અલખ. ૫
બન્ધ સદ્‌ભાવથી મુક્તિ છે જીવની,
બન્ધ નહિ ત્યાં લહો કેમ મુક્તિ;
મુક્તિની યુક્તિમાં મુંઝતા માનવી,
મોહ અજ્ઞાનથી કરી કુયુક્તિ. અલખ. ૬
અલખનો દેશ નિર્ભય સદા શોભતો,
અલખના દેશમાં સત્ય શાન્તિ;
અલખના દેશમાં સત્ય આનન્દ છે.
અલખના જ્ઞાનથી જાય ભ્રાન્તિ. અલખ. ૭
વીર વચનોથકી જાણિએ અલખને,
સાત નયથી ખરો અર્થ ધારી;
ત્યાગિ એકાન્તને અર્થને ધારિયે
પામિએ સત્યથી મુક્તિ નારી. અલખ. ૮
અલખના ખેલમાં ભેળ નહિ કર્મનો,
ખેલિએ અલખનો ખેલ રાગી;
બુદ્ધિસાગર સદા અલખની ધૂનમાં,
સત્યચૈતન્યની જ્યોતિ જાગી. અલખ. ૯

ગોધાવી

યોગ મહિમા.

ઝૂલણા છંદ.

યોગ વિખ્યાતનું ધામ ચેતન પ્રભુ,
શક્તિ સિદ્ધો સમી રહિ પ્રકાશી;

યોગવિદ્ માનવી ચિત્તમાં ધ્યાનથી,
પિણ્ડ બ્રહ્માણ્ડ ભાવો વિલાસી. યોગ૦ ॥ ૧ ॥
ભૂતમયવૃત્તિથી ભ્રાન્તિમાં ભૂલતાં, વૃત્તિથી પરપ્રભુ ન પ્રકાશ્યા;
વૃત્તિથી પરપ્રભુ પામે નહિ વૈખરિ, શુકલ ધ્યાને પરાભાવ વાસ્યા.
યોગ૦ ॥ ૨ ॥
દીપ જ્યોતિઃ પરે જ્યોત જ્યાં જાગતી, સહજ ઉપયોગમાં લીન વૃત્તિ;
શ્વાસ ઉશ્વાસની મન્દતા સ્થિરતા, બાહ્યમાં જાણિએ શૂન્યવૃત્તિ.
યોગ૦ ॥ ૩ ॥
ચક્ર ષટ્ ભેદવાં વાયુનાં પિણ્ડમાં, ગગન ગઢ ચાલવું વંકનાલે;
જ્યોતિ ઝળહળ જગે શોક ચિન્તા ભગે, હંસલો શાન્તિ સુખમાંહિ
મ્હાલે. યોગ૦ ॥ ૪ ॥
ત્વરિત સ્થિરત્વની પ્રાપ્તિ છે સહજમાં, ગ્રન્થી ભેદી લહે મુક્તિ સાચી;
જીવતાં મુક્તિનાં સુખ જે પામતા, સિદ્ધિ તે પામતો સત્ય રાચી.
યોગ૦ ॥ ૫ ॥
સત્ય ઉત્તમ અહો યોગ વિદ્યા ગ્રહો, યોગના ભોગમાં ભવ્ય રાચો;
ચિત્તલય ચેતનાં શુદ્ધતા જ્યાં હુવે, યોગ મહિમા લહો પિણ્ડ સાચો.
યોગ૦ ॥ ૬ ॥
પિણ્ડ બ્રહ્માણ્ડની ઐક્યતા આત્મમાં, શુદ્ધ ઉપયોગથી જેહ જાગે;
અષ્ટ સિદ્ધિ સદા હસ્ત જોડી રહે, ચિત્ત રંગાય નહિ બાહ્યરાગે.
યોગ૦ ॥ ૭ ॥
લબ્ધિ સિદ્ધિતણું સ્થાન તું આતમા, જાગ ચેતન પ્રભુ શુદ્ધ
ભાવે;
ઉંઘ નહિ આતમા અલખના પન્થમાં, અનુક્રમે યોગ સિદ્ધિ
સુહાવે. યોગ૦ ॥ ૮ ॥
અલખની ધૂનમાં ભાસતા દિનમણિ, ભક્તિ ઉત્સાહથી યત્ન ધારો;
બુદ્ધિસાગર સદા જ્યોતમાં જાગજે, શુદ્ધ ચેતન પ્રભુ ચિત
ધ્યારો. યોગ૦ ॥ ૯ ॥

———— ગોધરા.

આત્માને સત્યશિક્ષા.

ઝુલણા છન્દ.

સત્યશિક્ષા સદા આતમા માનજે, નિત્ય આનન્દના ભોગ માટે;
જ્ઞાનિસંગે રહો જ્ઞાન સાચું લહો, ચાલજે મોક્ષની સત્ય વાટે.
સત્ય૦ ૧

મૂર્ખ સઙ્ગત તજો દેવ અર્હન્ ભજો, શરણ ગુરૂનું કરો ભવ્ય પ્રાણી;
દેહ મમતા તજો મોક્ષ સાધન સજો, સત્ય સિદ્ધાન્તનો સાર
તાણી. સત્ય૦ ॥ ૨ ॥

મોહ માયા હરો ધ્યાન ઉત્તમ ધરો, જાપ અજપા જપો તત્ત્વરાગી;
વાસ એકાન્ત ધ્યાને સદા રાચિએ, શુદ્ધ રૂપે સદા ચિત્ત જાગી.
સત્ય૦ ॥ ૩ ॥

કટુકતા લીંબની ભોગની તેહવી, દુઃખદાયી તજોને વિકારો;
ભોગ પ્રારબ્ધના વેદિએ બાહ્યથી, ભિન્ન અન્તરથકી દીલ
ધારો સત્ય૦ ૪

ભોગ રોગો કરી લેખવો મનવિષે, મોહના હેતુને દૂર વારો;
શ્વાસ ઉશ્વાસમાં આયુ જાવે અરે, ત્વરિત ચેતન અરે ભવ્ય
તારો. સત્ય૦ ॥ ૫ ॥

જાય પરભાવમાં શ્વાસ ઉશ્વાસરે, ભવ્ય ભૂલે અરે શું વિચારી;
પામિ માનવપણું ચેતજે ચિત્તમાં, ભૂલતાં દુઃખ પામીશ ભારી.
સત્ય૦ ૬

જ્ઞાન શ્રદ્ધાં ગ્રહી ભક્તિ શક્તિ લહી, યત્ન કરજે પ્રભુ પ્રેમ ધારી;
બુદ્ધિસાગર હવે ચેતજે ચિતમાં, વિષયતૃષ્ણાતણા વેગ વારી.
સત્ય૦ ૭

ગોધાવી.

આત્મધ્યાનમહિમા.

ઝુલણા છન્દ:

અલખ નિર્ભય પ્રભુ દેહમાં વ્યાપિયો, જ્ઞાન વ્યાપક વિભુ તું સુહાયો;
જ્ઞાનની જ્યોતમાં જ્ઞેય ભાસે સકલ, અકલ અક્ષર અરૂપી કહાયો. અલખ૦ ॥ ૧ ॥
જ્ઞેય ભાસક સ્વત: ચિદ્ઘનાનન્દ તું, ભાન ભૂલી વસ્યો તું શરીરે;
લાખ ચોરાશિમાં જન્મ મૃત્યુ કર્યાં, કર્મથી ચઉગતિમાં ફરીરે. અલખ૦ ॥ ૨ ॥
કર્મ કર્તા અને કર્મ ભોક્તા પ્રભુ, કર્મ હર્તા પ્રભુ તું કહાવે;
આપ ભાવે રમે કર્મ કોટી ખપે, કર્મના નાશથી સિદ્ધ થાવે. અલખ૦ ૩
કર્મને ખેંચતો કર્મને છંડતો, અન્ય ભાવે અને સ્વસ્વભાવે;
કર્મની વર્ગણા આવતી જાવતી, દોય પરિણામથી તે સુહાવે. અલખ૦ ૪
દોય પરિણામ તે ભિન્ન કાલે કહ્યા, વચન તીર્થેશનાં સત્ય જાણ્યાં;
ચારગતિ જાવવા છેદવા તું પ્રભુ, વચનસાપેક્ષ મનમાંહિ આણ્યાં. અલખ૦ ॥ ૫ ॥
બન્ધપરિણામથી ધર્મ ઉપયોગથી. સકલ સિદ્ધાન્તનો સાર ભાખ્યો;
વ્યક્તિથી વ્યાપિયો દેહમાંહિ પ્રભુ, વ્યાપ્ય વ્યાપક નયે સત્યદાખ્યો. અલખ૦ ॥ ૬ ॥
સિંહ તું સાહિબા કર્મપિંજર પડયો, જોઇ લે ચિત્તમાંહિ વિમાસી;
કર્મને. ભાર શો આપ ભાવે રમે, કર્મ છેદી હુવે સિદ્ધવાસી. અલખ૦ ૭

શું થતો શું પ્રભુ કર્મનાં ચુથણાં, વિષય મિષ્ટ જાણે ચિત રાચી;
સર્વ પુદ્ગલતણું કારમું રૂપ એ, ભૂંડપેઠે રહ્યા કેમ માચી.
અલખ૦ ૮
જિન તું સાહિબા દીન પરભાવથી, જાગતાં સર્વ શક્તિ પ્રકાશે;
બુદ્ધિસાગર પ્રભુ આતમારામ તું, ધ્યાનથી ધ્યેયરૂપે પ્રભાસે.
અલખ૦ ૯

આત્માને હિતશિક્ષા.

ચન્દ્રવિજય છંદ.

ચેતન ચિત્ત વિચાર અહો સહુ,
જીવન વ્યર્થ સદાય વહે છે;
આતમતત્ત્વ લહે સફલો ભવ,
વીર જિનેશ્વર સત્ય કહે છે.
આદરરે જીવ સાદરથી દીલ,
ધર્મ સદા સુખ શાશ્વતકારી;
ધીનિધિ આતમ જ્ઞાન અરે શિખ,
વીર જિનેશ્વર તત્ત્વ વિચારી. ॥ ૧ ॥
માન અને અપમાન સમા ગણ,
મિત્ર તથા અરિભાવ સમાના;
આતમ તે પરમાતમ સાહિબ,
ધ્યાન થકી કદી હોત ન છાના.
અન્તર ધર્મ ધર્યા વિન નિષ્ફળ,
કષ્ટ ક્રિયા સૌ ચિત્ત સુજાણો;
શ્વાસ ઉશ્વાસવિષે મુનિ નાણથી,
મુક્તિ લહે મનમાં ક્રમ આણો. ॥ ૨ ॥

ધ્યાન ધરો ભલી ભાત સદા ધર;
બાહ્ય ઉપાધિ સદા દુર વારી;
વિશ્વવિષે સુખકારક ધ્યાનજ,
ચેતન તત્ત્વ વિચારજ ધારી.
જ્યોતિ તદા હૃદયે ઝળકે ભલી,
કર્મ કલંક બધા હરનારી;
ધીનિધિ ચેતન સેવનથી યતિ,
ધર્મ લહી સુખ શાશ્વત ભારી.

જ્ઞાનસ્તુતિ.

ભુજંગી છંદ.

સદા જ્ઞાનને વન્દિએ ભવ્યભાવે, મનુષ્યો લહી જ્ઞાનને મુક્તિ પાવે,
વિના જ્ઞાન ભવ્યો ગણો અન્ધ જેવા. સદા જ્ઞાનની કીજિએ ભવ્ય સેવા. ૧
જીનેન્દ્ર પ્રભુ જ્ઞાનને મુખ્ય ભાખે. લહી જ્ઞાનને તીર્થને સૂરિ રાખે
સદા સુર્યવત્ જેહ તત્ત્વ પ્રકાશી. ભવી પ્રાણિયો જ્ઞાનના નિત્ય પ્યાસી. ૨
ઉપાદેયને હેયને જ્ઞેય ભાવા. સદા જ્ઞાનમાં ભાસતા તે સ્વભાવા
જુઓ ધ્વંસ પ્રધ્વંસમાં ભવ્ય નાણી, કરે કર્મની નષ્ટતા સત્ય જાણી. ૩
સદા જ્ઞાનની જ્યોતમાં સર્વ ભાસે, સહુ જ્ઞાનની જ્યોતિથી કર્મ નાસે
વિના જ્ઞાન ભવ્યો ન હોવે વિવેકી; વિના જ્ઞાનથી ધર્મના કો ન ટેકી. ૪
નમો જ્ઞાનને સત્યનું જે પ્રકાશી, કહો જ્ઞાનને ઉપમા ગંગ કાશી;
દિસે શોભતું જ્ઞાન ઉદ્યોતકારી, શ્રુતજ્ઞાનને વન્દના નિત્ય મ્હારી. ૫
જુઓ સૂત્રમાં જ્ઞાન છે તીર્થ સાચું, શ્રુત જ્ઞાનના તીર્થમાં નિત્ય રાચું;
ભણાવો ગણાવો ભણો ભવ્ય ભાવે, શ્રુતજ્ઞાનથી દોષના વૃન્દ જાવે. ૬
અહો જ્ઞાન સાચું સ્વનિત્ય પ્રકાશી, જગત્માં ઘણું દીપતું જે વિલાસી;
નમું છું સદા જ્ઞાનને પાય લાગી, અહો બુદ્ધિની ચેતના શુદ્ધ જાગી. ૭

ઉજ્જવલધ્યાન.

દોહરા.

એકરૂપ હું દ્રવ્યથી, એકરૂપ હું સત્ત્વ;
હું તું શસ્યા વિકલ્પ સહુ, શુદ્ધઃબુદ્ધ સુખતન્ત્ર. ૧
શુદ્ધતત્વ ઉપયોગથી, પ્રગટે સત્યાનન્દ;
અનુભવના જ્ઞાની અહો, સમજે શું મતિમન્દ ૨
ઉપાદાન નિમિત્ત હોય, ભેદે ધર્મ કથાય;
જિનવરની વાણી કહે, ભેદ ભાવ સહુ જાય. ૩

આત્માને અલખદેશોપદેશ.

લલીત.

અલખ દેશમાં હંસ ચાલવું, અલખ દેશમાં હંસ મ્હાલવું,
અલખ દેશની ધૂન ધારવી, અશુભ જીવની ટેવ વારવી. ॥૧॥
ખલકમાં ખરે બ્રહ્મ સાચ છે, અલખના વિના અન્ય કાચ છે,
અલખ ધૂનમાં લક્ષ્ય છે ખરૂ, અલખ દેશને પ્રેમથી વરૂ. ॥૨॥
અલખ રઙ્ગમાં રાગ છે ખરો, અલખ ગઙ્ગમાં સ્નાનને કરો;
અલખ ધ્યાનથી અબ્ધિને તરો, અલખ ધૂનથી કર્મને હરો. ॥૩॥
અલખ દેશમાં ક્લેશ ના કદા, અલખ દેશને પામિએ યદા,
અલખ જ્યોતથી સર્વ ભાસતું, અલખ જ્યોતથી કર્મ નાસતું. ૪
અલખ સત્ય છે પિણ્ડ જાગતો, અલખ ધૂનમાં ભવ્ય રાગતો,
અલખ આત્મના ધ્યાનમાં રહુ, અલખ શાન્તિને પ્રેમથી લહું. ॥ ૫ ॥
અલખ જ્યોતમાં જાગવું સદા, અલખ જ્યોતમાં દુઃખ ના કદા,
અલખ દેશની ધૂનમાં રહે, અલખ તત્ત્વને યોગિયો લહે ॥ ૬॥

સમાધિ.

સવૈયા એકતીસા.

આત્મસમાધિ જગમાં મોટી, તારે ભવોદધિની પાર,
ચિન્મય ચેતન આપસ્વભાવે, શાશ્વતસુખ વેદે નિર્ધાર;
સદ્ગુરૂ જ્ઞાની મુનિ અવલંબી, આતમ સમાધિ પામો સાર,
સ્થિરોપયોગે ચેતન ધ્યાવો, અનન્ત સુખ પામો નરનાર. ॥ ૧ ॥
બાહ્યવસ્તુમાં ઈષ્ટાનિષ્ટે, મુંઝયો આતમ ભૂલી ભાન,
રાગ દ્વેષથી કર્મગ્રહીને, ભ્રમણ કરે ભવમાં નાદાન;
રત્નત્રયીની પ્રાપ્તિ વિણુ આ, જાણો ફોગટ મનુ અવતાર,
સ્થિરોપયોગે ચેતન ધ્યાવો, અનંત સુખ પામો નરનાર. ॥ ૨ ॥
દર્શન નાણુ અને વળી ચરણે, પામો સાચો મોક્ષ સુપન્થ,
તત્ત્વાર્થમાંહિ સાચું ભાખ્યું, સાખ પૂરે છે બહુલા ગ્રન્થ;
રત્નત્રયી મળતાં છે મુક્તિ—એક એકથી કદી ન ધાર,
સ્થિરોપયોગે ચેતન ધ્યાવો, અનન્ત સુખ પામો નરનાર. ॥ ૩ ॥
પિણ્ડસ્થાદિક ચાર ભેદથી, ધ્યાવો ચેતન સુખ ભરપૂર,
અપ્પા સો પરમપ્પા પરગટ, ચેતનથી મુક્તિ નહીં દૂર;
તિરોભાવિ ચેતન ગુણ સત્તા, આવિર્ભાવે કૃત્ય વિચાર,
સ્થિરોપયોગે ચેતન ધ્યાવો, અનન્ત સુખ પામો નરનાર. ॥ ૪ ॥
અશુદ્ધ ભાવે પુદ્ગલ કર્ત્તા, હર્ત્તા શુદ્ધ સ્વભાવે ભવ્ય,
અન્તરના ઉપયોગે રહેવું, ભાવ ધર્મનું એ કર્તવ્ય;
શુદ્ધ સ્વભાવે શક્તિ પ્રગટે, કર્મ મર્મનો નાસે ભાર,
સ્થિરોપયોગે ચેતન ધ્યાવો, અનન્તસુખ પામો નરનાર. ॥ ૫ ॥
ભાસે જ્ઞેયસ્વરૂપે સુખ પણ, જ્ઞાને જ્ઞાતા ચેતનરાય,
ઉપશમ ક્ષયોપશમ ને ક્ષાયિક, સત્ય ધર્મ ચેતન જયકાર;
સુખની ધારા જગ જયકારા, પ્રગટે ચેતનમાં જયકાર,
સ્થિરોપયોગે ચેતન ધ્યાવો, અનન્ત સુખ પામો નરનાર. ॥ ૬ ॥

ધર્મ ધ્યાનના પાયા ચારે, ભાવ ભક્તિથી છે સુખકાર,
ચાર ભાવના મૈત્રી આદિક, ધ્યાતાં નાસે મિથ્યાભાર,
સ્થિત્યુત્પત્તિ વ્યયનો યોગી, અશુદ્ધ પરિણતિને હરનાર;
સ્થિરોપયોગે ચેતન ધ્યાવો, અનન્ત સુખ પામો નરનાર. ॥ ૭ ॥
સ્મરજો શ્વાસોશ્વાસે ચેતન, કેવલનાણી સુખની ખાણ;
તપ જપ સંયમ ચેતન હેતે, કરશો પામી જિનવર આણ,
બુદ્ધિસાગર સદ્ગુરૂ સંગતિ, કરજો ધરીને સદ્વ્યવહાર;
સ્થિરોપયોગે ચેતન ધ્યાવો, અનન્ત સુખ પામો નરનાર. ॥૮॥

અમદાવાદ

આત્માનુભવ સ્વરૂપ,

સવૈયા એકતીસા.

અનુભવના પ્યાસિ તું હંસા, અલખ સ્વરૂપી છે નિર્ધાર,
સોહં સોઽહં ચિન્મય ચેતન, બ્રહ્મ સ્વરૂપી જ્ઞાનાધાર;
જકડાણો શું માયા જાળે, ભૂલીને પોતાનું ભાન,
સ્વયં પ્રકાશી પર પ્રકાશી, ચેતન ધર પોતાનું ધ્યાન. ॥ ૧ ॥

આંખે સારૂં ખોટું દેખે, આંખ મિંચાયે તે સહુ ફોક,
હું ને મારૂં સહુ છે મિથ્યા, મમતા કરતા ફોગટ લોક;
મ્હારૂં ત્હારૂં ભૂલી હંસા, કરતું શાશ્વત ગુણનો પ્યાર,
નિર્ભય દેશી સિદ્ધ સમોવડ, અનંત ગુણનો છે દાતાર. ॥ ૨ ॥

દશ્યાનિષ્ટપણું સહુ મિથ્યા, પુદ્ગલમાં ભાસે નહિ સાર,
સ્થિરોપયોગે વીર્ય શક્તિની, પ્રાપ્તિ ચેતનમાં છે ધાર;
શક્તિ અનંતિ ચેતન પ્રકટે, કરતાં પિંડસ્થાદિક ધ્યાન,
નમું નમું હું ચેતનરાયા, શુદ્ધ બુદ્ધ ત્રાતા ભગવાન. ॥૩॥

અકલકલા જગજીવન ત્હારી, મહિમા ત્હારો અપરંપાર,
શ્વાસોશ્વાસે અજપાજાપે, અનુભવ જ્યોતિ પ્રકટે સાર;
અહો ધન્ય તું આતમરાયા, નિરાકાર વર્તે સાકાર,
બુદ્ધિસાગર અવસર પામી, આતમ તું પોતાને તાર. ॥૮॥

નવતત્ત્વસ્વરૂપ.

સવૈયા એકતીસા.

જડ ચેતન આસ્રવ ને સંવર, નિર્જર બન્ધ અને છે મોક્ષ,
સપ્ત તત્ત્વ એ ચિન્ત વિચારી, સમજીને પ્રત્યક્ષ પરોક્ષ;
અજીવ આસ્રવ બન્ધ ત્રણ એ, હેય વિજાતિ હૃદયે ધાર,
સમજી ચેતન સમ્યગ્ જ્ઞાને, ભવજલધિ તરશો નરનાર. ॥ ૧ ॥
જીવ સંવર નિર્જર ને મુક્તિ, ઉપાદેય તત્ત્વો છે ચાર,
સમ્વર નિર્જર મોક્ષ તત્વનો, સાચો છે ચેતન આધાર;
જ્ઞેય સદા છે તત્ત્વો સાચાં ચઉ નિક્ષેપે છે અવતાર,
સમજી ચેતન સમ્યગ્ જ્ઞાને, ભવજલધિ તરશો નરનાર. ॥ ૨ ॥
જડ ચેતન બે તત્ત્વો કહિએ, બે તત્ત્વોમાં સર્વ સમાય,
વિવેક દૃષ્ટિ પ્રકટન અર્થે, સપ્તતત્ત્વ પણ છે સુખદાય;
સાત નયોથી સપ્ત તત્ત્વનો, સમજો ગુરૂગમથી વિસ્તાર,
સમજી ચેતન સમ્યગ્ જ્ઞાને, ભવજલધિ તરશો નરનાર. ॥ ૩ ॥
આશ્રવના બે ભેદો પાડે, પુણ્ય પાપ બે તત્ત્વો થાય,
નવ તત્ત્વો સિદ્ધાન્તે ગાયાં, જ્ઞાનીને સર્વે સમજાય;
સાપેક્ષે તત્ત્વોની વ્હેંચણ, કરશે આગમનો ભણનાર,
સમજી ચેતન સમ્યગ્ જ્ઞાને, ભવજલધિ તરશો નરનાર ॥ ૪ ॥
નવ તત્ત્વોના ભેદ ઘણા છે, જિન આગમમાં ભાખ્યા સાર,

ષટ્દ્રવ્યોમાં તત્ત્વ સમાતાં, ભાખે શ્રી ગૌતમ ગણધાર;
બુદ્ધિસાગર તત્ત્વોનું નવ, વર્ણન કરતાં નાવે પાર, ॥ " ॥
સમજી ચેતન સમ્યગ્ જ્ઞાને, ભવજલધિ તરશો નરનાર.

રાગ કાન્હરો.

૫૯.

આતમ અનુભવ રટના લાગી, સુરતા અન્તરમાં સ્થિર જાગી
આતમ૦ ॥ ૧ ॥
ચિદ્ઘન ચેતન મનમાં ધ્યાવો, સોઽહં સોઽહં પદથી ગાવો
આતમ૦ ॥ ૨ ॥
જળપંકજવત્ અન્તર ન્યારો, સ્થિર ઉપયોગ હોય ઉજિયારો.
આતમ૦ ॥ ૩ ॥
સમતા સરોવર હંસા ખેલે, સંવરથી આશ્રવ હડસેલે.
આતમ૦ ॥ ૪ ॥
અનુભવામૃત ક્ષણ ક્ષણ પીવો, શુદ્ધ સ્વરૂપે નિશદિન જીવો.
આતમ૦ ॥ ૫ ॥
ક્ષાયિકભાવે નિજપદ મળવું, બુદ્ધિસાગર નિજપદ ભળવું.
આતમ૦ ॥ ૬ ।

અસલ ફકીરીના ખુમારી

ગજલ.

ફકીરી ત્યાં ન દીલગીરી, ફકીરી અર્પતી સિદ્ધિ;
ફકીરી દુઃખ હરનારી, ફકીરી સુખ કરનારી. ફકીરી૦ ૧

ફીકરની ફાકીઓ ભરવી, ફકીરી દીલમાં ધરવી;
ફોગટ નહિ ફંદમાં ફુલવું, ભણીને ભાવ નહિ ભૂલવું. ફકીરી૦ ૨
જગતમાં જાગતું જ્યોતિ:, ખરૂં શોધ્યું જીવન મોતિ;
અમારે શોધવું સાચુ, હમારે છોડવું કાચું. ફકીરી૦ ૩
હમારે ચાલવું દેશે, હમારે આત્મના વેષે;
હમારે સર્વનું સહેવું, ભલામાં નિત્ય ચિત્ત દેવું. ફકીરી૦ ૪
અલખના પ્રેમમાં તરવું, અલખના પ્રેમમાં ફરવું;
બુદ્ધયબ્ધિ પ્રેમના પ્યારા, ફકીરી વેષ છે ન્યારા. ફકીરી૦ ૫

ઓધવજી સદેશો કહેશો શ્યામને—એ રાગ

રામ પદ.

રામ રામ રટના લાગી છે જ્ઞાનથી,
પિંડે પરગટ વસિયો આતમરામ જો ટેક.
નિજગુણ રમતો રામ કહાયો આતમા;
જીવ ચેતન આતમ સહુ એનાં નામજો. રામ રામ૦ ॥ ૧ ॥
ઉપશમ ક્ષયોપશમને ક્ષાયિક ભાવથી;
રંગાયા જીવો તે માટે રામ જો,
સમતા સીતા સતીના સ્વામી રામજી;
નામી પણ નિશ્ચય કીજે નીર્નામજો. રામ રામ૦ ॥ ૨ ॥
અભિમાન રાવણને મારી લાવીયા,
સમતા સીતા સતીને જે નિજ ઘરજો;
અનંત સુખડાં પામ્યા તે શ્રી રામજી.
ભોગવતા તે મુક્તિ સુખની લ્હેર જો. રામ રામ૦ ॥ ૩ ॥
પિણ્ડ સૃષ્ટિ કર્તા હર્તા શ્રી રામજી;

નહિ બ્રહ્માંડતણા કર્તા કહેવાય જો,
પિણ્ડે વસીને આપણ્ડ આતમ ઓળખ્યો;
સત્યરામ આતમ પિણ્ડે પરખાયજો. રામ રામ૦ ૪ ॥
પિણ્ડ તજીને કેઇક રામો સિદ્ધિયા;
કેઇક રામો સિદ્ધ થશે નિર્ધારજો,
રામ રામ રટનાથી આતમ રામ થઇ
પામે ભાવસાગરનો જલ્દી પારજો. રામ રામ ॥ ૫ ॥
સમજ્યાવિણ ભૂલ્યા રામનામથી માનવી;
શબ્દભેદથી કરતા તાણંતાણ જો,
રામનામ લક્ષ્યાર્થે રામ જગાવીને;
પામો અનુભવ રંગે સુખની ખાણજો. રામ રામ૦ ॥ ૬ ॥
" અપ્પા સો પરમપ્પા " પિણ્ડે રામ છે;
અનેકાન્ત દર્શનથી તેનું ધ્યાન જો,
બુદ્ધિસાગર રામ રામ રટના થકી;
શુદ્ધ બુદ્ધ ચેતનજી શ્રી ભગવાન્ જો. રામ રામ૦ ॥ ૭ ॥

કૃષ્ણ સ્તવન.

ઓધવજી સંદેશો કહેજો શ્યામને-એ રાગ.

ઔદયિક જલધિમાં શું ઉંઘો કૃષ્ણજી
રત્નત્રયી લક્ષ્મીના સ્વામી વીર જો,
અનન્ત નિજગુણ સૃષ્ટિપાલક વિષ્ણુજી
ગિર્વાણી ધારક ગિરધારી વીર જો. ઔદયિક૦ ॥ ૧ ॥
સમકિત ચક્ર સુદર્શન હૃદયે ધારતા,
મોહાદિ જોધા અસુરોના નાશજો.

જાગતાં દુશ્મનો સહુ દૂરે ભાગશે,
ક્રોધ ન શત્રુ ભરશે તુજથી બાથજો. ઔદયિક૦ ॥ ૨ ॥
પ્રાણપતિ પરકર્તા ભોકતા તું થયો,
પર સ્વભાવે રમતાં શ્રી ભગવાનજો,
આપ સ્વભાવે રમતાં સુખડાં સહુ લહે,
જાગ જાગ ચેતનજી લાવી ભાનજો. ઔદયિક૦ ॥ ૩ ॥
પરકર્તા પરભોકતા સ્વામી નહિ હુવે,
આપ સ્વભાવે રમતાં આતમ રામજો,
નિજગુણ કર્તા પરગુણ હર્તા ધ્યાનથી,
કૃષ્ણ વિષ્ણુ એ છે સહુ આતમ નામજો. ઔદયિક૦ ॥ ૪ ॥
અનેકાન્ત દર્શનથી ચેતન કૃષ્ણ છે,
શુદ્ધ ચેતના ગોપી વિનવે વ્હાલજો.
બુદ્ધિસાગર સપ્ત નયોથી આતમા,
ગાવો ગાવો પ્રગટે મંગલ માલ જો. ઔદયિક૦ ॥ ૫ ॥

આત્મવિજ્ઞપ્તિ.

॥ વ્હેંચશું ભકિતનાં ભાઇ નાણું એ રાગ. ॥

આતમા અરજી આ ઉરમાં સ્વીકારો, ધ્યાને પોતાને તો તારોરે.
આતમા૦ ટેક.
પુદ્ગલનાં ચુંથણાં ચુંથ્યાં અજ્ઞાનથી, આવ્યો ન ચુંથતાં તે આરો;
ભ્રાન્તિથી ભુલી ન જોયું સ્વરુપ મેં, આશરો એક છે તમારોરે.
આતમા૦ ॥ ૧ ॥
હરિહર દેવતા બ્રહ્મા ને શક્તિ, કેઇક તીર્થ વિચારો;
તુજમાંહિ સર્વે સમાયા છે તીર્થો, વીનંતિ આ દીલમાંહિં ધારોરે.
આતમા૦ ॥ ૨ ॥

દેવનો દેવ અને રાજાનો રાય તું, પ્રભુ તું પ્રાણથીરે પ્યારો;
શ્રદ્ધા કહે મુજ સ્વામિજી વ્હાલા, ઝાલોને હાથ તમે મારોરે.
આતમા૦ ॥ ૩ ॥
અન્તરમાં શોધ તું સાચા સાહિબને, દુઃખનો આવશેરે આરો;
બુદ્ધિસાગર ચેત ચેતન ચતુર તું, અન્તરમાં હોય ઉજિયારોરે.
આતમા૦ ॥ ૪ ॥

અનુભવદ્વાસપ્તતિ;

છપ્પા છન્દ.

પરમ મહોદય શ્રી પરમેશ, વન્દુ ભાવે શ્રી જિનેશ;
ભજન સ્મરણ કીર્તન તવ સેવ, શાશ્વત અનુભવ અમૃત મેવ,
અન્તર તવ સરખો મુજ દેશ, પરમ મહોદય શ્રી પરમેશ. ૧
સત્તાથી જોતાં નહિ ભેદ, સિદ્ધસમો વર્તે છે વેદ;
સ્વરૂપ ભૂલી હાર્યો રત્ન, કર્યો ન કિંચિત્ ચેતન યત્ન,
પરસ્વભાવે પામું ખેદ, સત્તાથી જોતાં નહિ ભેદ. ૨
અન્તર ત્હારી શક્તિ ઘણી, જાગ જાગ ચેતન દિનમણિ;
રત્નત્રયીનો ભોકતા સાર, ત્હારા ગુણનો નાવે પાર,
ચિદાનન્દ સોહે જગત્રણી, અન્તર ત્હારી શક્તિ ઘણી. ૩
શરીર પિણ્ડે વસિયો સાજ, કર્મ ગ્રહણથી ભવનાં કાજ;
પરમાં શક્તિ ત્હારી મળે, તેથી તું પુદ્ગલમાં ભળે,
તુજવિણ પુદ્ગલ જાચું કાચ, શરીર પિણ્ડે વસિયો સાચ. ૪
ત્હારી શક્તિ અપરંપાર, અધુના કર્માચ્છાદિત ધાર,
ચેતન ધ્યાને પ્રગટે સર્વ, અહંભાવનો નાસે ગર્વ;
સ્યાદ્વાદ સત્તા સુખકાર, ત્હારી શક્તિ અપરંપાર. ૫

અજ્ઞાને જડમાં સુખ દુઃખ, માની બેઠી મોટી ભૂખ;
સુખ દુઃખના હેતુ નહિ સત્ય, જડમાં જાણો ભવ્ય અસત્ય,
રાગદ્વેષ ને ભ્રાન્તિ મુખ, અજ્ઞાને જડમાં સુખ દુઃખ. ૬
મન ફેરે સુખ દુઃખનો ફેર, નહિ સમજયાથી એ અન્ધેર;
મનથી આતમ ન્યારો ભવ્ય, આત્મિક ધર્મે તુજ કર્તવ્ય,
આત્મસ્વભાવે રમતાં લ્હેર, મન ફેરે સુખ દુઃખનો ફેર. ૭
સુખ દુઃખ બાહ્ય વિષયમાં થાય, તબતક મોહતણો મહિમાય;
સુખ દુઃખ હેતુ વિષયો કહ્યા, વીરે તે મનમાં સદ્દહ્યા,
પણ પુદ્ગલ સંગે કહેવાય, સુખ દુઃખ બાહ્ય વિષયમાં થાય. ૮
બાહ્ય વિષયમાં સુખની આશ, તબતક તું પુદ્ગલનો દાસ;
બાહિર્સુખની ભ્રાન્તિ ટળે, ત્યારે શાશ્વત સુખડાં મળે,
મોહમદિરાની દુર્વાસ, બાહ્યવિષયમાં સુખની આશ. ૯
સુખ દુઃખ બાહ્યવિષયમાં શુન્ય, એવી ઘટમાં લાગે ધૂન;
અન્તર્યામી તબ પરખાય, બાહ્ય વિષયમાં સમતા થાય,
ચેતન જ્ઞાને કાંઇ ન ન્યુન, સુખ દુઃખ બાહ્ય વિષયમાં શુન્ય. ૧૦
બહિરા આગળ જેવું ગાન, વિષધરને અમૃતનું પાન,
અંધા આગળ દર્પણ ફોક, સમજે નહિ ત્યું મોહી લોક;
મોહીને પ્રગટે નહિ જ્ઞાન, બહિરા આગળ જેવું ગાન. ૧૧
દૃષ્ટિરાગી મોહી મૂઢ, સમજે નહિ અન્તરનું ગૂઢ;
સદ્ગુરૂવાણી સુણે ન કાન, તેને પ્રગટે નહિ નિજ ભાન,
અશુભ વ્યવહારે છે રુઢ, દૃષ્ટિરાગી મોહી મૂઢ. ૧૨
જિનવાણીનો મનમાં વાસ, શ્રદ્ધા સાચી સમજે ખાસ;
વર્તે નિશ્ચયને વ્યવહાર, સદ્ગુરૂ આણા ગ્રહીને સાર,
ઉત્તમ તેનો છે સન્યાસ, જિનવાણીનો મનમાં વાસ. ૧૩
ભિન્ન ભિન્ન જડ ચેતન ગ્રહે, ઉપાદેય ચેતન સદ્દહે;
ભિન્ન ભિન્ન લક્ષણથી બોધ, ગુણનો અન્તર કરતો શોધ,
ઔદયિકથી ન્યારો મન રહે, ભિન્ન ભિન્ન જડ ચેતન ગ્રહે. ૧૪

રાગદ્વેષ છે બાહિર યોગ, એ નહિ સાચો ભવ્યો જોગ;
ક્ષાયિક ભાવે કેવલ યોગ, સત્ય યોગને જાણો લોક,
સુખ દુઃખ બાહ્ય વિષયમાં રોગ, રાગદ્વેષ છે બાહિર યોગ. ૧૫
રાગદ્વેષાદિક દુઃખ મૂળ, અજ્ઞાને વર્તે એ ભૂલ;
અનંત ભવનાં કીધાં પાપ, ચતુર્ગતિ પામ્યા સંતાપ,
અજ્ઞાને મોટું એ શૂળ, રાગદ્વેષાદિક દુઃખ મૂળ. ૧૬
રાગ દ્વેષને ત્યાગે ત્યાગ, ધરજો ચેતન તત્ત્વે રાગ;
ચેતન વસ્તુ સાચી ખરી, તે મેં હૃદયે ભાવે ધરી,
ભાખે છે જિનવર વીતરાગ, રાગ દ્વેષને ત્યાગે ત્યાગ. ૧૭
સમજો ષડ્દ્રવ્યોનું જ્ઞાન, તેથી જાશે મમતા માન;
અન્તરનું અજવાળું ઓર, મિથ્યાતમ વ્યાપે નહિ ઘોર,
આત્માનુભવ અમૃતપાન, સમજો ષડ્દ્રવ્યોનું જ્ઞાન. ૧૮
ચેતન ભાવે ચેતન રહે, શુદ્ધ ચેતના ચેતન લહે;
અન્તર દૃષ્ટિ સ્થિરોપયોગ, આતમ ભોગવતો સુખ ભોગ;
સમભાવે દુઃખડા સહુ સહે, ચેતન ભાવે ચેતન રહે. ૧૯
જાતિ ભાતિ તું નહિ વેદ, દીન કલ્પી કયું કરતો ખેદ;
બાહિરભાવે તું નહિ ચેત, શાને ફોગટ થાય ફજેત,
ધરજે અન્તરમાં નિર્વેદ, જાતિ ભાતિ તું નહિ વેદ. ૨૦
યશ અપયશથી ચેતન ભિન્ન, તેમાં થાવે છે કયું લીન;
સારો ખોટો દુનિયા ગાય, તેથી ત્હારૂં કાંઇ ન જાય,
ધન સત્તાથી ફોગટ દીન, યશ અપયશથી ચેતન ભિન્ન. ૨૧
મન વૈરીને મન છે મિત્ર, મનની બાજી છે વિચિત્ર,
મન પારો સદ્ધ્યાને મરે, પરમ બ્રહ્મ ત્યારે તું ખરે;
મન જીત્યાથી સત્ય પવિત્ર, મન વૈરીને મન છે મિત્ર. ૨૨
મન જીત્યાથી ઝઘડો જાય, ચરણ કરણનો એ મહિમાય;
હળવે હળવે મન જીતાય, સર્વોત્તમ ઉદ્યમ ઉપાય,
વીર જિનેશ્વર વાણી ગાય, મન જીત્યાથી ઝઘડો જાય. ૨૩

બાહ્યસંયમથી મન જીતાય, જિનવરની એવી આજ્ઞાય,
અનેકાન્ત મારગ સુખકાર, ભેદ ભાવ ત્યાં નહીં લગાર;
અન્તરસંયમ પણ પ્રગટાય, બાહ્યસંયમથી મન જીતાય ૨૪
અન્તર સંયમ દોષો હરે, ભવસાગરને પ્રાણી તરે,
અન્તર સંયમમાં ઉપયોગ, યોગી સાધે તેથી યોગ;
ભાવ લક્ષ્મીને સહેજે વરે, અન્તર સંયમ દોષો હરે. ૨૫
બાહ્યાંતર સંયમથી મુક્તિ, અનેકાન્તની એવી યુક્તિ;
કર્માષ્ટકનો હોવે નાશ, મુક્તિપુરીમાં સહેજે વાસ;
અન્તરગુણ ભોગોની ભુક્તિ, બાહ્યાન્તરસંયમથી મુકિત. ૬
બાહિહેતુ બાહિર્યોગ, અન્તર હેતુ છે ઉપયોગ-
બાહિરસંયમ સાધ્યોપાય, ઉપાદાન અન્તર પરખાય,
ચિદાનન્દનો વર્તે ભોગ, બાહિર્હેતુ બાહિર્યોગ. ૨૭
ચેતનના ઉપયોગે ધર્મ, બાહિર ભાવે બાંધે કર્મ;
બાહિર્હેતુ સંયમ બેશ, વ્યવહારે છે મુનિનો વેષ,
બાહિર સંયમથી છે શર્મ, ચેતનના ઉપયોગે ધર્મ. ૨૮
ચેતનવ્યકિત માટે સહુ, જાણંતાને શું બહુ કહુ,
શુદ્ધ ભાવમાં ચેતન વસે, તેથી કર્માવરણો ખસે;
શુદ્ધ વિચારે સંયમ ગ્રહું, ચેતન વ્યકિત માટે સહુ. ૨૯
સાચી ચેતનની છે ભકિત, ભકિતથી પ્રગટે છે શકિત;
સાચો સાહિબ સેવો ભાઇ, ચેતન ભાવે સત્ય સગાઇ,
પ્રકટે પરમાતમની વ્યકિત, સાચી ચેતનની છે ભકિત. ૩૦
ભકિત મહિમા અપરંપાર, ચેતન ભકિત સહુમાં સાર;
ભકિતથી થાશો ભગવાન, ભકિત સર્વ ગુણોની ખાણ,
તાર તાર આતમને તાર, ભકિત મહિમા અપરંપાર. ૩૧
ભકિતમાં મળશે જો જીવ, ભકિતથી થાશે તે શિવ;

ચેતન ભક્તિમાં જો પ્રેમ, હરતાં ફરતાં વર્તે ક્ષેમ;
આત્માનુભવ લહે સદૈવ, ભક્તિમાં ભળશે જો જીવ ૩૨
પર આલમ્બન જિનવર દેવ, સાચી કેવલ જ્ઞાની સેવ,
જિનપૂજનથી પૂજક થાય, જિન ધ્યાને તેવો થઈ જાય;
મિથ્યામતની ત્યાગો ટેવ, પર આલમ્બન જિનવર દેવ. ૩૩
બાહિર વિષયે હર્ષ ન શોક, ફોગટ માને મોહી લોક,
સમભાવે કરવું સહુ કામ, લેવું શ્રી જિનવરનું નામ;
સમજે વીરલા સજ્જન લોક, બાહિર્વિષયે હર્ષ ન શોક. ૩૪
પુષ્ટાલમ્બન ગુરૂને ભજી, ગુણગણ માલા અન્તર સજી.
ધ્યાવો સાચો આતમરામ, અનેક નામો પણ નહિ નામ;
પુદ્ગલ મમતા જ્ઞાને ત્યજી, પુષ્ટાલમ્બન ગુરૂને ભજી. ૩૫
આત્મપ્રભુ ભજવામાં ભાવ, ભવજલધિમાં સાચું નાવ,
આત્મસ્વભાવે રમવું સાચ, તે વિણ બાકી સમજો કાચ;
શ્વાસોશ્વાસે બનો બનાવ, આત્મપ્રભુ ભજવામાં ભાવ. ૩૬
પ્રભુભજન સાપેક્ષા ઘણી, વ્યવહારે શ્રીવીરે ભણી,
સાપેક્ષે સાચું છે સહુ, શ્રુત જ્ઞાને મનમાં સદ્દહું;
સત્ય સેવ્ય ચેતન દિનમણિ, પ્રભુ ભજને સાપેક્ષા ઘણી. ૩૭
જિનવરની વાણી ગંભીર, સમજે હરિભદ્રાદિક વીર,
યશોવિજયજી વાચકરાય, શ્રુત વાણી સમજ્યા સુખદાય;
આનન્દઘનજી સમજે ધીર, જિનવરની વાણી ગંભીર. ૩૮
નિશ્ચયને શોભે વ્યવહાર, જિનવરની વાણી જયકાર;
સદ્ગુરૂ ગમથી જો સમજાય, તો બે ભેદે સમકિત થાય,
કેવલજ્ઞાનિવાણી સાર, નિશ્ચયને શોભે વ્યવહાર. ૩૯
ધરો ધ્યાન સૂત્રાનુસાર, સફલ થશે માનવ અવતાર;
અશુદ્ધ પર્યાયોનો નાશ, આત્મિક પર્યાયે સુખ વાસ,
શુદ્ધ સ્વભાવે મુક્તિ ધાર, ધરો ધ્યાન સૂત્રાનુસાર. ૪૦
યથા યથા ધ્યાને લયલીન, તથા તથા ચેતનતા પીન;

જ્ઞાન ધ્યાન શક્તિ અનુસાર, ચેતનને સમજો સુખકાર,
ચેતન જૈન અને છે જિન, યથા યથા ધ્યાને લયલીન. ૪૧
અચિન્ત્ય ચેતનનું છે રૂપ, ચેતન સેવક ચેતન ભૂપ,
ચેતન ધ્યાતા ચેતન ધ્યેય, ચેતન જ્ઞાની ચેતન જ્ઞેય.
ચેતન બોલે ચેતન ચૂપ, અચિન્ત્ય ચેતનનું છે રૂપ. ૪૨
કર્ત્તા હર્ત્તા ચેતન ખરે, ચતુર્ગતિ ચેતન અવતરે,
પંચમગતિ ચેતન સંચરે, પરમાત્મપદ ચેતન ધરે.
કર્મ કરે કર્માષ્ટક હરે, કર્તા હર્તા ચેતન ખરે. ૪૩
સાપેક્ષાએ સહુ સમજાય, ત્યારે ચેતન જ્ઞાની થાય,
નિરપેક્ષાએ મિથ્યા ઝેર, અન્તરમાં વર્તે અન્ધેર,
સમકિત અન્તરમાં પ્રગટાય, સાપેક્ષાએ સહુ સમજાય. ૪૪
ઉપાધિને અળગી કરી, સમતા સ્થિરતા દીલમાં ધરી,
સત્તા ધ્યાવો ચેતનતણી, પ્રગટે વ્યક્તિ ચેતનમણિ;
માન માન શિક્ષા છે ખરી, ઉપાધિને અળગી કરી. ૪૫
સેવો સુખકર ચેતનરામ, તેથી સરશે સઘળાં કામ,
રામ રામ ચેતન છે સાચ, તે વિણુ જાણો સઘળું કાચ,
ઠરશો તેથી નિર્ભય ઠામ, સેવો સુખકર ચેતનરામ. ૪૬
તુજ સેવનથી સેવ્યું સર્વ, તુજ સેવનથી નાસે ગર્વ,
તુજમાં સર્વ સમાયું અહો, ચેતનભાવે ચેતન રહો;
તુજ રમણુતા રૂડું પર્વ, તુજ સેવનથી સેવ્યું સર્વ. ૪૭
તુજ દર્શનથી ભ્રાન્તિ જાય, તુજ દર્શનથી શાન્તિ થાય,
તવ દર્શનથી સત્યાનન્દ, તવ દર્શનથી વિઘટે ફન્દ;
ચેતન દર્શન સન્તો ગાય, તવ દર્શનથી ભ્રાન્તિ જાય. ૪૮
તવ દર્શનથી શાશ્વત સુખ, તવ દર્શનથી જાવે દુઃખ,
તવ દર્શનથી જગ જયકાર, તવ દર્શનથી સ્થિરતા સાર;
તવ દર્શનથી ભાગે ભૂખ, તવ દર્શનથી શાશ્વત સુખ. ૪૯

સત્ય સત્ય દર્શન તત્ર સાર, તત્ર દર્શનથી નાસે માર,
તત્ર દર્શનને યોગી ચહે, તત્ર દર્શનને વીરલા લહે;
તત્ર દર્શનનો સહુને પ્યાર, સત્ય સત્ય દર્શન તત્ર સાર. ૫૦
શ્વાસોશ્વાસે ચેતન ધ્યાન, હરતાં ફરતાં ચેતન ભાન,
રટના હૃદયે લાગે ખરી, જન્મ મરણ તસ નાવે ફરી;
અન્તર અનુભવ ભાસે જ્ઞાન; શ્વાસોશ્વાસે ચેતન ધ્યાન. ૫૧
પ્રવૃત્તિમાં પડે ન ચેન; આતમ અનુભવ પ્રગટે ઘેન;
દ્વેષ કલેશ ઈર્ષ્યાદિક ટળે; ચેતનતા ચેતનમાં ભળે;
દીવસ સરખી ભાસે રેન; પ્રવૃત્તિમાં પડે ન ચેન. ૫૨
અનુભવી ચેતનમાં રમે; ચેતન સ્મરણ મનન મન ગમે;
રત્નત્રયીમાં રમતો રામ; સાધે ક્ષાયિકભાવે ધામ;
પરસ્વભાવે તે નહિ ભમે; અનુભવી ચેતનમાં રમે. ૫૩
વિકથામાંહિ પડે ન વ્હાલ, મોહભાવની નાસે ચાલ;
અનુભવ અમૃત હોવે પાન; શોભે અન્તરમાં સુલતાન;
નાસે દુઃખદાયક મહાકાલ; વિકથામાંહિ પડે ન વ્હાલ. ૫૪
ઝળહળતી જાગે ઘટજ્યોત; હોવે અન્તરમાંહિ ઉદ્યોત;
પરસ્વભાવે રમવું ઝેર; આત્મસ્વભાવે અમૃતલ્હેર;
ક્યાં દિનમણિને ક્યાં ખદ્યોત, ઝળહળતી જાગે ઘટ જ્યોત. ૫૫
ઝરમર ઝરમર વરસે ધાર, ઉપશમ ભાવાદિક સુખસાર;
ભવદાવાનલ હોવે શાન્ત, નાસે મિથ્યાત્વાદિક ભ્રાન્ત;
ધન્ય ધન્ય હોવે અવતાર, ઝરમર ઝરમર વરસે ધાર. ૫૬
ભાવ વીર્યથી હોવે વીર, ભાવ ધૈર્યથી હોવે ધીર,
પ્રગટે આતમ અનુભવ નાદ, ચેતન કરતો અમૃત સ્વાદ;
ઉતરે ભવસાગરની તીર, ભાવ વીર્યથી હોવે વીર. ૫૭
રમવું આતમ ભાવે ભવ્ય, તત્ત્વ થકી એ છે કર્તવ્ય;

અનન્ત શક્તિનું તું ધામ, અસંખ્ય પ્રદેશી ચેતનરામ,
પરસ્વભાવો પરિહર્તવ્ય, રમવું આતમભાવે ભવ્ય. ૫૮
આત્મસ્વભાવે રમવું શ્રેષ્ઠ, પરસ્વભાવે રમવું વેઠ,
આત્મસ્વભાવે રમતાં ઇશ, ભાસે છે જિનવર જગદીશ;
કેમ ચાહે છે પુદ્ગલ એંઠ, આત્મસ્વભાવે રમવું શ્રેષ્ઠ. ૫૯
ચેતન જ્ઞાને પ્રગટે ધર્મ, ચેતન ધ્યાને નાસે કર્મ,
ચેતન સ્થિર ધ્યાને થાય, અનન્ત ભવનાં આસ્રવ જાય;
ઘટમાં શાશ્વત પ્રગટે શર્મ, ચેતન ધ્યાને પ્રગટે ધર્મ. ૬૦
ચેતનનું ચિન્તન સુખકાર, ચેતન નામે જય જયકાર,
ચેતન સેવો સુખ ભરપૂર, વાજે જેથી મઙ્ગલ તુર;
મઙ્ગલમાલા ભાવે ધાર, ચેતનનું ચિન્તન સુખકાર. ૬૧
મઙ્ગલમાં મઙ્ગલ છે એહ, રત્નત્રયીનું ચેતન ગેહ,
ચેતન પૂજે ને પૂજાય, અદ્ભુત આતમનો મહિમાય;
શોધો ચેતન વસિયો દેહ, મઙ્ગલમાં મઙ્ગલ છે એહ. ૬૨
ચેતન જાણ્યાવિણ સહુ ધૂળ, અમૂર્ત ચેતનનું નહિ મૂળ,
અનાદ્યનન્તિ સ્થિતિ ધરે, ચેતન ભવસાગરને તરે;
ચતુર ચેતન સત્ય અમૂલ્ય, ચેતન જાણ્યાવિણ સહુ ધૂળ. ૬૩
સહજ સ્વરૂપી ચેતનરામ, ક્ષાયિકભાવે ઠરતો ઠામ;
પુરૂષોત્તમ જે પુરૂષ પુરાણ, ષડ્દ્રવ્યોનો સમ્યગ્ જાણ,
અસંખ્યપ્રદેશી રૂડું ગામ, સહજ સ્વરૂપી ચેતનરામ. ૬૪
હેય જ્ઞેય છે સહુ બાહ્યાર્થ, સુખકર અન્તર ગુણનો સાર્થ,
ચેતન સેવાથી સુખ મળે, મોહમાયાદિક દોષો ટળે;
ચેતન આદરવો પરમાર્થ, હેય જ્ઞેય છે સહુ બાહ્યાર્થ. ૬૫
જાગ જાગ અબ ચેતન જાગ, કર તું શાશ્વત સુખનો રાગ,
ધાર ધાર ચેતન અબ ટેક, કર તું શાશ્વત જ્ઞાન વિવેક,
સદુપયોગે ધર વૈરાગ્ય, જાગ જાગ અબ ચેતન જાગ. ૬૬
આતમ ધર્મે નિશદિન રાચ, ચેતનના ધર્મોને વાચ,

સદુપયોગે નિર્મલહંસ, ચેતન ધર્મો સત્ય પ્રશંસ્ય;
અનુભવ યોગે હર્ષે માચ, આતમ ધર્મે નિશદિન રાચ. ૬૭
અષ્ટ સિદ્ધિ ઋદ્ધિ ભણ્ડાર, યાચક ચેતન છે દાતાર,
પરમાતમ પોતે તું ખાસ, ધર તું નિજ શક્તિ વિશ્વાસ;
પામે ભવજલધિનો પાર, અષ્ટ સિદ્ધિઋદ્ધિ ભણ્ડાર. ૬૮
વળજે ચેતન શિવપુર વાટ, ચરણ કરણનું રચજે હાટ,
અન્તર ગુણના ઘડજે ઘાટ, ધોજે કર્મ મેલનો કાટ,
બેસીશ નહિ કુમતિની ખાટ, વળજે ચેતન શિવપુર વાટ. ૬૯
ચાલ ચાલ ચેતન શિવ પન્થ, વાંચી સૂત્રો ને સદ્ગ્રન્થ;
વિષય વિકારો સર્વે ટળે, તાત્ત્વિકસુખ ચેતનનું મળે,
સુમતિપતિ આતમ છે કંથ, ચાલ ચાલ ચેતન શિવપન્થ. ૭૦
અનિત્યપર્યાયાર્થિક સાર, દ્રવ્યાર્થિકથી નિત્યાધાર;
શુભાશુભ પુદ્ગલથી ભિન્ન, વર્તે દીન સત્તાથી જિન;
મળિયું ટાણું હવે ન હાર, અનિત્ય પર્યાયાર્થિક સાર. ૭૧
પુનઃ પુનઃ મનમન્દિર ધ્યાઉં, આતમધ્યાને શિવપુર પાઉં;
ધ્યાને સિદ્ધયા સઘળા જીવ, પામ્યા સિદ્ધ સનાતન શિવ,
હરતાં ફરતાં તવગુણ ગાઉં, પુનઃ પુનઃ મનમન્દિર ધ્યાઉં. ૭૨
હું તુંનો સહુ નાસે ભેદ, પરસ્વભાવિ નાસે ખેદ;
શાશ્વત સિદ્ધિ ધ્યાને ધરે, જય જય મઙ્ગલમાલા વરે,
કર્માષ્ટકનો હોવે છેદ, હું તુંનો સહુ નાસે ભેદ. ૭૩
બુદ્ધિસાગર એમ પ્રેમે ગાઇ, સાબરમતીના કાંઠે આઇ;
પ્રેમાભાઇ હેમાભાઇ વાસ, બેશ બંગલો શોભે ખાસ,
દિન એક ધ્યાને ચેતન ધ્યાઇ, બુદ્ધિસાગર એમ પ્રેમે ગાઇ. ૭૪
ચિત્તની સ્થિરતા સુખને હેત, અનુભવ બહોંતેરી સંકેત;
સંવત ઓગણિસં ચોસઠ સાલ, કાર્તિક વદી સાતમ સુવિશાલ;
દેહ બંગલો ચેતન ચેત, ચિત્તની સ્થિરતા સુખનો હેત. ૭૫

ચેતનનું સાચુ છે જ્ઞાન, માન માન શિક્ષા દીલ માન;
અનુભવ મંગળવાજે તૂર, શાશ્વત લક્ષ્મી પામે શૂર,
બુદ્ધિસાગર સિદ્ધિ સ્થાન, ચેતનનું સાચું છે જ્ઞાન. ૭૬

અલખદેશગાન.

અલખ હમારા દેશ ખરા હે, અલખ હમારા નામા હે;
સિદ્ધસ્થાન હે સત્ય હમારા, આશ્રય આતમરામા હે. અલખ૦ ૧
અલખ ફકીરી અલખ વેષમેં, સદા ચિત્ત મસ્તાના હે;
અલખ ધૂનથી હમ રંગાયા, જ્ઞાને હમ ગુલતાના હે. અલખ૦ ૨
અલખ દશામેં ઠઈ ગયા સબ, આના નહિ અબ જાના હે;
નામરૂપસે ન્યારા હમ હૈ, સત્ય અલખ ફરમાના હે. અલખ૦ ૩
નરનારીકે નહીં નપુંસક, ચિદાનન્દ સુખ પ્યારા હે;
રત્નત્રયીમેં હમ હે રાતા, પુદ્ગલ હમસે ન્યારા હે. અલખ૦ ૪
જ્ઞાન જ્ઞેય ને જ્ઞાતા હમ હે, ચેતનતા સુખકારી હે;
બુદ્ધિસાગર સોઽહં સોઽહં, ધ્યાને સ્થિરતા ધારી હે. અલખ૦ ૫

ચેતનને ઉપદેશ.

રાગ થાળ.

ચેતનજી ચેતો પ્યારારે, જંગમના જોગી,
અલખરૂપ આધારા રે. જંગમના જોગી;
અબધૂત સ્વરૂપે રમતું, દુનીયામાં જ્યાં ત્યાં ભમતું,
આડું અવળું ખમતુંરે. જંગમ૦ ૧
ઔદયિક ભાવો વારી, અન્તરમાં સુરતા ધારી;
કરવી શિવની તૈયારી રે. જંગમ૦ ૨

જ્ઞાનિની સંગે રહેવું, સમભાવે સર્વ સહેવું;
કોઇને કાંય ન કહેવું રે. જગમ૦ ૩
ચેતનની બલિહારી, તેની છે સાચી યારી;
બુદ્ધિસાગર ધારીરે. જંગમ૦ ૪

શબ્દસૃષ્ટિવિદ્ધત્તા.

ભજન કરલે ભજન કરલે—એ રાગ.

શબ્દ સૃષ્ટિ બહુ બની જગ, ભાષાનો નહીં પારરે;
ચેતન હીરો ચૂકીને ભાઈ, આયુ ન એળે હારરે. શબ્દ૦ ૧
બાહ્ય વિદ્યા વાસનાથી, હોવત તત્વે ભૂલરે;
માયાની જંજાળથી સહુ, હોવત અન્તે ધૂળરે. શબ્દ૦ ૨
ચતુર ચેતન ચેતીલે ચિત્ત, અનેકાન્ત મત ધારરે;
ઉપાદેયજ આતમા એક, જાણીને નહીં હારરે. શબ્દ૦ ૩
શુદ્ધ ચેતન રૂપ ત્હારૂ, અસંખ્ય પ્રદેશી ભૂપરે;
ભૂલી વાલ્હમ ભાન ત્હારૂ, શું પડે ભવકુપરે. શબ્દ૦ ૪
જગતની જંજાળનો જીવ, કદી ન આવે પારરે;
જ્ઞાનરૂપ એક આતમા છે, ત્વરિત તેને તારરે. શબ્દ૦ ૫
ભણતરમાંહિ ભૂલ થાવે, ભૂલે આતમ ભાનરે;
ઉપાધિને દુર ત્યાગી, જીવલડા કર જ્ઞાનરે. શબ્દ૦ ૬
બાહિર અધ્યાસો ત્યજીને, ચેતનમાં ચિત્ત વાળરે;
સ્થિરોપયોગે આતમધ્યાને, હોવે મંગલ માલરે. શબ્દ૦ ૭
જ્ઞેય ને વળી જ્ઞાન રૂપે, ચેતન સુખ ભરપૂરરે;
બુદ્ધિસાગર આતમ ધ્યાને, વાજે મંગલ તૂરરે. શબ્દ૦ ૮

ચેત ચેતન.

ભજન કર લે ભજન કર લે, એ રાગ.

ચેત ચેતન ચેત ચેતન આયુ ચાલ્યું જાયરે;
ભૂલીને ભગવાન પ્રાણી, મોહે શું મકલાયરે. ચેત૦ ૧
લક્ષ્મી સત્તા કુળ મદથી, ફુલે દોઢ ભર્યરે;
સ્વપ્ન સરખા ભાવ જગના, જાણો પરિહર્તવ્યરે. ચેત૦ ૨
શ્વાસોશ્વાસે જાય આયુ, હજી જાગ તો ચેતરે;
જ્ઞાનદર્શન ઋદ્ધિ ત્હારી, ધારી લે શિવ હેતરે. ચેત૦ ૩
જાતિ કે નહિ જ્ઞાતિ ત્હારી, દેહી પણ નહિ દેહરે;
અનન્ત શક્તિ સાહિબા તું, અનન્ત ગુણગણ ગેહરે. ચેત૦ ૪
નર નારી કે નહિ નપુંસક, શરીર વ્યાપી તત્વરે;
અસંખ્ય પ્રદેશી આત્મા તું, અરૂપી સાશ્વત સત્વરે. ચેત૦ ૫
સત્ય તું છે સત્ય તું છે, સચ્ચાનન્દો આધારરે;
જડ સ્વભાવે નહિ કદા તું, જાગી આતમ તારરે. ચેત૦ ૬
શુરો થઇને મુક્તિવાટે, ચેતન ચટપટ ચાલરે.
બુદ્ધિસાગર ચલત પન્થે, તજજે માયા જાળરે. ચેત૦ ૭

આત્મસ્તુતિ.

અંતર્દૃષ્ટિ સાધ્યતા, સાધક શુદ્ધ કથાય;
અન્તર્મુખોપયોગતા, સાધન સત્ય સધાય. ૧
ઉપશમ ભાવે સાધના, ક્ષયોપશમના જોય;
ક્ષાયિક ભાવે સાધના, સત્ય ચરણ અવલોય. ૨

ગુણસ્થાનક આરોહવા, સમજો સત્ય ઉપાય;
અંતર્વૃત્તિ આતમમાં, સત્ય ચરણ સુખદાય. ૩
ક્ષયોપશમ જ્ઞાને સદા, ધ્યાવો અંતર્દેવ;
સેવા અંતર્દેવની, આપે શિવસુખમેવ. ૪
મન ચંચલતા વારીને, ધ્યાવો અંતર્ધર્મ;
શુદ્ધ સ્વરૂપાકારમાં, રહેતાં નાસે કર્મ. ૫
અંતર્મુખ વૃત્તિ કહી, ધ્યાવો ચિન્મય રાય;
અડગ સ્થિરોપયોગથી, આનંદાબ્ધિ સુહાય. ૬
સત્ય શાંતતા ત્યાં જગે, અચલ સ્વભાવી જેહ;
શિવસુખાનુભવ લહે, વર્તે જો પણ દેહ. ૭
નૈગમનય દૃષ્ટિ કરી, શુદ્ધ કર એવંભૂત;
એવંભૂત દૃષ્ટિ કરી, વિશુદ્ધ નૈગમ યુક્ત. ૮
સંગ્રહનય દૃષ્ટિ કરી, સમભિરૂઢતા શુદ્ધ;
સમભિરૂઢ દૃષ્ટિ કરી, શુદ્ધ ઋજુનય બુદ્ધ. ૯
ઋજુસૂત્ર દૃષ્ટિ કરી, શબ્દનયે આરોહ;
શબ્દનયે આરોહીને, આશ્રવનો કર રોહ. ૧૦
શબ્દનયે દૃષ્ટિ કરી, વિશુદ્ધ કર વ્યવહાર;
વ્યવહારે શુદ્ધિ કરી, સમભિરૂઢતા ધાર. ૧૧
સમભિરૂઢ પ્રાપ્તિ કરી, એવંભૂતના પાય;
શુદ્ધ પર્યાયે આતમની, સિદ્ધ બુદ્ધતા થાય. ૧૨
અશુદ્ધ પર્યાયે કરી, આત્માઽશુદ્ધ કહાય;
રાગી દ્વેષી આતમા, કાલ અનાદિ ન્યાય. ૧૩
વર્તે છું ભવચક્રમાં, ભૂલી નિજપદ ભાન;
સદ્ગુરૂ સંગે સહજમાં, પ્રગટ્યું શુદ્ધું જ્ઞાન. ૧૪
ભેદ જ્ઞાનની દૃષ્ટિથી, કીધો નિજપર ભેદ;
નિજપર્યાય વિશુદ્ધમાં, કદા ન વર્તે ખેદ. ૧૫

નિજપદ અભય વિલોકતાં, નાઠો ભય તો દૂર;
આત્મિક અનુભવ જાગતાં, વર્તે આનંદપૂર. ૧૬
ક્ષાયિક નવલબ્ધિ જગે, કરતાં નિજપદ ધ્યાન;
કર્યું અનંતા જ્ઞાનીએ, પામ્યા નિર્મલ સ્થાન. ૧૭
સાર્થકતા છે જ્ઞાનની, ધ્યાન સદા સુખકાર;
સત્ય સત્ય જિનવાણીનું, સાર સારમાં સાર. ૧૮
આત્મિક જ્ઞાન વિના કદી, ધ્યાન કહો કયું થાય;
ધ્યાન વિના મુક્તિ નહીં, કથન કરે જિનરાય. ૧૯
જાણ્યો આતમ એક તો, જાણ્યા ભાવ અનેક;
સદ્ગ્રંથે ભાખ્યું ખરું, ધરજો આતમ ટેક. ૨૦
ભૂલે સહુ સંસાર તો, ખૂલે અંતર્ધર્મ;
ઉત્કટ ધ્યાન દશા થકી, હોવે શાશ્વત શર્મ. ૨૧
સોઽહં સોઽહં સમરતાં, સોઽહંમય હો જાય;
પરમ મહોદય પદ ગ્રહી, પરમ બ્રહ્મતા પાય. ૨૨
નિજોપયોગે ધર્મ છે, સત્ય કથે સૌ ગ્રંથ;
કષ્ટ ક્રિયા કરતાં કદી, લહો ન મુક્તિ પંથ. ૨૩
વર્તે નિજપદ શૂન્યતા, ચાલે છે વ્યવહાર;
કોટિ પ્રયત્ને પામરો, પામે નહિ ભવપાર. ૨૪
ધામ ધૂમમાં ધર્મને, માને મૂઢ સદીવ;
ધર્મ મર્મ સમજ્યા વિના, કલેશ લહે છે જીવ. ૨૫
મૂંડ મુંડાવે શું થયું, થયું ન મનડું મુંડ;
મલીન મન વર્તે તદા, જાણો જેવું ભૂંડ. ૨૬
કેશ લોચથી શું થયું, કર્યું ન અંતર લોચ;
બાહ્ય શૌચથી શું થયું, ગ્રહ્યો ન અંતર્શૌચ. ૨૭
વસ્ત્રત્યાગથી શું થયું, નગ્ન ફરે છે ઢોર;
અંતર્મૂર્છા ત્યાગ તો, ત્યાગ ઔરકો ઓર. ૨૮

પ્રતિદેહમાં દેવ છે, તિરોભાવથી જાણ;
આવિર્ભાવ જગાવવા, કર તું તેનું ધ્યાન. ૨૯
અનુભવ પરિચયશી રચી, ઇંદ્રોડા દિન એક;
વિચરી દ્વિવિધ ભાવથી, સમજી સત્ય વિવેક. ૩૦
સંવત ઓગણીશ બાસેઠે, કૃષ્ણપક્ષ વૈશાખ,
સાતમ દિન શુભ ભાવથી, કરતાં ગુણ ગણ રાશ. ૩૧
પાર્શ્વનાથ સંબોધતાં, કરજો શાસન રહાય;
બુદ્ધિસાગર પ્રેમથી, જ્ઞાને આતમ ગાય. ૩૨

અલખદેશમાં હંસને પ્રેરણા.

પદ.

હંસા ચલોરે અલખ નિજ દેશમાંજી,
જ્યાં છે ઝળહળ જ્યોતિ અપાર; હંસા૦ ટેક.
હંસા વિનારે વાદળ ચમકે વીજળીજી,
નહીં જ્યાં અવરતણો આધાર. હંસા૦ ૧
હંસા વિન રે આંખ જીહાં દેખવુંજી,
નહિ જીહાં નિદ્રા આવે લગાર;
હંસા પામ્યા પછી નહીં જ્યાં પામવુંજી,
એતો નિશ્ચયપદ નિરધાર. હંસા૦ ૨
હંસા ગગનગઢે જઇ મ્હાલવુંજી,
દિશા પશ્ચિમ ખોલી દ્વાર;
હંસા અજપાજાપે જીહાં પહોંચવુંજી,
નિરાકાર ને જે સાકાર. હંસા૦ ૩
ચેરે ગાદી સાતીલાંનો હંસલોજી,

દેખે તેહીજ હુંસ વિચાર;
હુંસા બુદ્ધિસાગર પદ ધ્યાવતાંજી,
તારે નાવે ફરી અવતાર. હુંસા૦ ૪

સુખનું સ્થાન.

મનહર છંદ.

મહા દુખદાયિ ભવ દાવાનલ જાળમાંહિ,
પડયા દુઃખ પામ્યા અને પાછા કેઈ પામશે;
ક્રોધ માન માયા લોભમાંહિ નથી સુખ લેશ,
અન્તરમાં સુખ આશ થકી સુખે જામશે.
અથિર અચળ બાહ્ય વિષયમાં સુખ નહિ,
નિત્ય સુખ અન્તરમાં અનુભવી જાણશે;
દ્રવ્ય ગુણ પર્યાયનું સ્વરૂપ સમજી જીવ,
અનન્ત અખણ્ડ ચિદ્‌ઘન ચિત્ત આણશે. ૧
દેખી દેખી જુઓ ત્યારે દેખવાનું બાહ્ય નહિ,
જાણી જાણી જાણો બાહ્ય જાણવું અનન્ત છે;
આદેય આદેય એક ચેતન આદેય સદા,
શોધીને શોધીને જુઓ ચેતન હિ સન્ત છે.
જિનવરનિગદિત સમય સમય સત્ય,
સમકિત સુધારસપાન સુખકાર છે;
અમૂલ્ય સમય સુખ સમાધિમાં ગાળ જીવ,
ધીનિધિ વિચાર સાર ધન્ય અવતાર છે. ૨

ઓમ્ નમઃ

" પ્રમાણ, "

મનહર છંદ.

મતિ શ્રુત જ્ઞાન દોય પરોક્ષ પ્રમાણ છેજ,
મતિ જ્ઞાન વ્યવહારમાં પ્રત્યક્ષ ગણાય છે.
શ્રુત જ્ઞાન સુખકારી દુઃખહારી દયાવન્ત;
ઉપકારી પંચ જ્ઞાનમાંહિ શ્રુત થાય છે.
સાકાર છે શ્રુતજ્ઞાન પરોક્ષ પ્રમાણમાંહિ,
સાકાર ને નિરાકાર મતિતો કહાય છે.
સાકારોપયોગે ધ્યાન પ્રગટે કેવલ જ્ઞાન;
વિશેષોપયોગરુપ સાકાર ભણાય છે. ૧
દેશથી પ્રત્યક્ષ અવધિને મનઃ પર્યવજ,
ઉપયોગ ભેદ દોય અવધિ સુહાય છે;
સાકારોપયોગ મનઃપર્યવજ પ્રકટ છે.
રૂપિના વિષયમાંહિ જ્ઞાન એ ગ્રહાય છે.
પ્રત્યક્ષ રૂપિનું જ્ઞાન અનુમાન થકી અન્ય,
અવધિ અસંખ્ય ભેદ સૂત્રમાં જણાય છે.
લોકાલોક ભાસક પ્રત્યક્ષ એક કેવલ છે;
ધીનિધિ ઉપયોગથી પંચમ પમાય છે. ૨

આત્મજ્ઞાન.

મનહર છન્દ.

ચેતનના જ્ઞાનવિના ચેતનના ધ્યાન વિના;
ચેતનના ભાનવિના ચતુર ચુકાય છે;
ચેતનના જ્ઞાનથકી નિજનો પ્રકાશ થાય.

ચેતનના જ્ઞાન થકી સંયમ સુહાય છે.
ચેતનના જ્ઞાનથકી માયા મોહ દૂર જાય;
ચેતનના જ્ઞાનથકી આનન્દ લહાય છે.
ચેતનના જ્ઞાનથકી ટળે માન મળે સાન;
ચેતનના જ્ઞાનવિના ભવમાં ભમાય છે. ૧
ચેતનના જ્ઞાનથકી સંયમ સફલ થાય;
ચેતનના જ્ઞાનથકી પ્રતીતિ પમાય છે.
ચેતનના જ્ઞાનથકી આનન્દ અપાર હોય.
ચેતનના જ્ઞાનથકી ભ્રમણા ભૂલાય છે,
ચેતનના જ્ઞાનથકી ઉપાધિ અલગ જાય;
ચેતનના જ્ઞાનથકી જિન તો જણાય છે.
ચેતનના જ્ઞાનથકી તપ જપ સફલતા;
બુદ્ધિસાગર ચેતનજ્ઞાન ઉત્તમ ગણાય છે. ૨

અન્તરપ્રદેશધ્વનિગાન.

ગઝલ

જગત્‌ને આંખથી દેખું, જગત્‌ને જ્ઞાનથી લેખું,
જગત્‌ને દેખતાં શાન્તિ, જગત્‌ને દેખતાં ભ્રાન્તિ. ૧
જગત્‌ને દેખતાં જોગી, જગત્‌ને દેખતાં ભોગી,
જગત્ તો દેખતાં સાચું, જગત્‌તો દેખતાં કાચું. ૨
જગત્‌ના ભાવ છે ખોટા, જગત્‌ના ભાવ છે મોટા,
જગત્‌માં પ્રેમની વીણા, જગત્‌ના ભાવ છે ઝીણા. ૩
જગત્ છે દુઃખની છાયા, જગત્‌માં કર્મથી કાયા,
જગત્‌ના ખેલ ખેલાડુ, જગત્‌માં તત્વના લાડુ. ૪
જગત્‌માં મોહની બાજી; જગત્‌માં મૂઢ છે રાજી,
જગત્‌ના જોષમાં દોષો, જગત્‌માં કોણને રોશો. ૫

જગત્માં રાગ ને દ્વેષો, જગત્માં પ્રેમ ને ક્લેશો,
જગત્માં કોણ છે મોટા, જગત્માં કોણ છે છોટા. ૬
જગત્ને જાણતા યોગી, જગત્માં મૂઢ છે ભોગી,
જગત્માં મોહથી મારૂં, જગત્માં મોહથી તારૂં. ૭
જગત્માં ધર્મ છે સાચો, જગત્માં મોહ છે કાચો,
જગત્માં મોહથી ફેરા, જગત્માં મોહ અન્ધેરા. ૮
જગત્માં મૂર્ખ છે મેલા, જગત્માં મૂઢ છે ઘેલા,
જગત્માં જ્ઞાન ને ગાંડા, જગત્માં ધર્મિ ને બાંડા, ૯
જગત્ના પ્રેમમાં ફાંસી, જગત્ના પ્રેમમાં હાંસી.
જગત્ના ક્લેશથી કાળુ, જગત્ને જ્ઞાનથી ભાળુ. ૧૦
જગત્માં ઝેરના પ્યાલા, જગત્માં ઉંઘતા બાલા.
જગત્માં જાગતા સુખી, જગત્માં ઉંઘતા દુ:ખી, ૧૧
જગત્માં પ્રેમના મેળા જગત્માં પુણ્યની વેળા,
જગત્માં સત્યના તોરા, જગત્માં મોહના ગોરા. ૧૨
જગત્માં ધર્મના ગ્રંથો, જગત્માં મોક્ષના પંથો,
જગત્માં બન્ધ ને મુક્તિ, જગત્માં જ્ઞાનથી યુક્તિ. ૧૩
જગત્માં ભૂખ છે ભૂંડી, જગત્માં આશ છે લુંડી,
જગત્ના ભર્મ ભૂંડા છે, જગત્ના ભર્મ કુડા છે. ૧૪
જગત્માં સન્તની સેવા, જગત્માં સત્ય છે દેવા,
જગત્માં ભર્મ છે છાનો, જગત્માં ભર્મ છે માનો. ૧૫
જગત્માં પુણ્ય ને પાપો, જગત્માં કર્મની છાપો,
જગત્ને જાણવું ન્યારૂં, જગત્ને જાણવું પ્યારૂં. ૧૬
જગત્માં સાચ છે સારૂ, જગત્માં ભર્મ અંધારૂ;
જગત્માં આત્મ છે હીરો, જગત્માં જ્ઞાનથી જીરો. ૧૭
જગત્માં રંક ને રાજા, જગત્માં પીર ને ખ્વાજા;
જગત્ને જાણતાં ન્યારૂં, જગત્ને જાણતાં ખારૂં. ૧૮

જગતમાં જ્ઞાનથી રહેવું, જગતમાં દુઃખ સહુ સહેવું;
જગતમાં હું જગતમાં નહીં, અપેક્ષા જ્ઞાનમાં એ રહી. ૧૯
જગતમાં જીવવું જ્ઞાને, જગતમાં જાગવું ભાને,
બુદ્ધયબ્ધિ જ્ઞાનથી બોલે, નહિ કો જ્ઞાનની તોલે. ૨૦

દેહસ્થઆત્માની પરમાત્માવસ્થાનું ભાન.

ગઝલ.

અહો આ દેહમાં દેખો, ચેતનજી જ્ઞાન ઘનું પેખો;
અરૂપી તત્વ છે પોતે, અરે તું બાહ્ય ક્યાં ગોતે. ૧
અનંતિ શક્તિનો સ્વામી, નિઃસંગી શુદ્ધ નિષ્કામી;
સહુ દેખે સહું જાણે, અનંતાં સુખ દીલ માણે. ૨
પરમબ્રહ્મ સ્વયં શુદ્ધ, પરમયોગી પરમ બુદ્ધ;
પરમધ્યાતા પરમધ્યેય, પરમ જ્ઞાતા પરમ જ્ઞેય. ૩
પરમયોગી પરમભોગી, વિગતશોકી વિગતરોગી;
અખંડાનંદ અવિનાશી, પરમ પદ શુદ્ધ વિશ્વાસી. ૪
પરમભ્રાતા પરમ ત્રાતા, પરમ નેતા પરમ દાતા;
પરાનો પાર જે પાવે, યોગીશ્વર ચિત્તમાં ધ્યાવે. ૫
પ્રકાશે સર્વને તેજે, રમે જે બ્રહ્મમાં સહેજે;
અનિત્ય નિત્ય છે હીરો, રમે છે ધ્યાનમાં ધીરો. ૬
પ્રકાશે પિંડમાં પોતે, અનંતી જ્ઞાનની જ્યોતે;
બુદ્ધયબ્ધિ ધ્યાન પોતાનું, કરીને દેખીએ ભાનુ. ૭

ચિદાનંદોદ્ગાર.

ગઝલ.

હમારે એક છે દેવા, હમારે પ્રેમથી સેવા;
હમારે પ્રેમથી મળવું, હમારે પ્રેમથી હળવું. ૧
જગત્માં પ્રેમથી રહેવું, જગત્માં પ્રેમથી કહેવું;
જગત્માં પ્રેમ મોટો છે, જગત્નો પ્રેમ ખોટો છે. ૨
ખરેખર પ્રેમથી યોગી, અખંડાનંદના ભોગી;
પ્રભુને પ્રેમથી ગાવા, પ્રભુના પ્રેમથી ન્હાવા. ૩
હમોએ સત્યને શોધ્યું, હમોએ સત્યને બોધ્યું;
જીવોપર રહેમની દૃષ્ટિ, ખરેખર ધર્મની વૃષ્ટિ. ૪
જગત્માં કર્મથી જીવો, કરે છે દુઃખથી રીવો;
કરૂણા તેહપર કરશું, ખરેખર રહેમથી તરશું. ૫
કરીશું સર્વનું સારૂ, ધર્યાવણ રહેમ અંધારૂ;
કરૂણા ધર્મ ધન હેલી, હમારે દીલ વરસેલી. ૬
હમારે આત્મવત્ સર્વે, સરીખા જીવ શુ ગર્વે:
લઘુને મોટકા પ્યારા, જીવો છે જ્ઞાનઘન સારા. ૭
કદી નહિ વેર કો સાથે, ધરૂં નહિ શસ્ત્ર મુજ હાથે;
મળો સહુ જીવને સુખો, ટળો સહુ જીવનાં દુઃખો. ૮
હમારે આત્મની પ્રીતિ, ધરી રહું આત્મનીનીતિ;
જગતમાં જાગતા તરવું, જગતમાં બ્રહ્મપદ વરવું. ૯
ધરૂં નહિ આત્મવણ પ્રીતિ, ધરી મેં આત્મની રીતિ;
બુદ્ધયબ્ધિ આત્મની કહેણી, ખરેખર આત્મની રહેણી ૧૦

અન્તર્વૃત્તિ.

શ્રીરે સિદ્ધાચલ ભેટવા—એ રાગ.

શુદ્ધ રમણતા આદરો, થાઓ નિજગુણ ભોગી;
બાહ્ય દશા ચિત્ત વારીને, થાઓ સહજોપયોગી. ૧
પરમાનંદ સ્વભાવ છે, શુદ્ધ ચેતન દ્રવ્ય;
સોહં સોહં ધ્યાનથી, સેવના કર ભવ્ય. ૨
નવધા ભક્તિ જે આત્મની, કરશે તે તરશે;
રત્નત્રયીની લક્ષ્મીને, વેગે તેહિ વરશે. ૩
નિશ્ચય ભાવદશા ભજી, ચેતન થાય સુખી;
અનુભવામૃત પીવતાં, કદી થાય ન દુઃખી. ૪
બાહ્યદશા વ્યવહારથી, ભટકે જીવ ભારી;
અપ્રમત્ત દશા વિના, જાય ઉમ્મર હારી. ૫
શાબ્દિક તાર્કિક પંડિતો, બાહ્ય ઝઘડે રાતા;
ચઉદ પૂર્વી પ્રમાદથી, ભવોભવ ભટકાતા. ૬
શુદ્ધ રમણતા પ્રીતડી, નિશ્ચય સત્ય માની;
બુદ્ધિસાગર બોધથી, વાત કોઇ ન છાની. ૭

શરીરમાં આત્મા દેવસમાન છે.

ગઝલ.

ખરેખર પિંડમાં દેવા, ખરેખર આત્મની સેવા;
ખરેખર આત્મ અજ્ઞાને, પડે છે જીવ તોફાને. ૧
ખરેખર આત્મમાં શાંતિ, ખરેખર જાય છે ભ્રાન્તિ;
ખરેખર આત્મમાં રહેવું, ખરેખર દુઃખ સહુ સહેવું. ૨

ખરેખર આતમનો જ્ઞાની, ખરેખર આતમની વાણી;
ખરેખર આતમની જ્યોતિ, મહીલો પિંડમાં મોતિ. ૩
ખરેખર આતમમાં રમવું, ખરેખર બાહ્ય નહિ ભમવું;
ખરેખર આતમમાં પ્રીતિ, ખરેખર આતમવણ ભીતિ. ૪
ખરેખર આતમના રાગી, ખરેખર જ્ઞાનથી ત્યાગી;
બુદ્ધ્યબ્ધિ આતમના જ્ઞાને, પડે નહિ જીવ અજ્ઞાને. ૫

જ્ઞાનમહિમા.

છપ્પયછંદ

કરો જ્ઞાનિનું માન, જ્ઞાનિની પાસે કિરિયા,
જ્ઞાનવિના નહિ ભાન, જ્ઞાનવણ કોય ન તરિયા;
જ્ઞાનવિના તો દુઃખ, જ્ઞાનવણ અંધાધુંધી,
જ્ઞાને કર્મવિનાશ, જ્ઞાનથી પ્રગટે શુદ્ધિ;
જ્ઞાની જગચ્ચિંતામણિ અહો, જ્ઞાની જગમાં દિનમણિ,
જ્ઞાનિનું બહુ માન કરતાં, મુક્તિ છે સોહામણી. ૧
જ્ઞાનવિના શો ધર્મ, જ્ઞાનવણ ભૂલ ન ભાગે,
જ્ઞાનવિના શું તત્ત્વ, જ્ઞાનથી ચેતન જાગે;
જ્ઞાને શાશ્વત શર્મ, જ્ઞાનથી પ્રગટે યુક્તિ,
જ્ઞાને નાસે ગાન, જ્ઞાનથી પ્રગટે ઉક્તિ;
સત્યાસત્ય જણાય છે ને, જ્ઞાને તત્ત્વ પમાય છે,
બુદ્ધિસાગર જ્ઞાનથી તો, પરમાનંદ સુહાય છે. ૨
જ્ઞાને હોવે સુખ, જ્ઞાનથી સાચું પરખે,
જ્ઞાને આતમદેવ, જ્ઞાનથી હૃદયે હરખે;
જ્ઞાને કર્મ વિનાશ, જ્ઞાનથી સ્વરૂપ ભોગી,

જ્ઞાને તપ જપ ધ્યાન, જ્ઞાનથી અંતર્યોગી;
જ્ઞાને શક્તિ આત્મની સહુ, પ્રગટે છે ક્ષણવારમાં,
જ્ઞાનવણ નહીં મુક્તિ ભવ્યો, સમજશો સંસારમાં. ૩
સમ્યગ્ આતમજ્ઞાન વિના કણ હોય ન શાંતિ,
આતમજ્ઞાન વિના છે, જગમાં જ્યાં ત્યાં ભ્રાંતિ;
જ્ઞાનવિના નહિ ગ્રન્થ, ગ્રન્થ વણ તત્ત્વ ન પાવે,
જ્ઞાને ઉચ્ચ કહાય, જ્ઞાનવણ નીચ કહાવે;
પ્રગટે જ્ઞાનપ્રકાશ તો ઘટ, સર્વે શક્તિ સંપજે,
આત્મજ્ઞાની વિધિ મોટો, સત્ય ઈશ્વરને યજે. ૪
આતમજ્ઞાને રાગ, ટળે છે દ્વેષજ નાસે,
આતમજ્ઞાને નવતત્ત્વાદિક સમ્યગ્ ભાસે;
આત્મજ્ઞાન ત્યાં ધ્યાન, ખરૂ છે જ્ઞાની ગાવે,
પણ કોઈ વિરલા આત્મજ્ઞાનને દીલ પચાવે;
અનંત શક્તિ આત્મની તો, આત્મજ્ઞાને જાગતી.
અશુદ્ધ પરિણતિ આત્મની તો, આત્મજ્ઞાને ભાગતી. ૫
આત્મજ્ઞાનથી ભાવ, ચરણમાં લય તો લાગે,
રંગાતો રાગે નહિ, આતમજ્ઞાની જાગે;
આત્માનુભવરંગે, સુખડાં સર્વ વિકાશે.
આત્મજ્ઞાનનો યોગ, ભોગ તો સાચો ભાસે,
આતમજ્ઞાને રીઝીએ જન, મન બીજે નહિ દીજિએ;
જ્ઞાન ધ્યાને જીવન ગાળી, શાશ્વત શિવપુર લીજીએ. ૬
ચિદાનંદ ભરપૂર ભરેલા આતમજ્ઞાની,
અંતરમાં ઉપયોગ, જ્ઞાન છે ગુણની ખાણી;
આત્મિક શુદ્ધ સ્વભાવ જ્ઞાનથી સહેજે જાગે.
આતમજ્ઞાને સત્ય, લહીને જૂઠજ ત્યાગે,
ચિદાનન્દ ચેતનમયી ઘટ, આત્મ વ્યક્તિ ધ્યાઇએ;
બુદ્ધિસાગર જ્ઞાનયોગે, સર્વે મંગલ પાઇએ. ૭

" કર્મસ્વરૂપ "

છપ્પય છંદ ચાલ.

કર્મ કરે તે હોય, કર્મને શર્મ ન કોની,
કર્મે નરપતિ હોય, મળે નહિ કર્મે રોણી;
કર્મે માગે ભીખ, કર્મથી નોબત વાગે,
કર્મે ધક્કા ખાય, કર્મથી પાયે લાગે.
પુન્ય પાપ બે કર્મ છે, જગ પુન્ય થકી શાતા મળે;
પ્રગટે પાપોદય તદા તો, દુ:ખ તણી વલ્લી ફળે. ૧
ચતુર્ગતિમાં ફેર, કર્મથી સઘળે ભટકે,
કર્મગતિ વિકરાળ, કર્મથી પ્રાણી અટકે;
ઉચ્ચ નીચ અવતાર, કર્મથી જગમાં દેખો.
પિતા તણા બે પુત્ર, કર્મથી ભિન્નજ પેખો;
શરીર કારણ કર્મ છે જગ, કારણ રણ નહિ કાજ છે;
રાગાદિકથી કર્મબંધન, કર્મને નહીં લાજ છે ૨
રાગાદિકનો કર્ત્તા, તેહજ શરીર કર્ત્તા,
રાગાદિકનો હર્ત્તા, તેહજ શરીર હર્ત્તા;
કર્ત્તા હર્ત્તા એકજ, પણ પરિણામ વિશેષે.
નિદ્રામાં જે હોય સુણો, જાગ્રતમાં તે છે;
સુખે સૂતો હું કહીને, જાગ્રતમાં જે જાગતો.
કર્ત્તા હર્ત્તા કર્મનો તે, આતમ એકજ છાજતો; ૩
કર્ત્તા ભોક્તા કર્મ તણો આતમ અજ્ઞાને.
દેહ સૃષ્ટિનો કર્ત્તા, હર્ત્તા સૂત્ર વખાણે;
શરીર વ્યાપિ આતમ, ઇશ્વર કર્મ કરે છે.
શરીર વ્યાપિ આતમ, ઈશ્વર કર્મ કરે છે;

આતમ ઇશ્વર કર્મનો તો, બંધકર્તા જાણીયે.
શુદ્ધોપયોગે આતમ ઇશ્વર, કર્મહર્તા માનીયે; ૪
કર્માષ્ટકનો નાશ, કર્યાથી સિદ્ધ સ્વરૂપી.
સિદ્ધ સનાતન નિર્ભય, દેશી રૂપારૂપી;
કર્માચ્છાદન દૂર, ગયાથી અનંત શકિત.
કર્માચ્છાદન દૂર, ગયાથી નિર્મલ વ્યકિત;
કર્મ સહિત સંસાર છે ને, ક રહિત ભવ પાર છે.
કર્મ ટળે આતમ ધ્યાને, સફલ તસ અવતાર છે. ૫
રાગાદિકથી કર્મ, કર્મથી પ્રગટે કાયા;
પુદ્દગલ રૂપે અષ્ટ, કર્મ છે નહિ પડછાયા.
કર્મ રોગથી રૂપી, આતમ કર્મ ગ્રહે છે;
સ્થિતિ અનાદિ કાલ. કર્મને એમ લહે છે;.
પણ વિભાવિક કર્મ છે તે, આતમ ધ્યાને ઝટ ટળે.
બુદ્ધિસાગર ધ્યાન યોગે, ચિદાનંદ મેળો મળે. ૫

ધ્યાન.

છપ્પય છંદ.

ચિદાનંદ ભરપૂર ધ્યાનથી ચેતન ભાસે,
આર્ત દ્વિતીય રૌદ્ર, ધ્યાન તો ક્ષણમાં નાસે;
ક્રિયા સ્વરૂપી ધ્યાન, હૃદયમાં જ્ઞાને જાગે.
મોહાદિક સહુ દોષ, હૃદયથી ક્ષણમાં ભાગે,
ધ્યાને અનુભવ જ્ઞાન છે ને, ધ્યાને કેવલજ્ઞાન છે;
ધ્યાન વિના નહિ મુક્તિ ભવ્યો, સમજશો સુખખાણ છે. ૧
ધ્યાને નાસે માન, ધ્યાનથી પ્રગટે મુક્તિ,
દર્શન જ્ઞાનચરણ સદ્દગુણની ધ્યાને યુક્તિ;

ધ્યાને વિષય વિનાશ, ધ્યાનથી સ્થિરતા આવે,
અનુભવનું જે સુખ ધ્યાનથી ચેતન પાવે,
પિંડસ્થાદિક ધ્યાનથી તો, અજરામરપદ પાસ છે;
આત્મધ્યાનેજ સર્વસિદ્ધિ દેવતા પણ દાસ છે. ૨

ધ્યાનક્રિયા કરનાર જગત્માં જય કરનારો,
ભવસાગરને સહુજવારમાં તે તરનારો;
ધ્યાને લબ્ધિ સર્વ ધ્યાનથી થાય ન દુઃખી,
અન્તરમાં ઉપયોગ ધ્યાનથી શાશ્વત સુખી,
ધ્યાને જ્ઞાન પ્રમાણ છે ને, ધ્યાને સ્થિરતા સાર છે,
ધ્યાનિનું બહુ માન કરતાં જગત્માં જયકાર છે. ૩

સંવરમાં છે સાર, ધ્યાન જગમાં જયકારી,
ધન્ય ધન્ય અવતાર, ધ્યાનિનો શિવસુખકારી;
ધ્યાને શુદ્ધ ચરિત્ર, ધ્યાનથી સર્વે લેખે,
ધન્ય ધન્ય અવતાર, ધ્યાનિનો આતમ દેખે;
જેવું ચેતન જ્ઞાન છે દીલ તેવું ધ્યાન કરાય છે,
સ્યાદ્વાદજ્ઞાને ધ્યાનથી તો, જન્મતણાં દુઃખ જાય છે. ૪

મન ચંચળતા સર્વ, ટળે છે ધ્યાન કર્યાથી,
આતમજ્ઞાને સહજ, સમાધિ ધ્યાન વર્યાથી;
આતમ તે પરમાતમ, ધ્યાને નિશ્ચય સમજો,
ભેદભાવ સહુ દૂર, કરે છે તેમાં રમજો;
ધર્મ ધ્યાનને શુક્લથી તો સ્વર્ગને શિવ થાય છે,
ધ્યાનની વિશુદ્ધતા લહી, ચિદાનંદ પરખાય છે. ૫

ચેતન શુદ્ધિ ધ્યાન, કરે છે દોષ હરીને,
ચિદાનંદથી મોજ કરે છે ધ્યાન વરીને;
મુક્તિનાં સુખ જીવંતાં પણ તે દર્શાવે,

અંતરમાં ઉદ્યોત ધ્યાનથી ક્ષણમાં થાવે;
ધ્યાન સકલ ગુણસ્થાન છે ને ધ્યાને અમૃતપાન છે,
બુદ્ધિસાગર સકલગુણમાં ધ્યાન એક પરધાન છે. ૬

યોગ્યસ્વરૂપ.

મરાઠી સાખી રાહ.

અલખ નિરંજન સિદ્ધ સનાતન, જીનવર જય મહાદેવા,
ક્ષાયિક ચેતન વીર સ્વયંભુ, નમન કરૂં સુખ લેવા;
આજે આનંદરે તત્વસ્વરૂપ લહિશું, તત્વની વાત કહીશું આજે૦ ૧
યમ નિયમ આસન જયકારી, પ્રાણાયામ અભ્યાસી,
પ્રત્યાહાર ધારણાધારી, ધ્યાન સમાધિ સંમાસી. આજે૦ ૨
આનંદઘનની વાણી જાણી, યોગ લહો ગુણ ખાણી,
બ્રહ્મરંધ્રમાં અનહદનાદે, સુરતા તત્ર સમાણી આજે૦ ૩
યૌગિક વિદ્યા બ્રહ્મ સમાધિ, જ્ઞાનીજન એમ બોલે,
હેમચંદ્ર મહાજ્ઞાની બોલે, યોગના નહિ કોઇ તોલે. આજે૦ ૪
ભક્તિનો મહિમા જે ભારી, તે પણ યોગ સમાતો,
યૌગિકવિદ્યા બ્રહ્મસમાધિ, જાણે તે સુખ પાતો. આજે૦ ૫
ઈશ્વરસમ આતમની શક્તિ, યૌગિક વિદ્યાભ્યાસે,
સમ્યગ્યોગનું જ્ઞાન લહ્યાથી, માયાભ્રાંતિ નાસે. આજે૦ ૬
પરમબ્રહ્મ સ્વરૂપનું કારણ, યોગાષ્ટક અવધારી,
અનેકાન્ત સ્વરૂપ સમાધિ, પામો નર ને નારી. આજે૦ ૭
તત્વોદ્ધાર કરીને પ્રેમે, આત્મસ્વરૂપ જગાવી,
બુદ્ધિસાગર મંગલ વરશો, જગમાં યશ વર્તાવી. આજે૦ ૮

આત્મજાગૃતિ,

દુહા.

ચિદાનન્દ નિર્ભય સદા, નિશ્ચલ એક સ્વરૂપ,
પ્રેમે આતમ સેવતાં, વિઘટે ભવભયધૂપ. ૧
રત્નત્રયિનું ધામ છે, અકલકલા ગુણખાણ,
અવિનાશીના ધ્યાનથી, હોવે અમૃતપાન. ૨
અનુભવ અમૃતસ્વાદથી, નિશ્ચય રૂપ જણાય,
જ્ઞાતા ધ્યાતા આતમા, જ્ઞાને મન પરખાય. ૩
નિત્યાનિત્ય વિચારિયે, ભેદાભેદ સહાવ,
સાપેક્ષાએ આતમાં, સમજ્યાથી સુખ દાવ. ૪
અખણ્ડ નિર્મલ સત્ય તું, પરમ મહોદય ગેહ,
અન્તર્દૃષ્ટિ દેખજે, વસિયો તું આ દેહ. ૫
જ્યોતિઃ ઝળહળતી સદા, ચેતનની સુખકાર,
શકિત અનંતિ સિદ્ધિસમ, ધ્યાતાં ભવનો પાર. ૬
પરપુદ્ગલથી ભિન્ન તું, ધર હારો વિશ્વાસ,
ત્રિભુવનપતિ તું દેહમાં, સમજે તો સુખવાસ. ૭
જ્ઞાતાજ્ઞેય અનન્તનો, જાગજાગ મન ચેત,
જાગ્રત થાતું આતમા, કાળ ઝપાટા દેત. ૮
સહુ મંગલનું સ્થાન તું, સિદ્ધ બુદ્ધ પરમેશ,
બુદ્ધિસાગર ધ્યાનથી, પામો નિર્ભય દેશ. ૯

ધ્યાનોદ્‌ગાર.

ભુજંગી છન્દ.

કરૂં હું કહો પ્રેમ તો કોણ સાથે,
ધરૂં હું કહો ભારને કોણ માથે;
નથી કોઈ મારૂં હવે કેમ હારૂં,
હવે ચેતીને બ્રહ્મને ના વિસારૂં. ૧

ખરામાં ખરા તત્ત્વને આજ જાણ્યું,
ખરામાં ખરા સુખને આજ માણ્યું;
ચિદાનન્દને ધ્યાનથી આજ ધ્યાયો,
ખરા સુખને પ્રેમથી આજ પાયો. ૨

ટળી બાહ્યમાં સુખની આજ આશા,
મહા મોહના બાહ્યના એ તમાંસા;
અહો આજ હું તો બન્યો બ્રહ્મભોગી,
અહો આજ હું તો બન્યો બ્રહ્મ યોગી. ૩

અહો આજ હું તો દયાગંગ ન્હાયો,
અહો આજ હું તો ખરૂં તત્વ પાયો;
ખરા શુદ્ધ રૂપે અહો હું સુહાયો,
પરાવેગથી આપને આપ ગાયો. ૪

વિકારો તમામો ટળ્યા એકતાને,
બુરી આશ છુટી ખરા બ્રહ્મ ભાને;
ખરા શુદ્ધ ચૈતન્યમાં દ્રષ્ટિ લાગી,
પ્રભુ પ્રેમથી આત્મની જ્યોતિ જાગી. ૫

પ્રભુ પ્રેમથી ધ્યાનનો ભેદ પાવે,
ધરી ધ્યાન ને સિદ્ધ રૂપે સુહાવે;
કહે બુદ્ધિ‌અબ્ધિ ધ્યાનમાં કાળ ગાળો,
ખરા બ્રહ્મમાં માનવી નિત્ય મ્હાલો. ૬

સમાધિસ્વરૂપ.

માન માયાના કરનારા રે. એ રાગ.

કરો સત્ય સ્વરૂપ સમાધિરે, તેથી ટળશે ઉપાધિને વ્યાધિ;
યોગ અષ્ટાંગને શુદ્ધ સાધિરે, કરો દૂરે સકલ દુઃખ આધિ.
ચિત્ત ચંચલતા દૂર જ જાવે, અનહદ આનંદ થાવે;
સર્વ સંકલ્પની સિદ્ધિ ખરેખર, ઋદ્ધિ સિદ્ધિ સહુ પાવેરે. કરો૦૧
આતમના જ્ઞાનથી દુઃખ ટળે છે, સિદ્ધ સ્વરૂપ મળે છે;
બ્રહ્મા ને વિષ્ણુ, શંકરને શક્તિ, આતમમાં સર્વ ભળેછેરે. ક૦ ૨
યોગિક વિદ્યાભ્યાસ કર્યાથી, વિષય વિકારો ટળે છે;
જ્ઞાનીના યોગ છે યોગિક વિદ્યા, સમજુ શિષ્યોને ફળેછેરે. ક૦ ૩
ક્રિયમાણ વળી સંચિત કર્મો, આત્મસમાધિ હરે છે;
અનંત શક્તિઓ પ્રગટે છે ઘટમાં, પરમ સ્વરૂપ વરેછેરે. ક૦ ૪
અન્તરની શકિતયો ભવ્ય જગાવો, લેજો માનવભવ લહાવો;
બુદ્ધિસાગર ઘટ સત્ય સમાધિ, મુમુક્ષુ જન ઝટ પાવોરે. ક૦ ૫

શુદ્ધ સ્વરૂપ વિચાર.

વહેચશું ભકિતનાં ભાથા નાણાં—એ રાગ.

આતમન્ શુદ્ધ સ્વરૂપ જો વિચારી;
જાય માનવ ભવ કેમ હારીરે. આતમન્૦ ટેક
લોક અલોકને જ્ઞાને પ્રકાશો,
શકિત અનંતનો તું સ્વામી;

થઈને પામર કેમ પડી રહ્યો તું,
અંતરમાં જાગ સુખકામીરે. આતમ૦ ૧
અન્તરના જ્ઞાનથી અન્તરના ધ્યાનથી,
આવશે દુઃખનોજ આરો;
ત્રણુ ભુવનનો સ્વામી છે દેહમાં,
પરખીલ્યો પ્રાણુ થકી પ્યારોરે. આતમ૦ ૨
ગંજીના ઢેરમાં અગ્નિનો કણિયો,
બાળે વધીને એક વારે;
ચેતન જ્ઞાનથી કર્મની વર્ગણા,
નાસે સકલ દુઃખ વારેરે. આતમ૦ ૩
જેમ જેમ શુદ્ધ સ્વરૂપે પ્રકાશે,
તેમ તેમ કર્મ વિનાશે;
ધ્યાન ચરણથી કર્મ ખરે છે,
અનંત ગુણો વિકાશેરે. આતમ૦ ૪
ભક્તિ ભલીજ ભાવ આતમ દેવની,
આનંદઘન તુંજ પોતે;
બુદ્ધિસાગર હીરો હાથ ચઢયો છે,
બીજે તું શીદને ગોતેરે. આતમ૦ ૫.

આત્મ શક્તિ મહત્તા.

વ્હેંચસુ ભાઈ ભક્તિનાં નાણાં—એ રાગ.

આતમ તમે શક્તિ અનંત થકી ખીલો,
સમતા સરોવર ઝીલો. આતમ૦ ટેક
અસંખ્ય પ્રદેશમય શાશ્વત સુખમય,

આલસથી થાય કેમ ઢીલો;
અંતર્ ઉદ્યમ થકી શુદ્ધ સ્વરૂપમય,
કર્મપાતક સહુ પીલોરે. આતમ૦ ૧
તારા પ્રકાશતા ચંદ્ર પ્રકાશતો,
સૂર્ય પ્રકાશ કરે ભારી;
અનંત જ્ઞાન થકી સહુને પ્રકાશે,
તેજનો તેજ તું વિચારી રે. આતમ૦ ૨
બાહ્યમાં સુખ નહિં અંતરમાં સુખ છે,
ચેતન થાય શું હઠીલો;
બ્રહ્મા શંકર હરિ આતમરામ તું,
સત્તાએ સરસ છબીલો. આતમ૦ ૩
નિજ પર દોષના ભાનને વિસારી,
અંતરમાં થાજે એકીલો;
બુદ્ધિસાગર ગુરૂવાળી વિચારી,
થા તું ખંતીલો ટેકીલો રે. આતમ૦ ૪

આનંદઘન.

વહેંચશું ભક્તિનાં ભાઇ નાણું. એ રાગ.

આનંદઘન આતમના ગુણ ગાશો, તમે શાશ્વત સુખડાં પાશો. આનંદ૦
આતમના પ્રેમથી આતમના નેમથી, ઋદ્ધિ અનંતિ કમાશો;
અન્તર પ્રદેશમાં કલેશ ન લેશ છે, જાગીને ઝટપટ જાશો. આનંદ૦ ૧
આતમના દેશમાં શાશ્વત સુખ છે, વિવેકવંતનોજ વાસો;
નિત્ય અનિત્યશુદ્ધ બુદ્ધ અવિનાશી, વૈખરીથી કેમ કળાશો. આનંદ૦ ૨
સત્ય સ્વરૂપ જ્યાં તાપ ન લૈશ ત્યાં, કેવલ જ્યોતથી પ્રકાશો;
બુદ્ધિસાગર ગુરૂ જ્ઞાનની ઘેનમાં, નિર્ભય યોગી જણાશો. આનંદ૦ ૩

ભાવના સમાન સંસ્કારફલ.

'ઉંચશું ભક્તિનાં ભાઈ નાણું. એ રાગ.

ભાવના જેવી તેવુંજ ફલ પાવો;
જેવું ધ્યેય તેવા થઈ જાવો રે. ભાવના૦
રંકની ભાવના રંકનાં દુઃખ દે,
સુખિની ભાવનાથી સુખો;
ધ્યેયસ્વરૂપ દિલ થાતાં શુભાશુભ,
આતમમાં સુખ દુઃખો રે. ભાવના૦ ૧
શુભાશુભ સંસ્કાર પડે છે દીલ,
પુણ્ય પાપ ભાવનાથી;
સંસ્કારથી મતિ તેવીજ પ્રગટે,
લાગે ખરૂજ સમજ્યાથી રે. ભાવના૦ ૨
દોષો વિચારતાં દોષોના બીજને,
વાવે હૃદયમાંહિ પ્રાણી;
ગુણો વિચારતાં ગુણ સંસ્કારને,
પ્રગટાવે દીલમાં જ્ઞાની રે. ભાવના૦ ૩
ઇયલ ભ્રમરી ભાવના જોરથી,
ભૃંગી સ્વરૂપ ઝટ પાવે;
સિદ્ધ સ્વરૂપને ધ્યાને વિચારતાં,
સિદ્ધ બુદ્ધ પદ પાવે રે. ભાવના૦ ૪
ઉચ્ચને નીચ ભાઇ ભાવના જોરથી,
થાશો હૃદય લ્યો વિચારી;
બુદ્ધિસાગર સિદ્ધ ધ્યેયના ધ્યાનથી,
સિદ્ધ સ્વરૂપ જયકારી રે. ભાવના૦ ૫

ધ્યાનજીવન.

વ્હેંચશું ભક્તિનાં ભાઇ નાણાં. એ રાગ.

ધ્યાનમાં નક્કી જીવન જીવ ગાળો,
દોષો સકળ ઝટ ટાળોરે. ધ્યાનમાં૦ ટેક.
સંકલ્પ શ્રેણિ નિવારીને ક્ષણમાં,
વૃત્તિ ચેતનમાંહિ વાળો;
અસંખ્ય પ્રદેશમાં ચિત્ત રમાવો,
કદી ન લેશ કંટાળોરે. ધ્યાનમાં૦ ૧
દોષોને ખાળવા ને રોગોને ટાળવા,
છંડોને ક્રોધ મહા કાળો;
સદ્‌ગુણ દૃષ્ટિ ધારી હૃદયમાં,
ત્યાગો નિંદાનો તો ટાળોરે. ધ્યાનમાં૦ ૨
સામર્થ્ય યોગથી ધ્યાન લગાવતાં,
ઋદ્ધિ અનંત દિલ ભાળો,
બુદ્ધિસાગર પ્રભુ ધ્યાન પ્રતાપથી,
મુક્તિપુરીમાંજ મ્હાલોરે. ધ્યાનમાં૦ ૩

બ્રહ્મ રસ.

વ્હેંચશું ભક્તિનાં ભાઇ નાણાં:—એ રાગ.

બ્રહ્મ રસ ભોગી જગતમાંહિ યોગી;
બ્રહ્મ ભોગે નથી કોઇ રોગીરે. બ્રહ્મ૦
બ્રહ્મના ગાનમાં બ્રહ્મના તાનમાં,
બ્રહ્મના ધ્યાનમાં ઝુમારી;

બ્રહ્મની લ્હેરમાં વૈર વિરોધ જાય,
બ્રહ્માનુભવ સુખકારીરે. બ્રહ્મ૦ ૧
બ્રહ્મના ભાનમાં આનંદ સત્ય છે,
બ્રહ્મ સ્વરૂપ સુદ્ધ સાચું;
બ્રહ્મ વિના બાહ્ય જડમાં ન સુખ લેશ,
બ્રહ્મ સ્વરૂપમાંહિ રાચુંરે. બ્રહ્મ૦ ૨
બ્રહ્મ સ્વરૂપ છે આતમરામ દેહ,
શોધીને ધ્યાનથી તપાસી;
અનંત આતમા બ્રહ્મ સ્વરૂપમય,
કેવલ જ્ઞાનથી પ્રકાશીરે. બ્રહ્મ૦ ૩
સંગ્રહનયથી સત્તાએ એકરૂપ,
વ્યક્તિથી ભિન્ન વિચારો;
સાપેક્ષતાથી બ્રહ્મસ્વરૂપને,
જાણીએ સત્ય આધારો રે. બ્રહ્મ૦ ૪
રત્નત્રયિની ઋદ્ધિ વિચારો,
ધ્યાવો પરમબ્રહ્મ પોતે;
બુદ્ધિસાગર પ્રભુ બ્રહ્મસ્વરૂપમય,
બીજે તું શીદને ગોતેરે. બ્રહ્મ૦ ૫

પરમપ્રભુગાન.

નાથ કેસે ગજકો બંધ છોડાયો—એ રાગ.

પરમ પ્રભુ અન્તર આતમ પરખો, ધ્યાને જોઈ જોઇ હરખો. પરમ૦
દર્શન જ્ઞાન ચરણ ગુણ ધારી, શુદ્ધ બુદ્ધ અવિકારી,
શક્તિ અનંતિ સ્થિરતા યોગે, પ્રગટે છે જયકારી. પરમ૦ ૧

આપો આપ વિચારે પ્રગટે, વ્યકિત સ્વરૂપ વિલાસી;
શોધો બોધો આતમ દેવા, ત્યાં છે ગંગા કાશી. પરમ૦ ૨
આતમ અનુભવ નિશ્ચય સ્થિરતા, પ્રગટાવો સુખકારી;
હરિહર બ્રહ્મા ઇશ્વર પોતે, તરતમ યોગ વિલાસી. પરમ૦ ૩
ષડ્ દર્શનનો ઝઘડો ભાગે, ભેદ જ્ઞાન ઝટ જાગે;
શુદ્ધ સ્વરૂપે રહેતો રાગે, પર પરિણતિને ત્યાગે. પરમ૦ ૪
ધ્યાવો ગાવો આતમ દેવા, સુખ કર કરશો સેવા;
બુદ્ધિસાગર અનુભવ મેવા, ધ્યાને ઝટપટ લેવા. પરમ૦ ૫

ચિદ્ઘનગાન.

વ્હાલા વીરજીનેશ્વર—એ રાગ.

પ્યારા ચિદ્ઘન ચેતન, શુદ્ધ સ્વરૂપ તવ ધારજોરે,
પામી હીરો હાથે અલબેલા નહિ હારજોરે;
નિરાકાર નિઃસંગી જ્ઞાની, અનંત દાનાદિકનો દાની,
દિલ આદર્શે ચિદાનંદ અવધારજોરે. પ્યારા૦ ૧
ઉપશમ ક્ષયોપશમની શક્તિ, ક્ષાયિક ભાવે પ્રગટે વ્યકિત,
નિશ્ચલ ધ્યાને પોતાને ઝટ તારજોરે. પ્યારા૦ ૨
અલખ ખલકમાં સાચો સમજો, સુરતાથી રહેજે ત્યાં રમજો;
વિષય વિકારો વેગે દીલથી વારજોરે. પ્યારા૦ ૩
કર પોતાની પ્રેમે ભકિત, ખીલવજે તું નિજગુણ શકિત;
ચેતન ચેતી ઝટપટ કર્મ કલંક વિદારજોરે. પ્યારા૦ ૪
અલબેલો સાહિબ તું પ્યારો, પોતાને પોતે ધ્યાનારો;
બુદ્ધિસાગર પરમ પ્રભુ સંભારજોરે. પ્યારા૦ ૫

અન્તરમાં સુખ.

વ્હાલા વીરજીનેશ્વર.—એ રાગ.

ખરેખર સત્ય સુઃખ છે અંતરમાં અવધારજેરે,
સાચું સમજી વ્હાલા વિષય વિકારોવારજેરે;
માટીની માની જે ઋદ્ધિ થાશે નહિ તેથી કંઇ સિદ્ધિ;
વ્હાલા સમજી વેગે અંતર્ધનને ધારજેરે. ખરેખર૦ ૧
બાહ્ય વિષયમાં સુખની આશા, મોહ બુદ્ધિના જાણ તમાસા;
વ્હાલમ સમજી સાચું જીવન, વ્યર્થ ન હારજેરે. ખરેખર૦ ૨
જે જે અંશે સ્થિરતા ધારે, તે છે અંશે ધર્મ વધારે;
તારક ભવજલધિથી પોતાને ઝટ તારજેરે. ખરેખર૦ ૩
સામગ્રી પામીને ચેતો, ચેતે તે શિવ સુખને લેતો;
વાલ્હમ શુદ્ધ સ્વરૂપ તારૂં તે દીલ વિચારજેરે. ખરેખર૦ ૪
પ્રગટે છે ઉદ્યમથી શકિત, ક્ષાયિક ભાવે પ્રગટે વ્યકિત;
વાલ્હમ બુદ્ધિસાગર પોતાને સંભારજેરે. ખરેખર૦ ૫

આત્મોપયોગ.

વ્હાલા વીર જીનેશ્વર. એ રાગ.

વ્હાલા હરતાં ફરતાં બ્રહ્મ સ્વરૂપને ધ્યાવજેરે;
નિશ્ચય અંતર્ધનમાં શ્રદ્ધા સાચી લાવજેરે;
વિષય વિચારો દૂર હઠાવી, મનમાં અન્તર્યામી ભાવી,
ચેતન અનંત લક્ષ્મી ક્ષાયિક ભાવે ઠાવજેરે. વ્હાલા૦ ૧
ચિત્તવૃત્તિ અંતરમાં સ્થાપી, થાજે નિશ્ચય નિજગુણ વ્યાપી,
અસંખ્ય પ્રદેશી ઘરમાં વ્હેલો આવજેરે. વ્હાલા૦ ૨

ભજવી ભાવે નિજગુણ ભક્તિ, ખીલવવી ચિદ્દ્ઘનની શકિત,
પ્રેમી ઉદ્યમથી તું બ્રહ્મ સ્વરૂપને પાવજેરે. વ્હાલા૦ ૩
બ્રહ્મજ્ઞાનથી ભાગે ઝઘડા, દૂર રહેશે માયાના વગડા;
વાહ્હમ મોહાદિક શત્રુને દૂર હઠાવજેરે. વ્હાલા૦ ૪
અન્તર્યામી ચિદ્દ્ઘન પરખી, પામી હીરા લેજે હરખી;
બુદ્ધિસાગર સોડહં ગાયન ગાવજેરે. વ્હાલા૦ ૫

ધ્યાન પ્રેરણા.

મારુ રાગ.

ધ્યાને સુખ ભરપૂર રે, જીવ ધ્યાને સુખ ભરપૂર,
વાજે મંગળ તૂર રે, જીવ ધ્યાને સુખ ભરપૂર;
પરા પશ્યંતિ મધ્યમારે, વૈખરીથી ભિન્ન;
હૃદય કમળમાં ધ્યાનથી રે, હોવે છે ત્યાં લીન રે. જીવ૦ ૧
મર્મસ્થાનમાં જાણીએ રે, અસંખ્ય પ્રદેશો ભવ્ય;
મન સંયમ તે સ્થાનમાં રે, જાણો શુભ કર્તવ્ય રે. જીવ૦ ૨
ષડ્ ચક્રોના સ્થાનમાં રે, અસંખ્ય પ્રદેશો હોય;
ધ્યાન કરો ત્યાં તેહનું રે, શક્તી પ્રકાશતી જોય રે. જીવ૦ ૩
ષડ્ ચક્રોના સ્થાનમાં રે, કમળ વર્ણનો રે ન્યાસ;
તેમાં મનડું સ્થાપવું રે, સાલંબન તે ખાસરે. જીવ૦ ૪
પ્રાણવાદિક સાલંબને રે, લબ્ધિ પ્રગટતી દેખ;
કેવળ આતમ ધ્યાનથી રે, ચિદ્દ્ઘન નિર્મળ લેખ રે. જીવ૦ ૫
પગથી મસ્તક વ્યાપીને રે, આતમનો છે. વાસ;
ક્ષયોપશમની ભિન્નતા રે, ધ્યાને પ્રગટે ખાસરે. જીવ૦ ૬

પર કર્ત્તા હર્ત્તા કહ્યો રે, પરના ધ્યાને જીવ;
નિજ કર્ત્તા નિજ ધ્યાનથી રે, હોવે જીવનો શીવ રે. જીવ૦ ૭
પુદ્ગળમાં વ્યાપી પ્રભુ રે, અસંખ્ય પ્રદેશી દેવ;
શકિત અનંતિ સાહિબો રે, કરે પોતાની તે સેવ રે. જીવ૦ ૮
અનંત દેહોને રચીનેરે, છોડયાં છે દિલ જાણ;
દેહ સૃષ્ટિ વર્તમાનની રે, કર્તા તેનો પિછાન રે. જીવ૦ ૯
દેહ સૃષ્ટિ રચના કરે રે, રાગ દ્વેષના યોગ;
રાગ દ્વેષના નાશથી રે, સૃષ્ટિ દેહ વિયોગ રે. જીવ૦ ૧૦
સૃષ્ટિ કર્તા નહિ હુવેરે, નિર્મળ ઇશ્વર દેવ;
રાગ દ્વેષાભાવથી રે, બને ન એવી ટેવરે. જીવ૦ ૧૧
રાગ દ્વેષ સદ્ભાવથી રે, ઇશ્વર નહિ કહેવાય;
શુદ્ધ ઇશ્વર નિર્મલા રે, સૃષ્ટિના કર્તા ન થાય રે. જીવ૦ ૧૨
સહુ જીવો પરમાતમા રે, સત્તાથી કહેવાય;
ધ્યાને કર્મ વિનાશી રે, સિદ્ધ સદા પરખાય રે. જીવ૦ ૧૩
પિંડસ્થાદિક ધ્યાનથી રે, ધ્યાવો આતમ રાય;
બુદ્ધિસાગર ગુરૂ લહી રે, કેવળ કમલા પાયરે. જીવ૦ ૧૪

“ આત્માધ્યેય. ”

મારૂ રાગ.

પ્રગટે આતમ ભાન રે, દીલ પ્રગટે છે ભગવાન,
હોવે જબ એક તાન રે, દીલ પ્રગટે છે ભગવાન.
આત્મ પ્રદેશો ધ્યાવતાં રે, શકિત પ્રગટે સર્વ;
ધ્યાન ક્રિયા અભ્યાસથી રે, નાસે મિથ્યા ગર્વ રે. દિ૦ ૧

અગમ અગોચર વસ્તુનો રે, વીરલા પામે પન્થ;
ગુરૂગમ વણ કેઇ પ્રાણિયા રે, થાકયા ભણીને ગ્રન્થ રે. દિ૦ ૨
જ્ઞાનવિના શ્રદ્ધા નહિ રે, શ્રદ્ધા વણ શી સેવ;
અનેકાન્ત નય યોગથી, સેવો આતમ દેવરે. દિ૦ ૩
ઉપયોગે આતમ ભજો રે, અસંખ્ય પ્રદેશી રાય;
સહજ સમાધિ સંપજે રે, અંતર સુખ પરખાય રે. દિલ૦ ૪
શકિત અનંતી શાશ્વતી રે, પ્રગટે નાસે રોગ;
આપો આપ વિચારતાં રે, પામે સુખનો ભોગ રે. દિલ૦ ૫
જ્ઞેય જ્ઞાન દો ભાવ છે રે, સામાન્ય અને વિશેષ;
શુદ્ધ જ્ઞાનથી જાણતાં રે, લહીયે નિર્મળ દેશ રે. દિલ૦ ૬
સેવો ધ્યાવો આતમા રે, પ્રગટે છે સુખ પાન;
બુદ્ધિસાગર જ્ઞાનથી રે, સોઽહં ગાવો ગાન રે. દિલ૦ ૭

પરાસ્થિાત પ્રેરણા.

સુણ આતમા પરાપશ્યંતિ, મધ્યમાથી નિજને વાલ્હમ જાણજે;
મધ્યમા વિચાર બલથી, શુદ્ધ શ્રદ્ધા આણજે. સુણ૦ ટેક.
શુદ્ધ સત્તા પરમ ઇશ્વર, દેવ તું છે દેહજી.
ભાવનાથી વ્યકિત રુપે, થાવે ગુણ ગણ ગેહ. સુણ૦ ૧
દીનતાદિ ભાવ ત્યાગી, ભાવો શુદ્ધ સ્વભાવજી;
સત્ય ભાવે સત્ય પ્રગટે, વિણસતો પરભાવરે. સુણ૦ ૨
શુદ્ધ રટના નેમથી તું, દર્શન આપે દેવજી.
પોતાને તું ધ્યાવતો ને, પોતે તું છે દેવરે. સુણ૦ ૩
પરમ આત્મ સ્વરૂપમાં તો, આનંદ અપરંપારજી;
ઓળખતાં નિજરૂપને ઝટ, નાસે મિથ્યાચારરે સુણ૦ ૪

ખેલ ખેલે નવનવાનું, જ્ઞાન જ્ઞેય સ્વરૂપમાં;
અલખ ઇશ્વર નિત્ય તું છે, શુદ્ધ ભક્તિ રૂપમાં. સુણ૦ ૫
રૂપારૂપી તું પ્રભુ છે; સત્ય તારૂં વ્હાલજી;
પ્રેમીનો પણ પ્રેમી સાચો, સત્ય ધન સંભાળરે સુણ૦ ૬
જાગ ચેતન જાગ ચેતન, કેમ કરતો વારજી;
તુજ વિના નહિ ચેન દિલમાં, સારમાં તું સારરે; સુણ૦ ૭
પંચ પરમેષ્ટિ પ્રભુ પણ, આતમથી પૂજાયરે;
બુદ્ધિસાગર જ્ઞાન વાતો, સમજીને સમજાયરે. સુણ૦ ૮

ચેતન દર્શન.

જીવ જોઇલે નિજ રૂપને ઝટ શુદ્ધ પરખી તત્ત્વનિશ્ચય ધારજે;
સંસાર છે પણ નાસ્તિભાવે આતમમાં અવધારજે. જીવ૦
ભાન ભૂલી મનમાં ફુલી, ઝુલ્યો સહુ સંસારજી;
ભૂતકાલિક વિષય ભૂલી; મોહ નિંદા વારરે. જીવ૦ ૧
આતમહીરો હાથ આવ્યો, દેખીને તું દેખજી;
મોહબાજી ત્યાં શું રાજી, પ્રેમથી ઝટ પેખરે. જીવ૦ ૨
બ્રુહ્મા વિષ્ણુ રામ તું છે, અર્થ ભેદે ભેદજી;
શબ્દ ભેદે અર્થ એકે, અનેકાન્તનય વેદરે. જીવ૦ ૩
સ્યાદ્વાદભાવે સત્ય જાણી, સેવીએ આતમરામજી;
બ્રહ્મ ગુણ આધાર આતમ, બ્રહ્મનું તે ધામરે. જીવ૦ ૪
એકનયથી દૃષ્ટિભેદે, ભેદ પ્રગટે જાણજી;
સ્યાદ્વાદ સમજ્યા વિણ જગમાં, ધર્મ તાણંતાણરે. જીવ૦ ૫
ચિત્ત વૃત્તિ સ્થિરતાથી, આતમ ભક્તિ થાયજી;
આતમ તે પરમાતમા છે, ધ્યાનથી પરખાયરે. જીવ૦ ૬

આનંદ લ્હેરે ઉછળેજી, ધ્યાનસાગરમાંહિજી;
જ્ઞાન દર્શન ચરણ સ્થિરતા, એકચિત્ત પ્રવાહરે. જીવ૦ ૭
ધ્યાન સરવર હંસ ખેલે, આનંદ અપરંપારજી;
બુદ્ધિસાગર ભક્તિભાવે, થયો સફલ અવતારરે. જીવ૦ ૮

અનંત જ્ઞાન ભંડાર આત્મા.

ઝુલણા.

ઋદ્ધિ સિદ્ધિ ધણી ચેત ચેતનમણિ,
જ્ઞાનને જ્ઞેયરૂપે સુહાયો;
જ્ઞેયથી ભિન્ન તું જ્ઞાનથી ભિન્ન નહિ;
આતમા જ્ઞેય રૂપે કહાયો. ઋદ્ધિ ૧
જ્ઞેયથી ભિન્ન નહિ જ્ઞાનપર્યાયથી,
જ્ઞાનથી સર્વ સાપેક્ષયોગે;
જ્ઞાન તે ધર્મ છે મુખ્ય લક્ષણપણે;
જ્ઞાન વણ આતમા દુઃખ ભોગે. ઋદ્ધિ ૨
કેવલ જ્ઞાનથી સિદ્ધિના શર્મમાં;
આતમા ઝીલતો તત્વ યોગી;
જ્ઞાન વણ આંધળો જીવ સમજે નહિ;
આત્મ ઋદ્ધિ થકી છે વિયોગી. ઋદ્ધિ ૩
નિત્ય અભ્યાસથી જ્ઞાન શક્તિ વધે;
કેવલ જ્ઞાન અંતે પ્રકાશે;
ધર્મઉત્સાહથી વીર્ય શક્તિ જગે,
વીર્ય શક્તિ અનંત પ્રભાસે. ઋદ્ધિ. ૪
યોગ ઉદ્યોગથી મુક્તિ સોપાનમાં,

આતમા ધૈર્યથી પાદ મૂકે;
પ્રેમથી ભાવતાં આતમા,
કદી નહી ધૈર્યથી ભવ્ય ચૂકે. ઋદ્ધિ૦ ૫
શકિતના યોગથી વ્યકિત શુદ્ધિ જગે,
સત્ય આનંદની ઘેન આવે;
ભકિત વિશ્વાસથી આતમા ઉચ્ચ છે,
શુદ્ધ અભ્યાસથી દુઃખ જાવે. ઋદ્ધિ૦ ૬
જાગીયે ક્ષણ ક્ષણ લાગીએ ધ્યાનમાં,
બાહ્ય સંસર્ગ સર્વે નિવારી;
શુદ્ધ ચૈતન્યના રૂપમાં રાચશું,
આતમા જાણજો શકિત ક્યારી. ઋદ્ધિ૦ ૭
ઉચ્ચમાં ઉચ્ચ તું રાયનો રાયતું,
જાગજે દીનતા ભાવ ટાળી;
આત્મના પ્રેમમાં પરમ ઈશ્વર પ્રભુ,
જાગજે ચિત્તને ધ્યાન વાળી. ઋદ્ધિ૦ ૮
જાગજે આતમા જાગજે આતમા.
શુદ્ધ ઉપયોગથી ધ્યાન ધારી;
બુદ્ધિસાગર સદા જાગજે ધ્યાનથી,
ભકિત ઉત્સાહથી મુક્તિ સારી. ઋદ્ધિ૦ ૯

અન્તરસુખ.

માઢરાગ.

અંતરમાં સાચું સુખરે, અહો બાહ્યવિષયમાં દુઃખ;
સુત હોવે ન વંધ્યાકુખરે, કદી ભાગે ન સ્વપ્ને ભૂખ,
અનંતસુખ ગુણ આતમારે, ચિદ્ઘન ચેતન રાય;
અંતરના ઉપયોગથીરે, સત્યાનંદ કહાયરે. અંતરમાં૦ ૧

બકવાદી કેઈ બહુ બકે રે, ગપ્પાં મારે લાખ;
ગાડી વાડી લાડીમાંરે, અંતે રાખની રાખરે. અંતરમાં૦ ૨
મારૂં તારૂં માનિનેરે, ભટકે શું પરદેશ;
વિષયવાસના જોરથી રે, ક્ષણુક્ષણુ પ્રગટે કલેશ રે. અંતરમાં૦ ૩
સાચું સુખ ન સંપજે રે, વિષય પ્રતીતે દીલ;
સમજી સાચું સાહિબારે, સમતાગંગમાં ઝીલ રે. અંતરમાં૦ ૪
નિર્મલ જ્યોતિ ઝગમગે રે, કરતાં આતમધ્યાન;
અનુભવામૃત ચાખીએ રે, વર્તે સાચું ભાન રે. અંતરમાં૦ ૫
ગગનગઢે જઇ મ્હાલવું રે, પામી નિર્ભય દેશ;
ક્ષાયિકભાવે દેશમાંરે, લેશ ન વર્તે કલેશરે. અંતરમાં૦ ૬
ચેતન ધ્યાને રીજીએ રે, કીજે દિલ વિશ્વાસ;
તૈલની ધારા જેહવી રે, ધ્યાનની સંતતિવાસ રે. અંતરમાં૦ ૭
અનેકાન્તનય ઓળખીરે, સેવો ધ્યાવો દેવ;
બુદ્ધિસાગર પ્રેમથી રે, કીજે આતમ સેવ રે. અંતરમાં૦ ૮

રાજયોગ.

માઢ રાગ.

મનઆનંદ સત્ય સુહાયરે બહુ; આનંદ સત્ય સુહાય;
વૈખરીથી કેમ કહાયરે. મન૦ ટેક.
યમ નિયમ આસન કરી રે, પ્રાણાયામ અભ્યાસ;
પ્રત્યાહાર ધરી ધારણા રે, ધ્યાને થયો વિશ્વાસરે. મન૦ ૧
અધ્યાતમજ્ઞાને કરીરે, શુદ્ધ ચરણમાં સ્થિર;
સત્યસમાધિ તે વરીરે, થયો છે ચેતન ધીર રે. મન૦ ૨

ક્ષયોપશમજ્ઞાને કરીરે, ચેતન ધ્યાન કરાય;
સ્થિરતાયોગે સંપજેરે, આત્મસમાધિકો પાયરે, મન૦ ૩

અનેકાન્ત નયવાદથીરે, નાસે ભ્રાન્તિ દૂર;
આપોઆપ વિચારતાંરે, વાગે મંગલ તૂરરે. મન૦ ૪

આતમ અનુભવ જ્ઞાનથીરે, નાસે મિથ્યા કલેશ;
ચેતન શુદ્ધોપયોગથીરે, હોવે જીવ પરમેશરે. મન૦ ૫

સહજયોગ સહુથી ખરો રે, ઉપદેશે છે જીન;
દેશ સર્વ વિરતિ થકી રે, આતમ હોવે પીન રે. મન૦ ૬
ઉપશમ ક્ષયોપશમ ને ક્ષાયિક; ભાવે સાચો ધર્મ;
સાધન સાધ્યસ્વરૂપ છે રે; ટાળે સઘળાં કર્મ રે; મન૦ ૭
નવતત્ત્વાદિક જ્ઞાનથી રે; પ્રગટે છે ઉપયોગ;
સહજ રમણતા યોગથી રે; પ્રગટે ક્ષાયિકભોગ રે; મન૦ ૮
જ્ઞાનોદ્યમથી સાધના રે; કરવી ધરી ઉમંગ;
શાશ્વતસિદ્ધિસુખનો રે; અનુભવ આવે અંગરે; મન૦ ૯
અંતરમાં નિશ્ચય ધરીરે, ચાલે જે વ્યવહાર;
ચઢતે ભાવે સંપજેરે, શાશ્વતસિદ્ધિ ઉદાર રે. મન૦ ૧૦
આત્મિકશુદ્ધ સ્વભાવનોરે, પ્રગટે ધર્મ અનંત;
શાંતિ આતમમાં ખરીરે, ભાખે વીર ભદંતરે. મન૦ ૧૧
સેવો ધ્યાવો આતમારે, આતમ સિદ્ધસ્વરૂપ;
આતમધ્યાને આતમારે, ટાળે ભવભય ધૂપરે. મન૦ ૧૨
જાણો દેખો આતમારે, લોકાલોકનો ભાણ,
બુદ્ધિસાગર યોગથીરે, કોટિ હોય કલ્યાણરે. મન૦ ૧૩

યોગરહસ્ય.

માઢ રાગ.

ભરપૂર આનંદ આજરે, ઘટ ભરપુર આનંદ આજ,
રાખી ગુરૂએ લાજરે. ઘટ૦
સકલ તીર્થ સ્વામી લહ્યોરે, ગઇ ઉપાધિ દૂર,
સમતા સરોવર ઝીલતોરે, હંસલો આનંદપૂરરે. ઘટ૦ ૧
ગંગા યમુના સરસ્વતીરે, પામી તેનો ભેદ,
પિંડમાં પરગટ પેખતાંરે, જાતભાત નહિ વેદરે. ઘટ૦ ૨
અંતર જ્યોતિ ઝગમગીરે, નાઠી મિથ્યા રેન,
અજપાજાપે જાગતાંરે, પ્રગટી સાચી ધેનરે. ઘટ૦ ૩
જે જેનું તે ભોગવેરે, વસ્તુસ્વરૂપે એમ,
ચિદાનંદ પરમાતમારે, જય જય મંગળ ક્ષેમરે. ઘટ૦ ૪
કેવલજ્ઞાની આતમારે, અજરામર સુખકાર,
અનંતજ્ઞાને મુક્તિમાંરે, વર્તે છે નિર્ધારરે. ઘટ૦ ૫
રેચક પૂરક ભાવથીરે, કુંભક ટાળે કર્મ,
અન્તર્યામી ઓળખેરે, નાસે મિથ્યા ભર્મરે. ઘટ૦ ૬
તીર્થંકરની વાણીથીરે, પરમરૂપ પરખાય,
વસ્તુસ્વરૂપ નહિ અન્યથારે, લગાલગી કેમ થાયરે. ઘટ૦ ૭
સાગરમાં સઘળી નદીરે, મળતી ખરખર આય,
જીનદર્શનમાં જાણજોરે, દર્શન સર્વ સમાયરે. ઘટ૦ ૮
જૈન અને જીન આતમારે, ષડ્દર્શનમાં સર્વ;
સઘળી દુનિયા જૈન છે રે, જાણે નાસે ગર્વરે. ઘટ૦ ૯
રાગ દ્વેષ જીત્યા થકી રે; હોવે સઘળા જિન;
જિન ઉપાસક જૈન છે રે, જાણી ન થાવો દીનરે. ઘટ૦ ૧૦

હર રેચક કુંભક હરિ રે, બ્રહ્મા પૂરક રૂપ;
દ્રવ્યભાવ બે ભેદથી રે, પ્રાણાયામસ્વરૂપ રે. ઘટ૦ ૧૧
સ્યાદ્વાદ સમજ્યા વિના રે, દુનિયા સહુ કુટાય;
આતમજ્ઞાન વિના કદી રે, ભેદભાવ નહિ જાયરે. ઘટ૦ ૧૨
વૈખરી વાણી શું કહે રે, ચિન્મય ચેતન ખાસ;
પરા પશ્યંતિ પામીને રે, પ્રગટે સાચો ભાસ રે. ઘટ૦ ૧૩
સાગર સરિતા જળ મળીને, તન્મયતાને પાય;
બુદ્ધિસાગર ધર્મથીરે, આપોઆપ સમાયરે. ઘટ૦ ૧૪

સૂતી વખતે આત્મોદ્ગાર.

ધીરાના પદનો રાગ.

શરીરનો તું સંગીરે, આતમ અવધારજે,
શુદ્ધરૂપ સમજીરે, વિષયવિષ વારજે; શરીર૦
નાના મોટા વૃદ્ધ યુવાનર, નારીના પર્યાય;
પુદ્ગલના વ્યવહારે આતમ, જગમાંહિ કહેવાય.
જાણીને ઝટ જોઇ ને ચિત્તમાં વિચારજે. શરીર૦ ૧
અનંતશકિત સ્વામી વાલ્હમ, ગુણપર્યાયાધાર,
દેહ દેવળના વાસી જોગી કરજે કૃત્ય વિચાર;
બાજી પામી સારી રે, હવે નહિ હારજે. શરીર૦ ૨
ખેલાડ થઇને શું ખેલે ?, બાહિર માયા ખેલ,
રેતી પીલે તેલ ન નિકળે, સમજણ છે મુશ્કેલ;
નાવ પામી સારૂં રે, પોતાને તું તારજે. શરીર૦ ૩
માનવ મુસાફર દુનિયામાં, ચેત ચેત ઝટ ચેત,
ઉંઘે ઉંઘણું પાર ન આવે, કાલ ઝપાટા દેત,
અંતરના અલબેલા રે, પોતાને સંભારજે. શરીર૦ ૪

સત્યાનંદ સ્વરૂપી શાશ્વત, ધર પોતાની ટેક,
ક્ષીર નીરની પેઠે હંસા, ધરજે સત્ય વિવેક;
બુદ્ધિસાગર પ્રેમે રે, આતમને ઉદ્ધારજે. શરીર૦ ૫

ભેદુએ ભેદ આપ્યો.

ધીરાના પદનો રાગ.

ભેદૂએ ભેદ આપ્યો રે, આતમરૂપ પરખાયું;
થાતું નથી જાતું રે, જ્ઞાનીયોએ બહુ ગાયું. ભેદુ૦
યમ નિયમ આસનને સાધી, સાધી પ્રાણાયામ,
પ્રત્યાહાર ધારણા ધારી, ધ્યાને બન્યો છે નિષ્કામ;
સમાધિ સ્વરૂપે રે, આતમનું સુખ પાયું. ભેદુ૦ ૧
બાહિર ઇચ્છા વિરમી રહેજે, ઉદાસીનતા પાય;
શાતાશાતાવેદની આવે, હર્ષ શોક નહિ થાય;
ઉપયોગ ભાસે છે, ઠામ મન ઝટ આયું. ભેદુ૦ ૨
ધન્ય ગુરૂ સાચા ઉપકારી, વાળ્યો શિવપુર પન્થ;
ગુરૂગમ વણ કો સાર ન પામે, કોટી ભણે જો ગ્રન્થ,
ગુરૂએ મને તાર્યોરે, થયું મારા મન ધાર્યું. ભેદુ૦ ૩
નયની વાતો કોઇક પાતો, સદ્ગુરૂ જેને શીર;
આપમતિએ લાતો ખાતો, સમજ્યાં વણ તો અધીર;
અપેક્ષાએ વાણીરે, જાણી મન હરખાયું. ભેદુ૦ ૪
અંતર ચક્ષુ જો ઉઘડે તો, આપોઆપ પ્રકાશ;
ચિદાનંદ ચેતનમય મુર્ત્તિ, ગુણ પર્યાય વિલાસ,
બુદ્ધિસાગર પ્રેમેરે, તત્ત્વ સ્વરૂપ પાયું. ભેદુ૦ ૫

ચિદાનન્દ.

પરમપ્રભુ સબજન શબ્દે ધ્યાવે—એ રાગ.

ચિદાનંદ શુદ્ધ બુદ્ધ અવિકારી;
પરમ પ્રભુ જયકારી. ચિદાનંદ૦
ક્ષાયિક નવ લબ્ધિનો ભોગી;
ક્ષાયિક ગુણ ગણ યોગી,
નિત્યાનિત્યા સ્વરૂપ વિલાસી,
જડ પુદ્ગલથી અયોગી. ચિદાનંદ૦ ૧
અસંખ્ય પ્રદેશી ચિદ્ઘન વ્યકિત;
શકિત અનંતનો સ્વામી,
જ્ઞાતા જ્ઞેય અનંતનો સમયે;
નિર્વેદી નિષ્કામી. ચિદાનંદ૦ ૨
સદસત્ એકાનેક સ્વરૂપી;
શાશ્વત સુખ વિલાસી,
નિશ્ચય નિજ ગુણ ધ્યાન કર્યાથી;
નાઠી સકળ ઉદાસી. ચિદાનંદ૦ ૩
કેવલ જ્ઞાની નિજ ગુણ દાની;
આપો આપ પ્રકાશી,
પૂજયને પૂજક ધ્યેયને ધ્યાની;
શુદ્ધ ચરણ વિશ્વાસી. ચિદાનંદ૦ ૪
સહજ સ્વરૂપી રૂપારૂપી;
જલપંકજવત્ ન્યારા,
બુદ્ધિસાગર ઋદ્ધિ સિદ્ધિ;
શુદ્ધાનંદ અપારા. ચિદાનંદ૦ ૫

———

કાયા અને ચેતન ચર્ચા.

રાગ ધીરાના પદનો.

બોલે કાયા શાણીરે, ચેતન તમે ક્યાં વસિયા,
મારૂં મારૂં માનીરે, માયાવશ કેમ ફસિયા;
ચેતન તું મુસાફર જગમાં, વસિયો મારે ઘેર,
તું નહિ મારો હું નહિ તારો, માને શું મન લ્હેર;
ચેત ચેતન જ્ઞાનેરે, અન્તર અનુભવ રસિયા. બોલે૦ ૧
ચેતન હવે બોલેરે, વ્હાલી કાયા શું બોલે,
પ્રાણથકી પ્યારીરે, નહિ કોઇ તુજ તોલે;
ખવરાવું પીવરાવું તુજને, નવરાવું બહુ પેર,
હવા દવાથી તુજને પોષું, વસિયો ત્હારે ઘેર;
વસ્ત્રોથી શણગારૂં રે, મારે તું મુંધા બોલે. ચેતન૦ ૨
હરતાં ફરતાં તારી ખબરો, લઉં છું વારંવાર,
રંગ રસીલી અમરકાયા, તું છે પ્રાણાધાર;
બોલ નહિ ખોટું રે, મનમારૂં બહુ ડોલે. ચેતન૦ ૩
કાયા પાછી કહેતી રે, ચેતન હું તો નહિ ત્હારી;
તને હું નથી પરણીરે, હજી હું બાલકુંવારી;
હું તો જડ છું તું તો ચેતન, જૂદી જાણ સગાઈ;
હું તો રૂપી તુંહિ અરૂપી, સગપણની ન ભલાઇ,
તારી ન ત્રણ કાળેરે, કરૂં નહીં તુજ યારી. ચેતન૦ ૪
મારી મારી માની ચેતન, કર નહિ મારી સેવ,
તારાં મારાં લક્ષણ જૂદાં, શી પ્રીતિની ટેવ;
સમજ્યો ન સાચુંરે, ઉમર તેં પ્રેગટ હારી. કાયા૦ ૫
ચેતન હવે બોલેરે, કાયાનાં વેણ સંભારી,
કાયા છે તું તો ન્યારીરે, વાત હવે નિર્ધારી;

આજલગી હું મારી માની, કરતો તારી સેવ,
મોહ મદિરા ઘેને ઘેર્યો, સમજ્યો ન આતમ દેવ,
હવે હું સાચું સમજયોરે, ઉપયોગ દિલ ધારી. ચેતન૦ ૬
ભુંડી તારા માટે મેં તો, કીધાં ભારે પાપ,
ભોગવવાં તે મારે પડશે, એવી પ્રભુની છાપ;
હવે શું થાશે મારૂંરે, વાત ભૂલ્યો બહુ સારી. ચેતન૦ ૭
કાયા પાછી બોલેરે, ચેત તું ચેતન ભાવે,
મારાથી તું તો ન્યારોરે, ભૂલીશ નહિ પરભાવે;
મારામાંહિ વાસ કર્યો પણ, ધર તારો વિશ્વાસ,
આજ થકી મુરખ તું નાહક, બનીશ નહિ મુજ દાસ;
મોહના ધતીંગેરે, કદી નહિ સુખ થાવે, કાયા૦ ૮
ચેતન હવે જાગ્યોરે, કાયાનાં વેણ સંભારી,
ધ્યાવે રૂપ સાચુંરે, અંતરમાંહિ અવધારી;
છંડી કાયાની માયાને, ધ્યાવે આપોઆપ,
નિરાકાર નિઃસંગી નિર્મળ, કરતો અજપાજાપ;
અંતર સુખ ભોગીરે, થયો હવે જયકારી. ચેતન૦ ૯
કાયાની માયાથી અળગા, રહેવું ધારી ધ્યાન,
અલખ સ્વરૂપી આતમ દેવા, શક્તિથી ભગવાન;
બુદ્ધિસાગર ધ્યાનેરે, વાત સત્ય નિર્ધારી. ચેતન૦ ૧૦

આનન્દલહેર.

ધીરાના પદનો રાગ.

આનંદ લહેરો પ્રગટીરે, પરમરૂપ પરખાયું;
અંધારૂ દુર નાઠુંરે, સહજરૂપ નિર્ધાર્યું. આનંદ૦
અજપાજાપે રટના લાગી, ઝળકી રૂડી જ્યોત,

ઝરમર ઝરમર મેહુલા વરસે, થયો મહા ઉદ્યોત;
અંતરમાં ઉલટથીરે, મન મારૂ હરખાયું. આનંદ૦ ૧
અનુભવ દર્શન પ્રેમે કીધાં, ભ્રાન્તિ નાઠી દૂર,
સહજ સ્વરૂપે સ્થિરતા યોગે, સુખ પ્રગટ્યું ભરપૂર;
પરખીને હીરો લીધોરે, નિર્ભયપદ આયું. આનંદ૦ ૨
અલખ દેશમાં પ્રેમે ખેલું, નિશ્ચય આતમદેશ,
અસંખ્ય પ્રદેશે ક્ષાયિકભાવે, વસતાં લેશ ન કલેશ;
જ્ઞાનિયોની વાતો રે, જ્ઞાનથકી એ ગાયું. આનંદ૦ ૩
અનંતભવની ભાગી ભ્રમણા, ગુરૂ કૃપાએ ખાસ,
પાવે તે છુપાવે એવો, આવ્યો મન વિશ્વાસ;
અગમ જ્ઞાન મોટું રે, છુપે નહિ છુપાવ્યું આનંદ૦ ૪
ગુરૂ કૃપાથી ધ્યાને રહીને, રીઝવશુ જગનાથ,
ન બોલ્યામાં નવગુણું સમજી, રહીશું અનુભવ સાથ;
બુદ્ધિસાગર પ્રેમે રે, અનુભવ પદ પાયું. આનંદ૦ ૫

અવધૂતગાન.

મારી અન્તર ચક્ષુ પ્રકાશીરે, મનડું થયું રે ઉદાસી;
સૂર્યને ચંદ્ર બેઉ સાથ પ્રકાશે, પ્રગટી અન્તરમાંહિ કાશીરે. મનડું૦
સરસ્વતિ નદીમાં હું પ્રેમથકી ન્હાયો, હું તો થયો છું ગગન ગઢવાસીરે. મનડું૦ ૧
મેરૂના ઉપર ચઢી ગયો હું તો વેગે, પોતાને હું દઉં છું સાબાશીરે. મનડું૦
બુદ્ધિસાગર ગુરૂ જ્ઞાનીઓની વાતો, જેણે જાણી તેણે જાણી છે વિલાસી રે. મનડું૦ ૨

સામાયક સ્વાધ્યાય.

પ્રભુપડિમા પૂજીને પોસહ કરીએ રે—એ રાગ.

સમતાભાવે સામાયકમાં રહીએ રે,
સામાયિક યોગે શિવસુખ થાય છે;
સમભાવે રહેવાથી અનુભવ જાગેરે,
સ્થિરતાના યોગે તત્ત્વ જાણાય છે.
અંતરના ઉપયોગે ધર્મ ગ્રહાય છે,
ચંચળતા મનની દૂરે જાય છે;
વૈરાગ્યે ભાવ ભલો પરખાય છે,
ધન્ય ધન્ય રે સમતા ભાવ સુહાય છે. અંતર૦ ૧
ગુરૂમુખથી સામાયક ઉચ્ચરે શ્રાવક રે,
લાખ ચોરાશી જીવ યોનિને ખમાવતો;
દશ મનના દશ વચનના દ્વાદશ કાયારે,
બત્રીશ દોષો ટાળી આતમ ભાવતો. અંતર૦ ૨
પિંડસ્થાદિક ચાર ધ્યાનને વરીએ રે,
વરીએ રે ધર્મ શુક્લ બે ધ્યાનને;
આર્ત રૌદ્ર બે ધ્યાન બુરાં પરિહરીએ રે,
તજીએ રે માયા મમતા માનને. અંતર૦ ૩
ધર્મ ગ્રન્થને ભણીએ ગણીએ ભાવે રે,
વિકથાની વાતો લેશ ન કીજીએ;
દ્રવ્ય ગુણ પર્યાયે વસ્તુ વિચારી રે,
વસ્તુસ્વભાવ ધર્મ ગ્રહીને રીઝીએ. અંતર૦ ૪
સ્થિર ઉપયોગે ધ્યાન સમાધિ વરીએ રે,
ઝળકેરે જ્યોતિ આતમરામની;

શ્વાસોશ્વાસે અજપા જાપે સ્મરીએ રે,
વાટેરે ચાલો અવિચળ ધામની. અંતર૦ ૫
આત્મજ્ઞાનથી સત્ય સમાધિ પામોરે;
વામોરે રાગ દ્વેષ બે દોષને,
મૈત્રી પ્રમોદ કરુણા માધ્યસ્થ વિચારો રે;
ધારોરે નિરૂપાધિ સુખ પોષને. અંતર૦ ૬
નય નિક્ષેપે સામાયકને સમજી રે;
કીજીએ સામાયક શિવવેલડી,
સમતામૃતભોજનથી પ્રગટે શાન્તિરે;
સમતાની આગેરે શું છે શેલડી. અંતર૦ ૭
સિદ્ધ સમા સમતાથી સર્વે જીવોરે;
ભટકેરે કર્મથકી સંસારમાં,
કર્મ દોષ ત્યાં જાણી જીવ ખમાવોરે;
સમતાનો લ્હાવોરે મનુ અવતારમાં. અંતર૦ ૮
જાગ જાગ ચેતન તું સામાયકમાં રે;
મુંઝીશ નહિ મુસાફર માયાજાળમાં,
બુદ્ધિસાગર સામાયક ઉપયોગે રે;
ગાળોને જીવન સાહુ કલ્યાણમાં અંતર૦ ૯

આત્મજ્યોતિ.

ધીરાનો રાગ.

જાગી ઝળહળ જ્યોતિરે, શોધી લીધું સત્ય મોતિ;
ખલકમાં અલખનેરે, કાઢયો અંતો ઝટ ગોતી. જાગી૦ ટેક
અનંત જ્ઞાની અસંખ્ય પ્રદેશી, ચિદાનંદ ઘનરાય,
અનુભવ નયણે નીરખી નેહે, બીજાને ન કહાય;

કુમતિ તો નાઠીરે, આઘે જઇ બહુ રોતી. જાગી૦ ૧
પ્રેમ કરીને પ્રેમી પરખ્યો, પરખ્યો આપોઆપ,
પંચભૂતથી ન્યારો નક્કી, સમિયા સહુ સંતાપ;
ભ્રમણાની ખોટીરે, ઉતરી છે પનોતી. જાગી૦ ૨
વીજકે ઝબૂકે મોતિ પરોઈ લે હુંશિયાર,
શુદ્ધ ચેતના ક્ષયોપશમની, વીજળી ચમકે સાર;
બુદ્ધિસાગર જ્ઞાનેરે, લોકાલોક વિદ્યોતિ. જાગી૦ ૩

દેહમાં દીવો.

રાગ ધીરાના પદનો.

દેહમાં છે દીવોરે, ઝળહળ જ્યોત કરનારો,
અનાદિ પ્રકાશીરે, અજ્ઞાન તમ હરનારો. ટેક.
અસંખ્ય પ્રદેશી નિત્ય સ્વરૂપી, અનંત ગુણ આધાર,
સહજાનંદી શત્રુંજય છે, દેહ પિંડ કરનાર;
જોગીનો પણ તે જોગીરે, તારે ને પોતે તરનારો. દેહ૦ ૧
અનંત નામ ધરીને ધ્યાવે, દુનિયાં જેને ખાસ;
સર્વ વિષે ને સહુથી અળગો, લોકાલોક પ્રકાશ,
એવો ઇશ પોતેરે ક્ષાયિકભાવ વરનારો દેહમાં૦ ૨
પિંડમાં પિંડમાં અનંત વ્યક્તિ, ચિદ્ઘન ચેતન રાય;
ક્ષીર નીરની પેઠે વ્યાપ્યો, યોગીશ્વર દિલ ધ્યાયં,
પ્રેમીનો પણ તે પ્રેમીરે, અનેક દુઃખ હરનારો. દેહમાં૦ ૩
દિલમાં ધ્યાવો દેહે વસીયો, જ્ઞાતા જ્ઞેય સ્વરૂપ;
બુદ્ધિસાગર ચિદ્ઘન ચેતન, વર્તે રૂપારૂપ,
અનાદિનો યોગીરે, પ્રગટપણે યોગી ખરો. દેહમાં૦ ૪

પ્રભુસ્વરૂપ.

ધીરાના પદનો રાગ.

પ્રભુનું રૂપ પેખીરે, સાતધાત રંગાણી;
પ્રભુનું રૂપ ન્યારૂરે, જાણે પ્રેમ મસ્તાની. ટેક.
અસંખ્ય પ્રદેશી નિર્ભય દેશી, રૂપારૂપ સુહાય,
સાકાર સાચો નિરાકાર પણ, અનુભવથી એ જણાય;
પ્રભુની શકિત સાચીરે, લીધી ધ્યાન થકી તાણી. પ્રભુ૦ ૧
કાલ અનાદિ દેહ સૃષ્ટિનો, કર્તા પર પ્રયોગ,
અનંત નિજગુણ સૃષ્ટિ કર્તા, ચેતન શુદ્ધ પ્રયોગ;
બુદ્ધિસાગર પ્રેમેરે, પ્રભુની વાત પરખાણી. પ્રભુ૦ ૨

ઝળહળ જ્યોતિઃ

રાગ ધીરાના પદનો.

ઝળહળ જ્યોતિ જાગીરે, ગગન ગઢ ઠેરાણી;
અલબેલાને પરખ્યોરે, જ્યોતિમાં જ્યોતિ સમાણિ. ટેક.
કેવળ કુંભક પ્રાણાયામે, કરી શકિત ઉત્થાન,
અવઘટઘાટે અવળીવાટે, કીધું અમૃત પાન;
પાશ્ચમદ્વાર ખોલ્યુંરે, રહી ન વાત કાંઇ છાની. ઝળહળ૦ ૧
શ્રીપુટીથી બ્રહ્મરંધ્રનો, કીધો મારગ શુદ્ધ,
સુરતા સાધી ત્રાટક યોગે, બનીઓ ચેતન બુદ્ધ;
અનહદ નાદેરે, ખેલ ખેલે મસ્તાની. ઝળહળ૦ ૨
ગુરૂ કૃપાથી યુક્તિ પામે, તે ભેદ પટ્ચક્ર,

આપમતિથી ખત્તા ખાવે, બનતો ચેતન વક્ર;
ગુરૂગમ જ્ઞાનેરે, શિવપદ લ્યો તાણી. ઝળહળ૦ ૩
પોતાને પોતે દેખે તે, યોગી સત્ય ગણાય;
હલકો નહિ ભારે મન સમજો, અજરામર કહેવાય;
અનંત શકિત સ્વામીરે, ભેટયો અનંત જ્ઞાની. ઝળહળ૦ ૪
પોથાં થોથાં વાંચો લાખો, કાંઇ ન આવે હાથ,
તર્ક વિચારે કેઇક ભૂલ્યા, પામ્યા ન ત્રિભુવનનાથ;
દીવાથી દીવો થાશેરે, સત્ય વાત સમજાણી. ઝળહળ૦ ૫
મનુષ્યભવમાં થાશો નક્કી, ઇશ્વર આપોઆપ;
બુદ્ધિસાગર ઘટમાં શોધો, જપતો અજપાજાપ.
કોઈક જીવ સમજેરે, શ્રદ્ધાથી ગુરૂવાણી.
ઝળહળ જ્યોત જાગીરે, ગગન ગઢ઼ઠેરાણી;
અલબેલાને પરખ્યોરે, જ્યોતિમાં જ્યોતિ સમાણી. ઝળ૦ ૬.

ઓમ્કાર સ્તુતિઃ

છપ્પય છંદ ચાલ.

ઓમ્ નમઃ મંગલ સુખકારી જગ જયકારી,
ઓમ્ નમઃ મંગલપદની, જગમાં બલિહારી;
ઓમ્ નમઃ અજરામર, અનંત શકિત વિલાસી,
ઓમ્ નમઃ પરમેશ્વર, શકિત સત્ય પ્રકાશી.
ઓમ્કાર ધ્યાને આત્મ શકિત, પ્રગટતી જગમાં ખરી,
બુદ્ધિસાગર પ્રણવ મંગલ, ધ્યાનથી સિદ્ધિ વરી. ૧
અગમ નિગમનો સાર, પ્રણવ ઓમ્કાર વિચારો,
પરબ્રહ્મની શકિત, ખીલવવા મનમાં ધારો;

ચિત્ત દોષનો નાશ, કરે છે જાપ કર્યાથી,
સાત્વિક શક્તિ પ્રગટાવે છે ધ્યાન ધર્યાથી.
અલખ અગોચર રુપ, વરવા પ્રણુવ સાચો મંત્ર છે,
બુદ્ધિસાગર સત્ય નિર્ભય, દેશ વરવા યંત્ર છે. ૨

સમ્યગ્ લહી વાચ્યાર્થ, હૃદયમાં રટના ધારો,
અનંત કર્મ કટાય, પ્રણુવથી ચિત્ત વિચારો;
સાલંબન છે ધ્યાન, પ્રણુવનું શાસ્ત્રે ભાખ્યું,
ધરી પ્રણુવનું ધ્યાન, યોગિયોએ સુખ ચાખ્યું;
ૐકાર મંગલ આદ્ય છે, જગ શ્વાસોશ્વાસે ધ્યાઇએ,
બુદ્ધિસાગર શિવ સનાતન સિદ્ધ લીલા પાઇએ ૩

હૃદયકમલમાં પ્રણુવ, સ્થાપના પ્રેમે કરીયે,
કોટી ભવનાં પાપ, ઘડીમાં ક્ષણુમાં હરીએ;
પ્રગટે લબ્ધિ ચિત્ર, વચનની સિદ્ધિ થાવે,
અન્તર ત્રાટક સિદ્ધ કરે તે સ્થિરતા પાવે.
આત્મશક્તિ ખીલવવાને, ૐકાર અર્થ વિવેક છે,
બુદ્ધિસાગર પ્રણુવ મંગલ, ધ્યાન સાચો ટેક છે. ૪

આનંદ અપરંપાર હૃદયમાં ઝળકે જ્યોતિ,
અસંખ્યપ્રદેશી ચિદ્ઘન ચેતન પરખે મોતી;
નાસે માયા દૂર હૃદયમાં બ્રહ્મ પ્રકાશે,
પરમ ભાવની ધ્યાન, દશામાં હંસ વિકાસે;
પ્રેમમશાલા દીલપ્યાલા બ્રહ્મઅમૃત પીજીએ,
બુદ્ધિસાગર બ્રહ્મલીલા, પામી નિશદિન રીજીએ. ૫
પ્રણુવમંત્રથી નિંદા, વિકથા દોષ ટળે છે,
પ્રણુવમંત્રથી અષ્ટ, સિદ્ધિઓ તૂર્ત મળે છે;
પ્રણુવમંત્રથી સંયમ, શક્ત પ્રગટે સારી,
પ્રણુવમંત્રથી ઝળહળ, જ્યોતિ જગજયકારી,

પ્રણવમંત્રથી ૐકારમાં દિલમાં ધ્યાતાં સુખ ભાસતું;
બુદ્ધિસાગર પ્રણવમંત્રે સત્યે તત્ત્વ પ્રકાશતું. ૬
નાભિકમલમાં પ્રણવ, મંત્રને પ્રેમે સ્થાપો;
સ્થિરતા અંતર્મુહૂર્ત, થવાથી ટળે બળાપો;
અખંડ જ્યોતિ ઝળકે, જળહળ સ્ફુરતા સાધે,
વરસે સમતા નૂર, આત્મની શક્તિ વાધે;
અખંડ સ્થિર ઉપયોગમાંહિ, ચૈતન્ય શક્તિ દિનમણિ
બુદ્ધિસાગર અનુભવે ત્યાં, દેહ સ્વામી જગધણી. ૭
નાભિકમળમાં અસંખ્યપ્રદેશી ચેતન ધ્યાવો,
ચિદાનંદ ભગવાન, દર્શને ભાવે ભાવો;
રુચક પ્રદેશો અષ્ટ, સિદ્ધ સમ નિર્મળ સારા,
અષ્ટ સિદ્ધિ દાતાર, ધરો મનમાં સુખકારા.
આત્મસિદ્ધિ પ્રાપ્ત કરવા, ૐકાર મનમાં ધ્યાઇએ,
બુદ્ધિસાગર પ્રણવમંત્રે, સિદ્ધલીલા પાઇએ. ૮
અગમ્ય શબ્દાતીત, પ્રણવથી સહેજે મળશે,
રજસ્ તમો ગુણ દોષ, પ્રણવથી સહેજે ટળશે;
સાત્ત્વિક ગુણની વૃદ્ધિ, પરંપર શાશ્વત લીલા,
નિર્ભય શુદ્ધ સ્વરૂપ, રંગમાં ભવ્ય રસીલા.
દેવ દાનવ ભૂત કોડી, પ્રણવથી પાયે પડે,
બુદ્ધિસાગર અકલ નિરંજન, તત્ત્વ મૌક્તિક કર ચડે ૯
પ્રણવમંત્રના અર્થથકી ચેતનને ધ્યાવો,
પામી નરભવ દુર્લભ, લેશો આત્મિક લ્હાવો;
પરમ દશા ભગવાન્, ખરેખર ચેતન પરખો,
પ્રણવમંત્રથી ચેતન, ધ્યાને મનમાં હરખો,
પરમ ઈશ્વર પ્રાપ્ત કરવા, પ્રણવ સાચો ધ્યાઇએ;
બુદ્ધિસાગર ધ્યાન લીલા પ્રણવમંત્રે પાઇએ. ૧૦

હૃદય કમલમાં પ્રણવમંત્રને પ્રેમે સ્થાપો,
નિજગુણ શકિત ખીલવી, નિજને સહેજે આપો;
વિષય વિકારો ત્યાગ, કરી અંતર ગુણ ધારો,
નિર્વિકલ્પ ઉપયોગ, ધરી ચેતનને તારો;
આત્મજીવન ઉચ્ચ કરવા, પ્રણવ સત્યોપાય છે,
બુદ્ધિસાગર પ્રણવમંત્રે, સહજ લીલા થાય છે. ૧૧

પ્રણવમંત્રથી ચિત્તતણા સહુ દોષ ટળે છે,
પ્રણવમંત્રથી સાત્વિક ગુણમાં ચિત્ત મળે છે;
પ્રણવમંત્રથી સંયમની પ્રગટે છે સિદ્ધિ,
પ્રણવમંત્રથી આત્યંતિક સુખની છે ઋદ્ધિ;
પ્રણવમંત્રે સ્વપ્ન નિર્મલ, દેવ દર્શન થાય છે,
મોહમંથી ભેદ થાતાં, શક્તિ ઝટ પરખાય છે. ૧૨

હૃદયકમળમાં સ્થિરોપયોગે ધ્યાન ખુમારી,
હૃદયકમળમાં સ્થિરોપયોગે શિવ તૈયારી;
હૃદયકમળમાં સ્થિરતા સાધી શિવપદ લીજે,
પ્રણવમંત્રને હૃદયકમળમાં નિત્ય વહીજે;
અસંખ્યપ્રદેશી આત્મદર્શન કીજીએ પ્રેમે સદા,
બુદ્ધિસાગર આત્મદર્શન સ્થિરોપયોગે છે મુદા. ૧૩

પશ્યંતિ પ્રગટે છે ત્રાટક યોગે સાચી,
હૃદય કમળમાં ધ્યાન ધરીને રહેશો રાચી;
શુદ્ધ વિચારો પરાતણા પણ પ્રગટે સાચા,
પશ્યંતિ પ્રગટયાથી નિર્મલ સાચી વાચા,
અસંખ્યપ્રદેશી ધ્યાવવાથી પશ્યંતિ વિકસે ખરી,
બુદ્ધિસાગર પરા પશ્યંતિ યુક્તિ ઝટ દિલમાં ધરી. ૧૪

પરા પશ્યંતિમાં તો પ્રભુનું રૂપ જણાતું,
અનુભવથી યોગીશ્વર વચને સત્ય પ્રમાણું;

શુદ્ધ સ્વભાવે આત્મિક દર્શન તુર્ત પમાતું,
આત્મિકભાવે અનંત સુખ તો દિલમાં થાતું;
સહજ ચેતન ધ્યાન કરવા પ્રણવ પ્રથમોપાય છે,
બુદ્ધિસાગર સહજ ઋદ્ધિ પ્રણવમંત્રે થાય છે. ૧૫
પરમેષ્ટિ આદ્યાક્ષરથી ઓંકાર ભણ્યો છે,
સર્વમંત્રમાં આદ્યમંત્ર ઓંકાર ગણ્યો છે;
સર્વ મંત્રમાં પ્રણવમંત્ર છે શિવ સુખકારી,
આપેક્ષિક જીન વચનો સમજો નરને નારી;
પ્રણવમંત્રે સત્વશક્તિજ પ્રગટતી દિલમાં ખરી,
બુદ્ધિસાગર પ્રણવમંત્રે, શાંતતા મનમાં વરી. ૧૬
પ્રણવમંત્રમાં સર્વ, મંત્રનો સાર સમાતો,
પ્રણવમંત્રનો મહિમા, જગમાં બહુ વખણાતો;
પ્રણવમંત્રને જગમાં મુનિવર પ્રેમે સાધે;
પ્રણવમંત્રથી સર્વસમો, મહિમા જગ વાધે;
કંઠચક્રમાં પ્રણવમંત્રે, વચનસિદ્ધિ થાય છે,
ટળે પિપાસા પ્રણવમંત્રે કંઠ સંયમ થાય છે. ૧૭
ત્રિપુટીમાં પ્રણવમંત્રનું ધ્યાનજ સાચું,
તંદ્રાવસ્થા જયકારી ઓંકારે રાચું;
પ્રણવમંત્રે દર્શન, આપે અનેક દેવો,
સાલંબન ઓંકાર, મંત્રને પ્રેમે સેવો;
સાલંબન ઓંકારમંત્રે દેવ દર્શન થાય છે,
બુદ્ધિસાગર પ્રણવમંત્રે સત્ય શાંતિ પમાય છે. ૧૮
દર્શન આચ્છાદન ટળતું ઓંકાર પ્રભાવે,
ત્રિપુટીમાં પ્રણવમંત્રથી જ્ઞાની ગાવે;
ત્રિપુટીમાં સાલંબન સંયમની રીતી,
મન વશ કરવા માટે સાલંબનની નીતિ;

ત્રિપુટીમાં પ્રણવમંત્રથી દોષ સઘળા ઝટ ટળે,
બુદ્ધિસાગર પ્રણવમંત્રે ઇચ્છીએ તે ઝટ મળે. ૧૯
બ્રહ્મરંધ્રમાં પ્રણવમંત્રને પ્રેમે સ્થાપો,
બ્રહ્મરંધ્રમાં પ્રણવ મંત્રના કરીએ જાપો;
બ્રહ્મરંધ્રમાં પરમ સમાધિ મંગલકારી.
ઉપાદાન નિમિત્ત હેતુતા પુષ્ટ ધનારી,
પ્રણવમંત્રના ધ્યાન યોગેજ લબ્ધિ ઋદ્ધિ પ્રગટતી;
બુદ્ધિસાગર ગુરૂકૃપાથી પ્રણવમંત્રે છે ગતિ. ૨૦
ગુરૂ કૃપાથી પ્રણવમંત્રની સિદ્ધિ થાવે,
ગુરૂ કૃપાથી સર્વ સિદ્ધિયો પ્રાણી પાવે.
સુગુરા જનને પ્રણવમંત્ર તો તુર્ત ફળે છે;
સુગુરા જનને પ્રણવમંત્રનું સાર મળે છે.
પ્રણવમંત્રનો સત્ય મહિમા માણસા આવી રચ્યો;
સુખાબ્ધિ ગુરૂના પ્રતાપે બુદ્ધિસાગર મન પચ્યો. ૨૧

આત્મસત્તાગાન.

નિશાની કહા વતાવુંરે-એ રાગ.

ચિદાનંદ શુદ્ધ સ્વરૂપીરે, અસંખ્ય પ્રદેશાધાર. ચિદાનંદ૦
રૂપારૂપી તું પ્રભુરે, નિત્યાનિત્ય વિચાર;
અસ્તિ નાસ્તિમય તું પ્રભુરે, એક અનેકાધાર. ચિદાનંદ૦ ૧
સચ્ચિદાનંદ તું સદારે, અજરામર સુખકાર;
સિદ્ધ સનાતન શાશ્વતોરે, શુદ્ધ પર્યાયાધાર. ચિદાનંદ૦ ૨

કાળ અનાદિ અશુદ્ધતારે, તેનો તું હરનાર;
આતમજ્ઞાન ધ્યાને પ્રભુરે, આપો આપ તરનાર. ચિદાનંદ૦ ૩
અકળ અચળ નિર્મલ પ્રભુરે, ચેતન તું ભગવાન;
નિરૂપાધિ પદ પામવારે, કર તું નિર્મલ ધ્યાન. ચિદાનંદ૦ ૪
આત્મિક પરિણતિ ધ્યાવતાંરે, આત્મિક ગુણ પ્રગટાય;
ઉપશમાદિ ધર્મેતોરે, વ્યક્તિમાત્ર ઝટ થાય. ચિદાનંદ૦ ૫
નિર્ભય નિત્ય સ્વરૂપમાંરે, આનંદ અપરંપાર;
બુદ્ધિસાગર ધ્યાનથીરે, મંગળ શર્મ ધનાર. ચિદાનંદ૦ ૬

નવધાક્રિયા ભક્તિ.

દુહા.

વર્દ્ધમાન જિનવર નમું, ચોવીસમા સુખકાર,
શાસન યતિનતિપતિ નમું, ક્ષાયિક ગુણ ધરનાર. ૧
સદ્ગુરૂ પદપંકજ નમી, ગાશું ભક્તિ સ્વરૂપ;
નવધા ભક્તિ દશાની, કરતાં વિઘટે ધૂપ. ૨
નવધા ભક્તિ જે કરે, એક ચિત્તથી નિત્ય,
પરમમહોદયપદ વરી, હોવે શુદ્ધ પવિત્ર. ૩

અથ ચેતનસ્વાધ્યાય.

રાગ કેદારો.

ચેતના લક્ષણ ચેતન પરખો, પરમાનન્દ સ્વરૂપી;
જડથી ન્યારો નિજગુણ ભોગી, નિર્ભય રૂપારૂપીરે. ચેતના૦ ૧
બાહ્ય વિભાવ દશાથકી ન્યારો, જૂઠી જગત્ જડ બાજીરે;
ઉદયાગત ભાવે જડ સંગી, રહીએ શું તેમાં રાજીરે. ચેતના૦ ૨

દેહ દેવલમાં ત્રિભુવન સ્વામી, ઔદયિક યોગે ફસીયોરે;
મિથ્યા પરિણતિ ભિન્ન વિચારી, બાહ્યદશાથી ખસિયોરે. ચેતના૦ ૩
જાગજાગ ઝટ ચેતન પ્યારા, વીર્યોલ્લાસ વધારીરે;
પર પરિણમતા દૂર નિવારી, ધ્યાનદશા અવધારીરે. ચેતના૦ ૪
હું જડનો જડ મારૂ એ ભૂલી, તત્વ રમણ લય લાવીરે;
અનુભવ આનંદ ભોગવજે જીવ, કુમતિ દૂર હઠાવીરે. ચેતના૦ ૫
અનુભવ પ્યાલા પી તું વ્હાલા, ત્યાગી પુદ્ગલ ચાળારે;
બુદ્ધિસાગર ધ્યાન ખુમારી, યોગે મંગળમાળારે. ચેતના૦ ૬

સહજાનંદસ્વાધ્યાય.

રાગ કેદારો.

ચિદ્ઘન ચેતન નિર્ભય દેશી, વ્યક્તિ અસંખ્ય પ્રદેશીરે;
જાતિ વચનને લિંગથી ન્યારો, રાગી નહિ ને દ્વેષીરે. ચિદ્૦ ૧
આતમસ્વભાવે સદા જે પ્રકાશી. સત્યાનંદ વિલાસીરે;
પ્રતિપ્રદેશે સુખ અનંતું, શુદ્ધ રમણતા વાસીરે. ચિદ્૦ ૨
જડતા ભાવે ચેતન મુંઝયો, પરમબ્રહ્મ નહિ બુઝયોરે;
તેથી બાહ્યરમણતા ખુંચ્યો, પરમભાવ નહિ સુઝયોરે. ચિદ્૦ ૩
કેવલજ્ઞાનને કેવલ દર્શન, ક્ષાયિક સુખ ગુણ ભરિયોરે;
આવિર્ભાવે ગુણગણ દરિયો, જાણે તે જીવ તરિયોરે. ચિદ્૦ ૪
સત્તાએ તું સિદ્ધ સમોવડ, પ્રગટપણે હવે થાતુંરે;
બુદ્ધિસાગર બ્રહ્મદશામાં, કાંઇ ન થા તું ન જા તુંરે. ચિદ્૦ ૫

પરમબોધસ્વાધ્યાય.

શ્રીરે સિદ્ધાચલ ભેટવા-એ રાગ.

શક્તિ અનંતિ જીવમાં, સત્તાએ જ ધારો;
વ્યક્તિભાવ તેનો કરો, પામો ભવપારો. શક્તિ૦ ૧
પુદ્ગલ શક્તિથી ભિન્ન છે, શુદ્ધ ચેતન શક્તિ;
આપસ્વભાવે રમણતા, કરતાં હોય વ્યક્તિ. શક્તિ૦ ૨
દીનભાવ દૂરે કરી, પરમાતમ ભાદો;
આપોઆપ પ્રકાશતો, નાહ કોઇનો દાવો. શક્તિ૦ ૩
આપ આપમાં પરિણમે, ઉચ્ચ જીવન વૃદ્ધિ;
સહજી શુદ્ધસ્વભાવથી, લહે આનંદ ઋદ્ધિ. શક્તિ૦ ૪.
પર પરિણામે બંધ છે, શુદ્ધ ઉપયોગે મુક્તિ,
આપ બંધાતો છૂટતો, સત્ય ગુરૂગમ યુક્તિ. શક્તિ૦ ૫
લાગી તાળી ધ્યાનની, જ્યોતિ અંતર જાગી;
બુદ્ધિસાગર બ્રહ્મમાં, લય લીનતા લાગી. શક્તિ૦ ૬

આત્મઋદ્ધિ સ્વાધ્યાય.

શ્રીરે સિધ્ધાચલ ભેટવા. એ રાગ.

જે જોઇએ તે આતમમાં, બાકી બાહ્યમાં ભ્રાન્તિ;
બાહ્ય દશામાં દોડતાં, કદી હોય ન શાન્તિ. જે૦ ૧
જે જાગ્યા નિજ ભાવમાં, પામ્યા ક્ષાયિક દેવા;
ઔપશમાદિક ભાવથી, સાચી પ્રભુ સેવા. જે૦ ૨

અષ્ટ સિદ્ધિ નવઋદ્ધિયો, નિજ ઘટમાંહિ છાજે;
પ્રગટપણે શુદ્ધ ચેતના શુદ્ધ ચેતન ગાજે. જે૦ ૩
મંગલનો મંગલ પ્રભુ, શુદ્ધ ચેતન દીવો;
સહજ સ્વરૂપી ચેતના, ધ્યાનામૃત પીવો. જે૦ ૪
લવણની પૂતળી જલધિમાં ત્યાગ લેતાં સમાણી;
પરમાનંદ શું વર્ણવે, તેમ વૈખરી વાણી. જે૦ ૫
ઉગ્યો દિનમણિ જળહળે, રહે નહિ જગ છાનો;
બુદ્ધિસાગર અનુભવે, પરમાત્મા મજાનો. જે૦ ૬

જીવજાગૃતિ સ્વાધ્યાય.

જાગ જાગ અરે જીવડા, મોહમાયા ત્યાગી;
સાચા ચેતન ધર્મનો, થાજે ચિત્તરાગી. ૧
કાલ અનાદિ મોહથી, ભવમાં ભટકાયો,
પરમાનન્દ ન પારખ્યો, જ્યાં ત્યાં ખૂબ દાદો. જાગ૦ ૨
પરમાનંદ સ્વભાવ છે, શુદ્ધ ચેતન ધર્મ;
જ્ઞાનત્રયી નિજ ધર્મ છે, સિદ્ધ શાશ્વત શર્મ. જાગ૦ ૩
શુદ્ધ રમણતા યોગથી, શાશ્વત સુખ ભોગી;
બુદ્ધિસાગર જાગનો, સમતાગુણ યોગી. જાગ૦ ૪

શાન્તિ: શાન્તિ: શાન્તિ:
